અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૫ જૂન ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, જેઠ વદ અમાસ | અંક : ૩૫૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# અમેરિકા-યુરોપ સાથે ડીલ થશે તો ભારતના ૧૭૨ લાખ કરોડના નિકાસનું લક્ષ્ય પૂરું થશે : નાણામંત્રી નિર્મલા સીતારમણ

### અમેરિકા અને યુરોપિયન યુનિયન સાથે વાતચીત થઈ રહી છે જેને ટૂંકસમયમાં અંતિમ સ્વરૂપ આપવામાં આવશે જેનો લાભ ભારત, યુરોપ, અને અમેરિકાને મળશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

નાણામંત્રી નિર્મલા સીતારમણે અમેરિકા અને યુરોપિયન યુનિયન સાથે પ્રસ્તાવિત મુક્ત વેપાર કરાર (ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ) પર થઈ રહેલી ચર્ચાઓ સકારાત્મક રૂપે આગળ વધી રહી હોવાનું જણાવ્યું છે.

તેમજ ટૂંકસમયમાં તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે તેમ પણ જણાવ્યું છે. જો અમેરિકા અને યુરોપિયન યુનિયન સાથે આ ડીલ થઈ તો ભારતને ૨૦૩૦ સુધી ૨ લાખ કરોડ ડોલર અર્થાત રૂ. ૧૭૨ લાખ કરોડનો નિકાસ લક્ષ્યાંક હાંસલ કરવામાં મદદ મળશે. આ ડીલ માટે ભારત તરફથી તમામ સંભવિત પ્રયાસ થઈ રહ્યા હોવાનું નાણામંત્રીએ જણાવ્યું છે.

નાણામંત્રીએ જણાવ્યું હતું કે, ભારતે પહેલાંથી જ યુએઈ, ઓસ્ટ્રેલિયા સહિત ચાર દેશો સાથે EFTA (યુરોપિયન ફ્રી ટ્રેડ યુનિયન) બ્લૉક સાથે મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર



કર્યો છે. બ્રિટન સાથે આ મુદ્દે ચર્ચાઓ પૂરી થઈ છે. અમેરિકા અને યુરોપિયન યુનિયન સાથે વાતચીત થઈ રહી છે. જેને ટૂંકસમયમાં અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. જેનો લાભ ભારત, યુરોપ, અને અમેરિકાને મળશે.નાણામંત્રીએ EXIM બેન્ક દ્વારા આયોજિત એક સંમેલનમાં આ અંગે જણાવ્યું હતું કે, હવે મોટાભાગના લોકો મુક્ત વેપાર કરાર પર ભાર મૂકી રહ્યા છે. ૨૦૨૪-૨૫માં ગુડ્સ એન્ડ સર્વિસિઝની કુલ નિકાસ ૮૨૫ અબજ ડોલરના રેકોર્ડ સ્તરે પહોંચી હતી. જે ૨૦૨૩-૨૪ની તુલનાએ ૬ ટકા વધુ છે. ભારત વિવિધ દેશો સાથે મુક્ત વેપાર કરાર કરવા ચર્ચાઓ કરી રહ્યું છે. યુએઈ, ઓસ્ટ્રેલિયા, સિંગાપોર, મોરિશિયસ, સાઉથ કોરિયા, જાપાન સહિતના દેશો સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ ધરાવે છે.વૈશ્વિક નિકાસમાં માત્ર ૪ ટકા ગ્રોથ જોવા મળ્યો છે. જ્યારે વૈશ્વિક પડકારો વચ્ચે ભારતની નિકાસ ૬.૩ ટકાના દરે વધી છે.

નાણા મંત્રીએ નિકાસકારોને સંભવિત તમામ મદદ કરવાનું વચન આપતાં ઈનોવેશન પર ધ્યાન કેન્દ્રિત કરવા જણાવ્યું છે. તેમજ પ્રોડક્ટ્સ માટે નવા બજારની તકો શોધવા પણ કહ્યું છે. નાણા સચિવ એમ. નાગરાજુએ જણાવ્યું હતું કે, વૈશ્વિક અર્થવ્યવસ્થા જિઓ-પોલિટિકલ પડકારોનો સામનો કરી રહ્યું હોવા છતાં ભારતમાં આર્થિક ગ્રોથની સંભાવનાઓ જોવા મળી છે. વિશ્વમાં ભારત પ્રત્યે આશાનું કિરણ જોવા મળ્યું છે. વિવિધ રેટિંગ એજન્સીઓએ ભારતનો ચાલુ નાણાકીય વર્ષ માટેનો જીડીપી ગ્રોથ અંદાજ વધાર્યો છે.

મેડિકલ, ડાયમંડ અને જ્વેલરી સેક્ટરમાં નિકાસ સતત વધી રહી છે. જેમાં નાણા મંત્રાલય નીતિ, યોજનાઓ અને નાણાકીય સહાયતાના માધ્યમથી સમર્થન આપવા પ્રતિબદ્ધ હોવાનું જણાવતાં નિર્મલા સીતારમણે આગળ કહ્યું કે, અમારી નાણાકીય પ્રણાલીઓ પર્યાપ્ત મૂડી અને ઓછી એનપીએ સાથે મજબૂત બની રહી છે. જેનાથી ભારતની નાણાકીય જરૂરિયાતોને મજબૂત સમર્થન મળ્યું છે.

## ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ ક્રિકેટર દિલીપ દોશીનું નિધન

। નવી દિલ્હી, તા.૨૪ ।

ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ ક્રિકેટર દિલીપ દોશીનું આજે દુઃખદ નિધન થયું છે. ૭૭ વર્ષની ઉંમરે દિલીપ દોશીનું નિધન થયું અને લંડનમાં તેમણે અંતિમ શ્વાસ લીધા છે. તેમનું નિધન હાર્ટ એટેકથી થયું હોવાની માહિતી સામે આવી છે. તેમને સંતાનમાં એક પુત્ર અને પુત્રી છે જેમાં પુત્રનું નામ નયન અને પુત્રીનું નામ વિશાખા છે. તેમના નિધનને લઈને હાલ તેમના પરિવારમાં પણ શોકનો માહોલ છવાઈ ગયો છે. આપને જણાવી દઈએ કે ક્રિકેટર દિલીપ દોશીનો જન્મ ગુજરાતના રાજકોટ જિલ્લામાં થયો હતો. ભારત માટે તેમણે ૩૩ ટેસ્ટ મેચ અને ૧૫ વન ડે મેચ રમી હતી. જેમાં ૧૯૭૯ થી લઈને ૧૯૮૩ દરમિયાન તેઓ ભારત માટે રમ્યા હતા અને તે સમયે તેમની મોટા પ્રમાણમાં ફેન ફોલોઈંગ પણ રહી હતી. ૨૨ ડિસેમ્બર, ૧૯૪૭ના રોજ જન્મેલા દિલીપ રસિકલાલ દોશી બંગાળના ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર છે, જોકે તેમના મૂળ ગુજરાતમાં છે. ૨૨ડિસેમ્બર, ૧૯૯૪૭ ના રોજ જન્મેલા દિલીપ રસિકલાલ દોશી મૂળ ગુજરાતના ક્રિકેટર હતા. દોશી એવા ચાર ટેસ્ટ બોલરોમાંના એક છે જેમણે ત્રીસ વર્ષની ઉંમર પછી ડેબ્યૂ કર્યું અને ૧૦૦ થી વધુ વિકેટ લીધી. અન્ય ત્રણ બોલરોમાં ક્લેરી ગ્રિમેટ, સઈદ અજમલ અને રાયન હેરિસનો સમાવેશ થાય છે.

### ગઇકાલે જ ઈરાને કર્યો હતો અમેરિકાના બેઝ પર હુમલો

## ઈરાન અને ઈઝરાયલ વચ્ચે સીઝફાયર થયાની ડોનાલ્ડ ટ્રમ્પે કરી જાહેરાત

### ઈરાનને પરમાણુ હથિયારો બનવવાથી રોકવા માટે સૌથી પહેલા ઈઝરાયલે ઈરાનના પરમાણુ ઠેકાણા પર હુમલા કર્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

૧૨ દિવસના ભીષણ યુદ્ધ બાદ ઈરાન અને ઈઝરાયલ સીઝફાયર માટે સહમત થયા છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ અંગે સત્તાવાર જાહેરાત કરી છે. નોંધનીય છે કે ઈરાનને પરમાણુ હથિયારો બનવવાથી રોકવા માટે સૌથી પહેલા ઈઝરાયલે ઈરાનના પરમાણુ ઠેકાણા પર હુમલા કર્યા. જે બાદ ઈરાને મિસાઈલો અને ડ્રોનથી વળતો જવાબ આપતા ભીષણ યુદ્ધ શરૂ થયું હતું. બાદમાં યુદ્ધમાં ઈઝરાયલની પડખે અમેરિકાની એન્ટ્રી થઈ અને અમેરિકાએ પણ



ઈરાનના પરમાણુ ઠેકાણા પર હુમલા કર્યા. ગઈકાલે અમેરિકાથી બદલો લેવા માટે ઈરાને કતારમાં અમેરિકાના એરબેઝ પર હુમલો કર્યો હતો. જોકે અમેરિકાનો દાવો છે કે ઈરાને છોડેલી તમામ મિસાઈલોને હવામાં જ ધ્વસ્ત કરી દેવામાં આવી જેથી કોઈ નુકસાન થયું હતું. કતાર પર ઈરાનના હુમલાના થોડા જ કલાકોમાં ઈરાન અને ઈઝરાયલ વચ્ચે સંઘર્ષ વિરામની જાહેરાત કરવામાં આવી છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ પર પોસ્ટ કરી જણાવ્યું, કે 'ઈરાન અને ઈઝરાયલ પૂર્ણ અને અંતિમ સીઝફાયર માટે રાજી થયા છે. આગામી છ જ કલાકમાં સીઝફાયર લાગુ થઈ જશે. ઈરાને પહેલા તેનું પાલન કરવું પડશે. ઈરાન દ્વારા સંઘર્ષ વિરામના પાલન બાદ આગામી ૧૨ કલાકમાં ઈઝરાયલ પણ સીઝફાયર લાગુ કરી દેશે. આગામી ૨૪ કલાકમાં યુદ્ધ સત્તાવાર રીતે સમાપ્ત થઈ જશે.'

## ભૂસ્ખલનને કારણે યમુનોત્રી યાત્રા સ્થગિત કરવામાં આવી

। યમુનોત્રી, તા.૨૪ ।

જાનકીચટ્ટી-યમુનોત્રી પગપાળા ભૈરવ મંદિરની પાસે ભૂસ્ખલનને કારણે યાત્રાનો માર્ગ ખોરવાઈ ગયો છે. બે લાપતા શ્રધ્ધાળુઓની શોધખોળ ચાલુ છે. જેને કારણે યમુનોત્રી ધામની અવરજવર હાલ પુરતી બંધ કરી દેવાઈ છે. બડકોટ, દુબાટા બેંડ, ગંગનાની, ખરાડી, પાલીગાડ સહિત ઘણી જગ્યાઓ પર શ્રધ્ધાળુઓને રોકવામાં આવ્યા છે. હજારો શ્રધ્ધાળુઓ વાહનો લઈને રસ્તો ખુલવાની રાહ જોઈ રહ્યા છે. પ્રશાસને શ્રધ્ધાળુઓને સુરક્ષિત જગ્યાઓ પર ખસેડ્યા છે. જેથી કોઈ પણ પ્રકારની આફતથી બચી શકાય. ઉપજીલ્લા અધિકારી બૃજેશ કુમાર તિવારીએ જણાવ્યું હતું કે સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ ૫ગલુ ભરવામાં આવ્યું છે.

### રશિયાએ હોસ્પિટલ્સ, રહેણાંક વિસ્તારોને ટાર્ગેટ કર્યા

## રશિયાએ યુક્રેન પર બોમ્બ વરસાવ્યા, ડ્રોન, મિસાઈલ એટેકમાં ૧૦ લોકોનાં મોત

### યુક્રેનિયન વાયુસેનાએ જણાવ્યું હતું કે રશિયાએ ૩૫૨ ડ્રોન અને ડેકોય, તેમજ ૧૧ બેલિસ્ટિક મિસાઇલો અને પાંચ ક્રુઝ મિસાઇલો છોડી હતી

। (એજન્સી) કિવ, તા.૨૪ ।

ઈરાન-ઈઝરાયેલના ભીષણ યુદ્ધ વચ્ચે રશિયા પણ યુક્રેન પર સતત હુમલા કરી રહ્યું છે. રશિયાએ બોમ્બ વરસાવતા યુક્રેનમાં ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થયા છે.

રશિયાએ યુક્રેન પર ડ્રોન-મિસાઈલથી એટેક કરતા એપાર્ટમેન્ટ બિલ્ડિંગ ધરાશાયી થયી હતી. જેમાં ઘણા લોકો દબાયા હોવાથી ઈમરજન્સી ટીમો રેસ્ક્યુ માટે દોડી ગઈ હતી. આ હુમલામાં સૌથી વધુ કિવમાં સાત લોકોના મોત થયા હોવાનું સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું



હતું.યુક્રેનિયન વાયુસેનાએ જણાવ્યું હતું કે રશિયાએ ૩૫૨ ડ્રોન અને ડેકોય, તેમજ ૧૧ બેલિસ્ટિક મિસાઈલો અને પાંચ ક્રુઝ મિસાઈલો છોડી હતી. જેના જવાબમાં હવાઈ સંરક્ષણ દળોએ ૩૩૯ ડ્રોન અને ૧૫ મિસાઈલોને ટાર્ગેટ સુધી પહોંચે તે પહેલાં જ અટકાવી દીધી હતી.ઈમરજન્સી સર્વિસિસે જણાવ્યું હતું કે, કિવના અનેક રહેણાંક વિસ્તારો, હોસ્પિટલો અને રમતગમતના માળખા પર ડ્રોન અને મિસાઈલોથી હુમલો થયો હતો. સૌથી વધુ નુકસાન શેવચેન્કિવસ્કી જિલ્લામાં થયું હતું, જ્યાં પાંચ માળની એપાર્ટમેન્ટ બિલ્ડિંગનો એક ભાગ ધરાશાયી થયો હતો.આ હુમલો ગત મંગળવારે યુક્રેન પર રશિયાના હુમલાના લગભગ એક અઠવાડિયા પછી થયો છે. એક અઠવાડિયા પહેલા કરવામાં આવેલા રશિયન હુમલામાં કિવમાં ૨૮ લોકો માર્યા ગયા હતા, જેમાંથી ૨૩ લોકો મિસાઈલ હુમલા પછી ધરાશાયી થયેલી રહેણાંક ઈમારતમાં માર્યા ગયા હતા.

### રાહુલે મહારાષ્ટ્રની ચૂંટણીમાં ધાંધલીના આક્ષેપ કર્યા હતા

## અમે ચર્ચા માટે તૈયાર, તારીખ અને સમય ઈમેલ કરોઃ રાહુલ ગાંધી

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૪ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી-૨૦૨૪ પર ચર્ચા કરવાની માંગ કરનારા લોકસભા વિક્ષના નેતા રાહુલ ગાંધીને ચૂંટણી પંચે જવાબ આપ્યો છે. પંચે રાહુલને કહ્યું છે કે, અમે ચૂંટણી અંગે ચર્ચા કરવા માટે તૈયારી છીએ. તમે તારીખ અને સમય ઈમેલ કરો. ચૂંટણી પંચ તમારી સાથે વ્યક્તિગત મુલાકાત કરવા અને તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે તૈયાર છે. ભારતીય ચૂંટણી પંચ સચિવાલયે રાહુલ ગાંધીને કહ્યું છે કે, 'ગત વર્ષે મહારાષ્ટ્રમાં



યોજાયેલી વિધાનસભા ચૂંટણી અંગેનો તમારો લેખ સમાચાર પત્રોમાં છપાયો હતો, તેને ધ્યાને લઈને મને એવું કહેવાનો નિર્દેશ અપાયો છે કે, કોંગ્રેસે નવેમ્બર-૨૦૨૪ વિધાનસભા ચૂંટણીમાં પણ આવો જ મુદ્દો ઉઠાવ્યો હતો, જેનો ચૂંટણી પંચે ૨૪ ડિસેમ્બર-૨૦૨૪માં વિગતવાર જવાબ આપ્યો હતો.

### પ્રતિબંધો વધુ ૧ મહિના માટે લંબાવવામાં આવ્યા

## પાકિસ્તાન માટે ભારતનું હવાઈ ક્ષેત્ર ૨૪ જુલાઈ સુધી બંધ રહેશે

। (એજન્સી) નવીદિલ્હી,તા.૨૪ ।

ભારતે સોમવારે એક મોટી જાહેરાત કરી, પાકિસ્તાનને મોટો ઝટકો આપ્યો. ભારતે પાકિસ્તાની એરલાઈન કંપનીઓ દ્વારા સંચાલિત ફ્લાઈટ્સ માટે હવાઈ ક્ષેત્ર બંધ રાખવાનો સમયગાળો ૨૪ જુલાઈ સુધી એક મહિના માટે લંબાવ્યો છે. તમને જણાવી દઈએ કે ૩૦ એપ્રિલથી, ભારતીય હવાઈ ક્ષેત્ર પાકિસ્તાની એરલાઈન કંપનીઓ અને તેમના દ્વારા સંચાલિત, માલિકીની અથવા ભાડે લીધેલી ફ્લાઈટ્સ માટે બંધ છે, જેમાં લશ્કરી ફ્લાઈટ્સનો પણ સમાવેશ થાય છે. ૨૨ એપ્રિલે કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકોના મોત બાદ, ભારત સરકારે પાકિસ્તાન સામે ઘણા કડક પ્રતિબંધો લાદ્યા હતા અને હવાઈ ક્ષેત્ર બંધ કરવું પણ તે નિર્ણયોમાંનો એક હતો. ભારત દ્વારા પાકિસ્તાની વિમાનો માટે બંધ કરાયેલ એરસ્પેસ પહેલા ૨૪ મેના રોજ ખોલવાનું હતું, પરંતુ તેને એક મહિના માટે ૨૪ જૂન સુધી લંબાવવામાં આવ્યું હતું. સોમવારે એક નવી નોટમ (એરમેનને સૂચના) જારી કરવામાં આવી હતી, જેમાં આ પ્રતિબંધ ૨૪ જુલાઈ, ૨૦૨૫ સુધી વધુ એક મહિના માટે લંબાવવામાં આવ્યો છે. નોટમ મુજબ, પાકિસ્તાનમાં નોંધાયેલા વિમાનો, પાકિસ્તાની એરલાઈન કંપનીઓ અને ઓપરેટરો દ્વારા સંચાલિત વિમાનો, પાકિસ્તાની કંપનીઓની માલિકીના અથવા ભાડે લીધેલા વિમાનો, લશ્કરી વિમાનો માટે ભારતીય એરસ્પેસ ઉપલબ્ધ રહેશે નહીં.

### મોટા ભાગના લોકો બેલદાર સમુદાયના હોવાનું કહેવાય છે

## મધ્યપ્રદેશમાં બેકાબૂ ભીડે બે યુવાનો સાથે અમાનવીય વર્તન કર્યું

। (એજન્સી) મધ્યપ્રદેશ, તા. ૨૪ ।

મધ્યપ્રદેશના સિહોર જિલ્લામાંથી માનવતાને ઠેસ પહોંચાડતો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં, બેકાબૂ ભીડે બે યુવાનો સાથે અમાનવીય વર્તન કર્યું. પહેલા યુવકના વાળ કાપવામાં આવ્યા, પછી તેમને ગાયનું છાણ ખવડાવવામાં આવ્યું. અપમાનિત કરવાની સાથે તેમને માર પણ મારવામાં આવ્યો. જોકે, આ પાછળનું કારણ બહાર આવ્યું નથી. આ વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યો છે. મોટાભાગના લોકો બેલદાર સમુદાયના હોવાનું કહેવાય છે. હાજર લોકોએ ફોનની ફ્લેશ લાઈટ ચાલુ રાખી છે. બે પુરુષો એક યુવકના વાળ કાપી નાખતા જોવા મળે છે અને ચારે બાજુથી હોબાળાના અવાજો આવી રહ્યા છે. જણાવવામાં આવ્યું હતું કે યુવાનો સાથે એટલી હદે અમાનવીય વર્તન કરવામાં આવ્યું હતું કે તેમને ગાયનું છાણ પણ ખવડાવવામાં આવ્યું હતું. ત્યાં હાજર લોકોએ આ સમગ્ર ઘટનાનો વીડિયો બનાવ્યો, જે તેમણે પોતે સોશિયલ મીડિયા પર શેર કર્યો.



# સૌરાષ્ટ્રના ૧૦ જળાશયો છલકાઈ જતાં હાઈ એલર્ટ જાહેર કરાયું

## જામનગરનો રણજીતસાગર ડેમ ગઈકાલે મોડી રાત્રે તેની સંપૂર્ણ ક્ષમતાએ ભરાઈને ઓવરફ્લો થયો છે

। (એજન્સી) ભરૂચ, તા.૨૪ ।

સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં આજે છૂટોછવાયો વરસાદ નોંધાયો છે, જ્યારે સૌરાષ્ટ્રના કુલ ૧૦ ડેમો છલકાઈ જતાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગીર સોમનાથ જિલ્લાના ઉના શહેરમાં સવારથી ઝરમર વરસાદ જોવા મળ્યો હતો. ગીર જંગલ નજીક આવેલા જામવાળા ગામમાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.અમરેલી જિલ્લાના રાજુલા, જાફરાબાદ અને ખાંભા પંથકમાં પણ વરસાદ વરસ્યો હતો.ને ગીર પંથકમાં ધોધમાર વરસાદ પડ્યો હતો.ભાવનગર જિલ્લાના દસ તાલુકામાંથી છ તાલુકામાં આજે સવારના ૬ થી ૧૦ કલાક દરમિયાન હળવો વરસાદ નોંધાયો છે.



આ સમયગાળામાં વલ્લભી પુરમાં સૌથી વધુ૦.૨૮ ઈંચ વરસાદ પડ્યો હતો. અન્ય તાલુકાઓમાં સિહોરમાં ૦.૧૬ ઈંચ, ઉમરાળામાં ૦.૦૮ ઈંચ અને ગારીયાધાર, પાલીતાણા તથા જેસરમાં ૦.૦૪-૦.૦૪ ઈંચ વરસાદ નોંધાયો હતો. અમરેલી જિલ્લાના ધાતરવાડી અને સુરજવાડી, સુરેન્દ્રનગરના વાંસલ, લીમ-ભોગાવો-૧ અને સબુરી, જામનગર જિલ્લાના વાઘડીયા, કચ્છના કલાઘોઘા, ભાવનગરના રોજકી તથા બગડ અને બોટાદ જિલ્લાના ભીમદાદ એમ કુલ ૧૦ જળાશયો સંપૂર્ણ એટલે કે ૧૦૦ ટકા ભરાઈ ગયા છે, જેથી હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકા પાસેનો ભાદર-૨ ડેમ ઓવરફ્લો થતાં ડેમના ૧ દરવાજાને ૦.૩ મીટર ખોલવામાં આવ્યો છે, આથી ડેમના હેઠવાસના ગામોમાં ચેતવણી જાહેર કરવામાં આવી છે.જામનગર પંથકમાં સરેરાશ બે થી સાડા છ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. જામનગરનો રણજીતસાગર ડેમ ગઈકાલે મોડી રાત્રે તેની સંપૂર્ણ ક્ષમતાએ ભરાઈને ઓવરફ્લો થયો છે.

## વરસાદમાં સુરતનો વિયર કમ કોઝવે ઓવર ફ્લો, વાહન વ્યવહાર બંધ કરાયા

। (એજન્સી) સુરત, તા.૨૪ ।

સુરત શહેર સહિત જિલ્લામાં પડી રહેલા ભારે વરસાદના કારણે રાંદેર વિસ્તારનો વિયર કમ કોઝવે ભયજનક સપાટીએ પહોંચી ગયો છે. જેના કારણે કોઝવે પર વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો છે. જેથી વાહનચાલકોએ ડભોલી જહાંગીર પુરા બ્રિજ અને ચંદ્રશેખર આઝાદ બ્રિજ પરથી પસાર થઈ રહ્યા છે. આ કોઝવેને ઓવર ફ્લો થતો જોવા માટે લોકો એકઠા થઈ રહ્યા છે. સુરતમાં વરસાદની શરુઆત સાથે જ જિલ્લામાં પણ વરસાદ પડી રહ્યો છે અને શહેર અને જિલ્લાનું પાણી પણ તાપી નદીમાં આવી રહ્યું છે. ભારે વરસાદના કારણે જ તાપી નદી બે કાંઠે વહેતી થઈ છે, ત્યારે રાત્રિના ત્રણ વાગ્યે રાંદેર-સિંગણપોર વચ્ચે બનાવવામાં આવેલો વિયર કમ કોઝવે તેની ભયજનક સપાટીથી ઉપર વહેતા કોઝવે વાહન વ્યવહાર માટે બંધ કરાયો હતો. જ્યારે આ કોઝવેનો વાહન વ્યવહાર અન્ય જગ્યાએ ડાયવર્ટ કરવામાં આવ્યો હતો. વિયર કમ કોઝવે ઓવર ફ્લો થાય છે ત્યારે નયનરમ્ય દૃશ્ય જોવા મળે છે તેને જોવા માટે સુરતીઓ વરસતા વરસાદમાં કોઝવેની બંને તરફ બનાવામાં આવેલા ગાર્ડન પર પહોંચ્યા હતા. આ ગાર્ડનમાંથી કોઝવેનો ઓવર ફ્લો થતો નજારો લોકોએ માણ્યો હતો. આ ધોધમાર વરસાદને કારણે સુરત શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાના શરુ થતાં, જનજીવન પર તેની અસર સ્પષ્ટ દેખાઈ રહી છે.

### બહુમાળી ઈમારતના બાંધકામ ચાલી રહ્યા છે

## વડોદરામાં કન્સ્ટ્રકશનનું કામ કરતા બિલ્ડરો અને કોર્પોરેશનના કોન્ટ્રાકટરોને નોટિસ

। (એજન્સી) વડોદરા, તા.૨૪ ।

વડોદરા કોર્પોરેશન દ્વારા ચોમાસાને ધ્યાનમાં રાખી તમામ કોન્ટ્રાક્ટર અને ૨૬ બિલ્ડરોને નોટિસ આપી બેઝમેન્ટનું થતું ખોદકામ કે અન્ય પાણી ભરાવાના પ્રશ્નો સર્જાય નહીં તે મ માટે તકેદારી રાખવા સૂચના આપી છે. વડોદરા કોર્પોરેશન દ્વારા વડોદરા શહેરમાં બ્રિજ, પાણી, ડ્રેનેજ કે વરસાદી ગટરના વિકાસના કામો ચાલી રહ્યા છે તે કામો ચોમાસાની શરૂઆત થતા લોકોને મુશ્કેલી પડે નહીં અને કોઈ અકસ્માત સર્જાય નહીં તેને ધ્યાનમાં રાખી યોગ્ય રીતે માટી પુરાણ કરી કામગીરી કરવાની રહેશે. ચોમાસા દરમિયાન પાણી ભરાય નહીં તેને ધ્યાનમાં રાખી જમીન સ્તરનું લેવલ રાખવામાં આવે સાથે સાથે તેની આસપાસમાં બેરિકેડ લગાવી રાખી યોગ્ય કામગીરી કરવા તમામ કોન્ટ્રાક્ટરોને સિટી એન્જિનિયરે સૂચના આપી છે.ખાનગી બિલ્ડરો દ્વારા બહુમાળી ઈમારતના બાંધકામ ચાલી રહ્યા છે ત્યારે તે બાંધકામની કામગીરી દરમિયાન પાણી ભરાવાના કે તેને કારણે મચ્છરોનો ત્રાસ થાય નહીં અને રોગચાળો ફેલાય નહીં તેની તકેદારી રાખવા બાંધકામ પરવાનગી વિભાગે ૨૬ જેટલી બાંધકામની સાઈટોના સંચાલકોને નોટિસ આપી છે. સાઈટની આજુબાજુ પતરાં, શીટ વિગેરે લગાવી જરૂરી બેરીકેટ તેમજ રાત્રીના સમયે પણ દૂરથી જોઈ શકાય તેમ જરૂરી વ્યવસ્થા કરવી. વરસાદી પાણીના પ્રવાહમાં અવરોધરૂપ થતાં માલ સામાનને દૂર કરી પાણીનો નિકાલ વિના અવરોધે થાય તે અંગે જરૂરી પગલાં લેવા મચ્છરોનો ઉપદ્રવ થવાથી ડેન્ગ્યુ જેવા રોગો થાય છે.

## ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ: ૧૦ જળાશયો છલકાતા હાઈ એલર્ટ જાહેર

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

ચાલુ વર્ષે ગુજરાતના મોટા ભાગના વિસ્તારમાં મેઘરાજાનું ધમાકેદાર આગમન થઈ ગયું છે ત્યારે રાજ્યમાં સાર્વત્રિક વરસાદના પરિણામે અમરેલી જિલ્લાના ધાતરવાડી અને સુરજવાડી, સુરેન્દ્રનગરના વાંસલ, લીમ-ભોગાવો-૧ અને સબુરી, જામગનર જિલ્લાના વાઘડીયા, કચ્છના કલાઘોઘા, ભાવનગરના રોજકી તથા બગડ અને બોટાદ જિલ્લાના ભીમદાદ એમ કુલ ૧૦ જળાશયો સંપૂર્ણ એટલે કે ૧૦૦ ટકા ભરાયા છે જેથી હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૨૯ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા એલર્ટ અને વોર્નિંગ જાહેર કરવામાં આવી છે.

ગત વર્ષે તેમજ ચાલુ વર્ષે પૂરતા પ્રમાણમાં વરસાદ થયો હોવાના પરિણામે હાલની સ્થિતિએ સરદાર સરોવર સહિત રાજ્યના ૨૦૭ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૪૫.૦૧ ટકા જળ સંગ્રહ ઉપલબ્ધ છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં કુલ સંગ્રહશક્તિના ૫૦.૧૫ ટકા પાણી સંગ્રહાયેલુ છે. ગત વર્ષે આ સમયે એટલે કે, તા. ૨૩ જૂન ૨૦૨૪ની સ્થિતિએ રાજ્યના ૨૦૭ જળાશયોમાં ૩૮.૨૬ ટકા જળ સંગ્રહ હતો. વધુમાં સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં સૌથી વધુ ૪૮.૧૫ ટકા જળ સંગ્રહ, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૪૩.૮૦ ટકા જળ સંગ્રહ, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૪૨.૦૩ ટકા, ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૩૩.૧૦ ટકા તેમજ કચ્છના ૨૦ જળાશયોમાં ૨૮.૭૨ ટકાથી વધુ જળ સંગ્રહ ઉપલબ્ધ છે. આ સિવાય સરદાર સરોવર સહિત રાજ્યના ૨૫ જળાશયો ૫૦ થી ૭૦ ટકા વચ્ચે, ૬૧ જળાશયો ૨૫ થી ૫૦ ટકા વચ્ચે જયારે ૮૨ જળાશયો ૨૫ ટકાથી ઓછા ભરાયા છે.

## સુરતમાં વરસાદી પાણીના ભરાવા સાથે ભુવા પડવાનું પણ શરૂ

। (એજન્સી) સુરત, તા.૨૪ ।

સુરતમાં આજના દેમાર વરસાદ બાદ પાણીના ભરાવાની સમસ્યા સાથે હવે ભુવા પડવાની સમસ્યા પણ બહાર આવી રહી છે. શહેરના કતારગામ ઝોનમાં આવેલા અમરોલી વિસ્તારમાં એક મોટો ભુવો પડ્યો છે જોકે, હજી સુધી પાલિકા તંત્ર પહોંચ્યું ન હોવાથી અકસ્માતની ભીતિ છે. સુરતમાં પાલિકાની પ્રિમોન્સુન કામગીરી સામે પહેલેથી જ સવાલ ઉઠી રહ્યા છે તેમાં આજે ઠેર ઠેર પાણીના ભરાવાના કારણે શહેરના અનેક વિસ્તારમાં લોકોની હાલત કફોડી થઈ રહી છે. લોકો પાલિકાની કામગીરી સામે આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે. હાલમાં પાણી ભરાવાની સમસ્યા સાથે સાથે હવે ભુવા પડવાની સમસ્યા શરૂ થઈ છે. આજે સવારે અમરોલી વિસ્તારમાં આવેલા રજવાડી પાર્ટી પ્લોટ સંસ્કૃત રો-હાઉસ નજીક રસ્તા પર મોટો ભુવો પડી ગયો છે. જોકે, બપોર સુધી તંત્ર પહોંચ્યું ન હોવાથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

### ઓવરહેડ ટાંકીની ઉપર જવાનો દાદર પણ તૂટી ગયો

## પાણીની જર્જરીત થયેલી ટાંકી ઉતારી લેવા સ્થાનિકોની માગ

। (એજન્સી) આણંદ, તા.૨૪ ।



આણંદના ગામડી ગામમાં ૬૦ વર્ષ જૂની પીવાના પાણીની ઓવરહેડ ટાંકી જર્જરીત થતા હવે ગમે તે સમયે ધરાશાયી થઈ શકે છે, ત્યારે જો અચાનક આ જર્જરીત ટાંકી ધરાશાયી થાય તો જાનહાનિ થવાની ભીતિને લઈને સ્થાનિક લોકો દ્વારા જર્જરીત ટાંકી ઉતારી લેવાની માગ કરવામાં આવી રહી છે.

આણંદના ગામડી ગામમાં પ્રજાપતિ વાસ નજીક ગ્રામ પંચાયત દ્વારા ૬૦ વર્ષ પૂર્વે બનાવેલી પીવાના પાણીની ૨૫,૦૦૦ લીટરની ક્ષમતા ધરાવતી ઓવરહેડ ટાંકી જર્જરીત થઈ ગઈ છે, જેના કારણે ઓવરહેડ ટાંકી ધરાશાયી થાય તો દુર્ઘટના સર્જાવાની ભીતિ રહેલી છે. ઓવરહેડ ટાંકીના પીલ્લરો ખવાઈ ગયા છે અને પ્લાસ્ટર પણ ઉખડી જતા લોખંડના સળિયા બહાર દેખાઈ રહ્યા છે. ઓવરહેડ ટાંકીની ઉપર જવાનો દાદર પણ તૂટી ગયો છે અને ટાંકીમાં ઠેર ઠેર તિરાડો પણ પડી ગઈ છે. જેના કારણે ટાંકી ગમે ત્યારે ધરાશાયી થઈ શકે તેમ છે. જર્જરીત ઓવરહેડ ટાંકીની બાજુમાં શોપિંગ સેન્ટરની દુકાનો અને નજીકમાં પ્રજાપતિ વાસ અને તળપદા વાસ આવેલા છે. જો ઓવરહેડ ટાંકી ધરાશાયી થાય તો નજીકના રહેણાંક વિસ્તાર અને દુકાનો પર પડે તો મોટી જાનહાનિ સર્જાવાની ભીતિ રહેલી છે. જેથી સ્થાનિક રહિશો દ્વારા જર્જરીત ઓવરહેડ ટાંકી તાત્કાલિક ઉતારી લેવામાં આવે તેવી માગ કરવામાં આવી રહી છે.

### મહેન્દ્ર નગરના રહીશોનો મનપા સામે હલ્લાબોલ

## મોરબીમાં વરસાદી માહોલ વચ્ચે પાણીનો ભારે કકળાટ

### મહાનગરપાલિકા હાય હાય તેમજ પાણી આપો પાણી આપોના નારા લગાવ્યા : કચરો કલેક્શન કરવાની ગાડી પણ આવતી નહીં હોવાની રજૂઆત

। (એજન્સી) મોરબી, તા.૨૪ ।

ગુજરાતમાં ચોમાસાના સિઝનની શરૂઆત થઈ ગઈ છે. રાજ્યમાં ગતસપ્તાહથી અનેક જિલ્લામાં વરસાદ વરસી રહ્યો છે. કયાંક ભારે વરસાદથી નદીનાળા છલકાતા પૂરની સ્થિતિ બનવા પામી છે. આવા વરસાદી માહોલ વચ્ચે પણ મોરબીના રહીશો પીવાના પાણીની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. મોરબીમાં આજે મહેન્દ્ર નગર સોસાયટીમાં રહેતા રહીશોમાં પીવાના પાણીને લઈને લોકોમાં ઉગ્ર આક્રોશ જોવા મળ્યો. પીવાના પાણીની સમસ્યાને લઈને આજે સોસાયટીના રહીશોએ મનપા સામે કર્યો હલ્લાબોલ. મોરબી શહેરમાં મહેન્દ્ર નગર સોસાયટીમાં વિસ્તારમાં પિવાનુ પાણી અનિયમિત આવતાં આજે મોટી સંખ્યામાં મહિલાઓ અને પુરુષો



મોરબી મહાનગરપાલિકા કચેરી ખાતે હલ્લાબોલ કર્યો હતો અને મહાનગર પાલિકા હાય હાય તેમજ પાણી આપો પાણી આપોના નારા લગાવ્યા હતા તો સાથે ડોર ટુ ડોર કચરો કલેક્શન કરવાની ગાડી પણ આવતી નહીં હોવાની રજૂઆત કરી હતી. મહેન્દ્ર નગર ગ્રામ પંચાયતમાંથી મોરબી મહાનગરપાલિકામાં ભળી જતાં લોકો અકળાયા છે અને મોરબી મહાનગરપ ાલિકા બન્યા બાદ પણ સમસ્યાઓ જાણે દૂર થવાની નામ જ લેતું નથી. એકબાજુ વરસાદી માહોલ હોવાં છતાં આ વિસ્તારના રહીશો સામાન્ય જરૂરિયાત એવા પિવાની પાણીની સમસ્યાને લઈને હાલાકી ભોગવી રહ્યા છે. મનપા કચેરી ખાતે હોબાળો મચાવનારા રહીશોએ તાત્કાલિક પાણીની સમસ્યાને દૂર કરવા માંગ કરી. મહેન્દ્રનગર સોસાયટીમાં પાણી આપો પાણી આપો ના નારા સાથે સુતેલા તંત્રને ઢંઢોળ્યુ હતું.

## વડોદરાના આજવા રોડ પર દારૂની મહેફીલ માણતા છ મિત્રો ઝડપાયા

। (એજન્સી) વડોદરા, તા.૨૪ ।

બાપોદ પોલીસની માહિતી મળી હતી કે આજવારોડ સરદાર એસ્ટેટની પાછળ રામદેવનગર ૧ ની પાસે ભાથુંજી નગરમાં રહેતો શૈલેષ શંકરભાઈ રાઠવા તેના ઘરમાં મિત્રોની સાથે દારૂની મહેફીલ માણી રહ્યો છે.

જેથી પોલીસે ઉપરોક્ત સ્થળે રેડ કરતા છ નશેબાજો દારૂની મહેફીલ માણતા ઝડપાઈ ગયા હતા. પોલીસ દારૂની બે બોટલ તથા પાણીની બોટલો કબજે કરી છે.

જેમાં (૧) સંજય કુંવરસિંહ રાઠવા રહે ચામુંડા નગર સયાજી પાર્ક આજવા રોડ (૨) ઈન્દ્રવદન શંકરભાઈ પરમાર (રહે સાઈ લતા એપાર્ટમેન્ટ, સરદાર એસ્ટેટની પાછળ, આજવા રોડ) (૩) અનિકેત નરેન્દ્રભાઈ વાયતી (રહે-અનિલ નગર, આજવા રોડ) (૪) રાહુલ શાંતિલાલ રોહિત (રહે-સાકર કોમ્પ્લેક્સ, આજવા રોડ) (૫) સુનિલ અશોકભાઈ ઠાકોર તથા (૬) વિજય રમેશભાઈ વસાવા બંને (રહે કિશનવાડી વુડા)ના મકાનમાંનો સમાવેશ થાય છે.

**વિશેષ** સકારાત્મક પરિવર્તન માટે આદર્શ શિક્ષકોના "સામૂહિક પ્રયાસ અને વ્યક્તિગત પ્રતિબદ્ધતા"નું શ્રેષ્ઠ ઉદાહરણ એટલે કેરિયાનાગસ પ્રાથમિક શાળા

# 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ' - શિક્ષણ ક્ષેત્રે આમૂલ સુધારા

## શાળામાં ડિજિટલ સ્માર્ટ બોર્ડ થકી સ્માર્ટ લર્નિંગ, ડ્રોન અને રોબોટિક્સ તાલીમ, સીસીટીવી કેમેરા, અદ્યતન વિજ્ઞાન અને કોમ્પ્યુટર લેબ, વાંચન લાઇબ્રેરી સહિતની સુવિધાઓ

**શાળામાં ડિજિટલ સ્માર્ટ બોર્ડ થકી સ્માર્ટ લર્નિંગ, ડ્રોન અને રોબોટિક્સ તાલીમ, સીસીટીવી કેમેરા, અદ્યતન વિજ્ઞાન અને કોમ્પ્યુટર લેબ, વાંચન લાઇબ્રેરી સહિતની સુવિધાઓ --- અમારી શાળામાં બાળકોની સંખ્યા ઉત્તરોત્તર વધી, અમરેલીના ૬૫ થી વધુ બાળકો અભ્યાસ અર્થે કેરિયાનાગસ આવે છે : તેમના માટે વાહન સુવિધા પણ ઉપલબ્ધ - કેરિયાનાગસ પ્રાથમિક શાળા આચાર્ય શ્રી રસિકભાઇ મહેતા --- સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકોએ શિક્ષણ ક્રાંતિ માટે સમગ્રલક્ષી અભિગમ અપનાવ્યો : છેલ્લા ૧૦ વર્ષથી ગુણોત્સવ રિપોર્ટ કાર્ડમાં એ-વન ગ્રેડ હાંસલ કર્યો --- શાળાના અધતન બિલ્ડિંગમાં વાઇ-ફાઇ, સંપૂર્ણ ફાયર સેફ્ટી, સેનિટેશન અને આર. ઓ. ફિલ્ટર વોટર, નયનરમ્ય બગીચા સહિતની સુવિધા --- ઝઈ( (કોમ્ન એન્ટ્રસ ટેસ્ટ)માં શાળાના ૧૭ બાળકો પસંદગી પામ્યા, જ્ઞાનસાધના સ્કોલરશિપમાં પણ શાળાના બાળકોનું ઉત્કૃષ્ટ પ્રદર્શન --- બાળકોને વધુમાં વધુ વાંચનની આદત વિકસે તે માટે પુસ્તકાલયની સુવિધા ---**



। (માહિતી) અમરેલી ।

વર્ષ ૨૦૦૨-૦૩માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ' કાર્યક્રમ શરુ કરાવ્યો હતો. છેલ્લા ૨૨ વર્ષોમાં રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે આમૂલ સુધારા આવ્યા છે.

શિક્ષણ ક્ષેત્રે આ સતત સકારાત્મક પરિવર્તનની પરંપરા વેગવંતી બની છે. રાજ્ય સરકારના સતત સકારાત્મક પ્રયત્નોથી પ્રાથમિક શાળામાં ડ્રોપઆઉટ રેશિયો સતત ઘટી રહ્યો છે. સરકારી પ્રાથમિક શાળાઓમાં આજે ડિજિટલી સ્માર્ટ ક્લાસરુમ થકી 'સ્માર્ટ શિક્ષણ' પૂરું પાડવામાં આવી રહ્યું છે. સરકારી શાળાઓ હવે 'સ્માર્ટ સ્કૂલ' તરીકે ખ્યાતિ પામી રહી છે.

સકારાત્મક પરિવર્તન માટે આદર્શ શિક્ષકોના "સામૂહિક પ્રયાસ અને વ્યક્તિગત પ્રતિબદ્ધતા"નું શ્રેષ્ઠ ઉદાહરણ એટલે અમરેલી તાલુકાના કેરિયાનાગસ ગામ સ્થિત સરકારી પ્રાથમિક શાળા !

આ શાળામાં ધોરણ ૫ થી ૮ના બાળકોને ડિજિટલ સ્માર્ટ બોર્ડ થકી 'સ્માર્ટ લર્નિંગ' સાથે શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને ડ્રોન અને રોબોટિક્સની તાલીમ અને કોમ્પ્યુટર લેબમાં કોમ્પ્યુટરની તાલીમ પણ આપવામાં આવે છે. સરકારી શાળામાં અદ્યતન વિજ્ઞાન લેબમાં બાળકો રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, જીવવિજ્ઞાનના અવનવા પ્રયોગો અને પ્રેક્ટિકલ થકી શિક્ષણ મેળવી રહ્યા છે.

બાલવાટિકા, ધોરણ ૧ થી ૮ સુધીના બાળકોને સંસ્કાર સાથે શિષ્ટાચાર ઉપરાંત સર્વાંગીણ વિકાસલક્ષી શિક્ષણ પૂરું પાડીને આદર્શ શિક્ષકો ટીમવર્ક સાથે પાયાથી બાળકોના ઉમદા ભવિષ્યનું નિર્માણ કરી રહ્યા છે. આ સરકારી પ્રાથમિક શાળામાં બાળકોને વધુમાં વધુ વાંચનની આદત વિકસે તે માટે પુસ્તકાલયની સુવિધા પણ શાળામાં ઉપલબ્ધ છે.

પ્રાથમિક શાળાના શિક્ષકોએ શિક્ષણ ક્રાંતિ માટે સમગ્રલક્ષી અભિગમ અપનાવ્યો છે. પ્રથમ શિક્ષણ સુધારણા અને ત્યારબાદ ભૌતિક સુવિધાના વિકાસની વિચારધારાના ઉમદા પરિણામ સ્વરુપ રાજ્ય સરકારના 'ગુણોત્સવ' કાર્યક્રમના રિપોર્ટ કાર્ડમાં કેરિયાનાગસ પ્રાથમિક શાળાએ છેલ્લા ૧૦ વર્ષથી સતત એ-વન ગ્રેડ હાંસલ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ-૨૦૨૩માં કેરિયાનાગસ સરકારી પ્રાથમિક શાળા 'સ્કૂલ ઓફ એક્સેલેન્સ' તરીકે પસંદગી પામી હતી, જે અંતર્ગત શાળાના જૂનાં બિલ્ડિંગનું રિનોવેશન સરકારી ગ્રાન્ટ અન્વયે કરવામાં આવ્યું હતુ.

સરકારી શાળાના અદ્યતન બિલ્ડિંગમાં વાઈ-ફાઈ, સંપૂર્ણ ફાયર સેફ્ટી, સેનિટેશન અને આર.ઓ. ફિલ્ટર વોટર, નયનરમ્ય બગીચા સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે. આ વર્ષની CET (કોમ્ન એન્ટ્રસ ટેસ્ટ)માં કેરિયાનાગસ પ્રાથમિક શાળાના ૧૭ બાળકો શ્રેષ્ઠ પ્રદર્શન કરીને પસંદગી પામ્યા છે.' 'જ્ઞાનસાધના' સ્કોલરશિપ માં પણ શાળાના બાળકોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને પોતાની પ્રતિભાનો પરિચય કરાવ્યો છે.

શિક્ષણલક્ષી દરેક સરકારી યોજનાઓનો લાભ પણ આ શાળાના વિદ્યાર્થીઓ મેળવી રહ્યા છે. શાળામાં ચેસ, કેરમ સહિતની ઈનડોર અને આઉટડોર રમત-ગમતની સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. શાળાનું દરેક બાળક મધ્યાહન ભોજન કરી 'જેના અન્ન સાથે તેના મન સાથે'નો સંદેશ પહોંચાડે છે.

કેરિયાનાગસ સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી રસિકભાઈ મહેતાએ જણાવ્યુ કે, અમારી શાળામાં દરેક પ્રકારના સકારાત્મક પરિવર્તન માટે અમે સતત પ્રયત્નશીલ રહીએ છીએ, શિક્ષકો વ્યક્તિગત રીતે શાળાના દરેક વિદ્યાર્થીઓ પર ધ્યાન આપે છે. આ શાળા અને શાળાના વિદ્યાર્થીઓની પ્રગતિ માટે શાળાના દરેક શિક્ષકશ્રીઓ સતત પરિશ્રમ કરે છે.

વર્ષ-૨૦૧૫માં શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ૨૪૩ હતી, જે સતત વધતી રહી છે અને આજે હવે આ સંખ્યા ૩૭૫ છે. મહત્વની બાબત એ છે કે, આ સરકારી શાળામાં અમરેલી શહેરના ૬૫ બાળકો અહીં અભ્યાસ અર્થે આવે છે. વિદ્યાર્થીઓને શાળાએ આવવા અને ઘરે જવા માટે વાહનની સુવિધા પણ ઉપલબ્ધ છે.

આ વર્ષે ૨૩મો શાળા પ્રવેશોત્સવ "આવો બનાવીએ શાળા પ્રવેશોત્સવને સમાજોત્સવ" ની થીમ સાથે રાજ્યભરની ૧,૫૦૦ થી વધુ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, ૫,૦૦૦ થી વધુ ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક - ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તથા ૩૧,૦૦૦ થી વધુ સરકારી પ્રાથમિક શાળાઓમાં યોજાશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨







ઉત્તર પ્રદેશના વારાણસીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના અધ્યક્ષતામાં યોજાયેલી સેન્ટ્રલ ઝોનલ કાઉન્સિલની ૨૫મી બેઠકમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ હાજર રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### ઈરાનથી હેમખેમ પરત થયા ભારતીયો, રાહતનો શ્વાસ લઈ ભાવુક થયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

ઓપરેશન સિંધુને લઈને ભારત સરકાર અત્યાર સુધીમાં ઈરાનથી ૨૯૨ ભારતીય નાગરીકોને આજ સવારે ૩:૩૦ વાગ્યે મશહદથી નવી દિલ્હી પરત પહોંચ્યા છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસવાલે ટ્વીટ કરીને આ માહિતી આપી છે અને કહ્યુ છે કે ૨૨૯૫ ભારતીય નાગરીકોને ઈરાનથી ભારત લાવવામાં આવ્યા છે. ભારત પરત ફરેલા લોકોએ સરકારનો આભાર માન્યો હતો. વિદેશથી દેશમાં ભારત પરત ફરેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. ઈરાનખથી નાગપુરની જીવા ઝાફરીએ જણાવ્યુ હતુ કે હુ ખુબજ આભારી છુ, બહુ જ ખુશ છુ મને ભારત આવીને ખુબ સારું લાગી રહ્યુ છે. અમારી ફલાઈટ ૧૯ જૂનના ફિક્સ હતી પણ રદ થઈ હતી અમે લોકો ખુબ મુશ્કેલીમાં હતા, જો કે હવે ભારત આવીને રાહત મળી છે. દરમિયાન, ઈરાનથી સ્થળાંતર કરાયેલા જમ્મુ અને કાશ્મીરના ફૈઝે કહ્યું કે ભારતમાં પાછા આવીને ખૂબ સારું લાગે છે.

### અમેરિકાએ વોટ્સએપને જાહેર કર્યું હાઇ રિસ્ક

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

થોડા દિવસ પહેલા ઈરાનમાં વોટ્સએપને બેન કરવાની વાત બહાર આવી હતી. જોકે હવે અમેરિકાએ પણ વ્હાઈટ હાઉસમાં કામ કરતા કર્મચારીઓના સરકારી ડિવાઈસમાં વોટ્સએપ બેન કરી દીધું છે. વોટ્સએપ ની ડેટા ટ્રાન્સપરન્સી, મેસેજ સ્ટોરેજ ઈંક્રિપ્શન અને સાયબર સિક્યોરિટીમાં કેટલીક ખામીઓ હોવાનું કહીને સિક્યોરિટીને ધ્યાનમાં રાખી આ નિર્ણય લેવામાં આવ્યો છે. હાઉસ ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર દ્વારા આ મેમો આપવામાં આવ્યો છે જેમાં તમામ સરકારી ડિવાઈસ પર વોટ્સએપને બેન કરવાનો ઉલ્લેખ છે. વ્હાઈટ હાઉસની સાયબર સિક્યોરિટી દ્વારા વોટ્સએપને હાઈ-રિસ્ક તરીકે જાહેર કરવામાં આવ્યું છે. પ્લેટફોર્મ કેવી રીતે સેન્સિટિવ ડેટા હેન્ડલ કરે છે એ અંગે સ્પષ્ટતા ન હોવાને કારણે તેને હાઈ-રિસ્ક તરીકે ચિહ્નિત કરવામાં આવ્યું છે.

### સંસ્કૃત માટે કરોડો રૂપિયા, તમિલ સહિતની દક્ષિણ ભાષા ઓને મગરમચ્છના આંસુ

। (એજન્સી) તમિલનાડુ, તા.૨૪ ।

તમિલનાડુના મુખ્યમંત્રી એમ. કે.સ્ટાલિને હિન્દી મુદ્દે વિવાદ ઊભો કર્યા બાદ હવે સંસ્કૃત મુદ્દે વિવાદ ઉભો કર્યો છે. તેમણે મંગળવારે (૨૪ જૂન) કેન્દ્રની ભાજપ સરકાર પર ગંભીર આક્ષેપ કર્યો છે કે, ભાજપનો વાસ્તવિક હેતુ હિન્દીને મહોરું બનાવીને સંસ્કૃત થોપવાનો છે. સ્ટાલિને ખાનગી સમાચારને ટાંકીને કહ્યું કે, સંસ્કૃતિ ભાષાના પ્રચાર માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે, જ્યારે તમિલ અને અન્ય દક્ષિણ ભારતીય ભાષાઓને કંઈ મળતું નથી.

#### આદર્શ ગામો સૌર ઊર્જાથી થશે રોશન

# ઉત્તરાખંડના દરેક જિલ્લામાં બે-બે આદર્શ ગામો વિકસિત કરવામાં આવશેઃ મુખ્યમંત્રી

### મુખ્યમંત્રીએ આદર્શ ગામોમાં શિક્ષણ, આરોગ્ય, રસ્તા, પીવાના પાણી અને વીજળી જેવી જરૂરી મૂળભૂત સુવિધાઓ સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો

। (એજન્સી) દહેરાદૂન, તા.૨૪ ।

ઉત્તરાખંડના દરેક જિલ્લામાં બે-બે આદર્શ ગામો વિકસિત કરવામાં આવશે. આ એલાન મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ એક બેઠકમાં કર્યું હતું. આદર્શ ગામ હાઈટેક હશે, જ્યાં લોકોને તમામ પ્રકારની મૂળભુત સુવિધા પ્રાપ્ત થશે. સોમવારે દહેરાદૂનમાં મુખ્યમંત્રી આવાસ પર એક ઉચ્ચ સ્તરીય બેઠકનું આયોજન કરાયું છે. જેમાં પ્રદેશના તમામ વિકાસને લઈને મહત્વનો નિર્ણય લેવાયો છે. આ બેઠકની અધ્યક્ષતા સીએમ પુષ્કર સિંહ ધામીએ કરી હતી. આ બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના સપનાને સાકાર કરવાની દિશામાં વિકસિત ઉત્તરાખંડ માટે મજબૂત અને જલ્દી થાય એવા પ્રયાસો કરવામાં આવશે. મુખ્યમંત્રી ધામીએ અધિકારીઓને આદેશ આપ્યા છે કે રાજ્યના તમામ જિલ્લાઓમાં બે-બે આદર્શ ગામ ડેવલપ કરવામાં આવે. આ ગામમાં



આદર્શ ગામ સારકોટની તર્જ પર વિકસિત કરવામાં આવશે. આ આદર્શ ગાંમનો મુખ્ય ઉદેશ્ય ગામની અર્થવ્યવસ્થાને સશક્ત બનાવવાનો છે. જેના માટે કૃષિ, બાગબાની, પશુપાલન , ડેરી અને મશરુમ ઉત્પાદન જેવા ક્ષેત્રોને વિસેષ પ્રોત્સાહન આપવામાં આવશે. મુખ્યમંત્રી ધામીએ અધિકારીઓને નિર્દેશ આપ્યો કે રાજ્યના દરેક જિલ્લામાં બે-બે આદર્શ ગામો વિકસિત કરાયા ???. આ ગામોને આદર્શ ગામ સારકોટની તર્જ પર વિકસિત કરવામાં આવશે, જ્યાં ચૌફેર વિકાસ સાથે આજેવીકા વૃદ્ધિ માટેની યોજનાઓને અસરકારક રીતે અમલમાં મૂકવામાં આવી શકે. આ આદર્શ ગામોનો મુખ્ય હેતુ ગ્રામીણ અર્થવ્યવસ્થાને સશક્ત બનાવવાનો છે. આ માટે કૃષિ, બાગાયતી, પશુપાલન, ડેરી અને મશરૂમ ઉત્પાદન જેવા ક્ષેત્રોને ખાસ પ્રોત્સાહન આપવામાં આવશે જેથી સ્થાનિક સમુદાય આત્મનિર્ભર બની શકે. મુખ્યમંત્રીએ આદર્શ ગામોમાં શિક્ષણ, આરોગ્ય, રસ્તા, પીવાના પાણી અને વીજળી જેવી જરૂરી મૂળભૂત સુવિધાઓ સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે આ ગામોને સૌર ઊર્જાથી રોશન કરવાની દિશામાં પણ સ્પષ્ટ નિર્દેશ આપ્યો, જે સ્થિર વિકાસ માટે એક મહત્વપૂર્ણ પગલું હશે. સ્થાનિક ઉત્પાદનોના વધુ સારાં માર્કેટિંગ માટે વિશેષ યોજનાઓ બનાવવામાં આવશે અને સ્વયં સહાયતા જૂથો (SHGs)ને પ્રોત્સાહન આપી સ્થાનિક લોકોને રોજગારના નવા અવસરો પૂરાં પાડવામાં આવશે.

#### ઈરાન-ઈઝરાયેલને આપી ચેતવણી

# બોમ્બ ન ફેંકો, તમારા જેટ પાછા બોલાવો, યુદ્ધવિરામ ભંગ બાદ ડોનાલ્ડ ટ્રમ્પ ભડક્યા

### તેમણે ખાસ કરીને ઇઝરાયેલની ટીકા કરતા કહ્યું કે, યુદ્ધવિરામ પછી તરત જ તેણે આટલો મોટો હુમલો ન કરવો જોઈતો હતો

। (એજન્સી) તેહરાન, તા.૨૪ ।

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ઈરાન-ઈઝરાયલ સંઘર્ષ વચ્ચે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું એક મોટું નિવેદન આપ્યું છે. ટ્રમ્પે કહ્યું કે, ઈરાન અને ઈઝરાયેલ બંનેએ યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું છે. તેમણે ખાસ કરીને ઈઝરાયેલની ટીકા કરતા કહ્યું કે, યુદ્ધવિરામ પછી તરત જ તેણે આટલો મોટો હુમલો ન કરવો જોઈતો હતો. ટ્રમ્પે કડક શબ્દોમાં કહ્યું કે, "ઈઝરાયેલ, બોમ્બ ન ફેંકો. જો તમે આવું કરો છો, તો તે એક મોટું ઉલ્લંઘન છે. તમારા પાઈલટ્સને તાત્કાલિક ઘરે પાછા બોલાવો." ટ્રમ્પે કહ્યું કે, "મને ગમ્યું નહીં કે, યુદ્ધવિરામ પર સંમત થયા પછી ઈઝરાયેલે તરત જ હુમલો કર્યો." ટ્રમ્પનું નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે ઈઝરાયેલે અગાઉ આરોપ લગાવ્યો હતો કે, ઈરાન યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરે છે, પરંતુ ઈરાને આ આરોપોને ફગાવી દીધા હતા. યુએસ પ્રમુખ ટ્રમ્પે કહ્યું કે,



ઈરાન ક્યારેય તેનો પરમાણુ કાર્યક્રમ ફરી શરૂ કરશે નહીં. તેમણે કહ્યું કે, તેઓ ઈરાનથી ખુશ નથી, અને તેઓ ઈઝરાયલથી પણ ખૂબ નાખુશ છે. ઈરાન કહે છે કે, જ્યારે બીર શેવા શહેર પર હુમલો થયો, ત્યારે તેણે છેલ્લી મિસાઈલ છોડી હતી અને આ યુદ્ધવિરામની જાહેરાત પહેલાની ઘટના હતી. ઈરાની પક્ષે તેને સ્વ-બચાવ પગલું ગણાવ્યું હતું અને યુદ્ધવિરામની શરતોનું ઉલ્લંઘન કરવાનો ઈનકાર કર્યો હતો. આ સમગ્ર ઘટનામાં કતારની ભૂમિકા પણ મહત્વપૂર્ણ હતી. અહેવાલ મુજબ, US રાષ્ટ્રપતિ ટ્રમ્પે કતારના અમીર સાથે ફોન પર વાત કરી હતી અને તેમને યુએસ સમર્થિત યુદ્ધવિરામ પ્રસ્તાવ સ્વીકારવા માટે ઈરાનને સમજાવવા વિનંતી કરી હતી. આ કોલ પછી, કતારના વડા પ્રધાને પહેલ કરી અને ઈરાનને આ પ્રસ્તાવ પર સંમત થવા માટે સમજાવ્યા હતા. એક US અધિકારીએ મીડિયાને જણાવ્યું હતું કે, "કતારના અમીરે ઈરાનને યુએસ સમર્થિત યુદ્ધવિરામ પ્રસ્તાવ પર સંમત થવા માટે મનાવ્યું હતું. ટ્રમ્પ અને કતારના અમીર વચ્ચેની વાતચીત પછી આ પહેલ કરવામાં આવી હતી." આ સ્પષ્ટ કરે છે કે, કતારે પ્રદેશમાં શાંતિ સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ મધ્યસ્થી ભૂમિકા ભજવી હતી. આ યુદ્ધવિરામ એવા સમયે થયો, જ્યારે છેલ્લા કેટલાક દિવસોથી ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે તીવ્ર હુમલાઓ થઈ રહ્યા હતા, જેમાં બંને પક્ષોએ એકબીજાના લશ્કરી અને વ્યૂહાત્મક ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા. અમેરિકા દ્વારા તાજેતરના બોમ્બમારા હુમલાઓ પછી તણાવ વધુ વધી ગયો હતો.

#### રેલવેએ રિઝર્વેશનના નિયમોમાં પણ કર્યા છે ફેરફાર

# એક્સપ્રેસ ટ્રેનની ટિકિટના ભાવમાં વધારો, પહેલી જુલાઈથી થશે લાગુ

। (એજન્સી) મુંબઇ, તા.૨૪ ।

મુસાફરોને આંચકો આપતાં ભારતીય રેલવેએ ૧ જુલાઈ, ૨૦૨૫થી એસી અને એક્સપ્રેસ ટ્રેનના ભાડામાં વધારો કરવાની જાહેરાત કરી છે. આ નિર્ણય વધતાં ખર્ચ, ઈંધણના ભાવ અને જાળવણી ખર્ચને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. તેમજ રાહતના સમાચાર એ છે કે આ ભાવ વધારો અમુક કેટેગરીમાં જ કરવામાં આવ્યો છે. રેલવેના નવા ટેરિફ મુજબ, જનરલ સેકન્ડ ક્લાસમાં ૫૦૦ કિમી સુધીની મુસાફરી માટે ભાડામાં કોઈ વધારો થશે નહીં. પરંતુ જો મુસાફરી ૫૦૦ કિમીથી વધુ હોય, તો પ્રતિ કિલોમીટર અડધા પૈસાનો ભાવ વધારાનો ચૂકવવાનો રહેશે. આ ઉપરાંત, મેઈલ/એક્સપ્રેસ ટ્રેન (નોન-એસી)માં મુસાફરી કરનારાઓએ હવે પ્રતિ કિલોમીટર ૧ પૈસો વધુ ચૂકવવા પડશે. તેમજ એસી ક્લાસ ટિકિટમાં પ્રતિ કિલોમીટર ૨ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે. શહેરી ટ્રેનના ભાડામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી, જેનાથી લાખો દૈનિક મુસાફરોને રાહત મળશે. તેમજ પાસના રેટમાં પણ કોઈ વધારો કરવામાં આવ્યો નથી. અગાઉ રેલવેએ રિઝર્વેશનના નિયમોમાં પણ ફેરફાર કર્યો છે.

જેમાં અગાઉ નિયમ હતો કે જો તમે ટ્રેન ટિકિટ અગાઉ બુક કરાવો છો, તો તમને તમારી મુસાફરીના ચાર કલાક પહેલા જ ખબર પડી જતી હતી કે ટિકિટ કન્ફર્મ છે કે નહીં. પરંતુ હવે રેલવે આ નિયમમાં ફેરફાર કર્યો છ.

#### આતંકવાદને લઇને પાઠવ્યો સંદેશ

# NSA ડોભાલની ચીનના વિદેશ મંત્રી સાથે મુલાકાત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

ચીનના વિદેશ મંત્રી વાંગ યી એ બીજિંગમાં ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને ચીન-ભારત સીમા મુદે ભારતના વિશિષ પ્રતિનિધિ અજીત ડોભાલ સાથે મુલાકાત કરી. વાંગે કહ્યુ કે ચીન અને ભારતનો ખુબ સારો પડોશી દેશ છે. પડાશી દેશ આ દિશા પર ચાલી રહ્યો છે અને પરસ્પર સાથ સહકાર અને લાભની જીત સાથે મળવાનો પ્રયાસ કરી રહ્યો છે. જે પ્રાચીન સભ્યતા અને ઐતિહાસિક જ્ઞાનનું પ્રદર્શન કરવુ જોઈએ, સંવેદનશીલ મુદ્દાઓ ઠીકથી સંભાળવા જોઈએ. બોર્ડર આસપાસના વિસ્તારોમાં શાંતિ અને સૌહાર્દ રાખવો જોઈએ. આ યાત્રામાં મે ૨૦૨૦માં પૂર્વી લદાખ અને સૈન્ય ગતિરોધ શરૂ થયો છે અને દ્વિપક્ષીય સંબંધોમાં સામાન્ય સ્થિતિ જળવાય તે જોવાનુ છે. આ યાત્રા ભારત અને ચીનના સંબંધોને મહત્ત્વપૂર્ણ ઉંચાઈ પર પહોંચાડવાનું કામ છે. જે પૂર્વી લદાખમાં ૨૦૨૦ના સૈન્ય ગતિવિધિ અને તણાવપૂર્ણ સ્થિતિ છે તેને દૂર કરવાની અને સ્થિતિ સામાન્ય બને તે કરવાની જરૂરીયાત છે.

#### હિંસાના કારણે કાંગોમાં પરિસ્થિતિ ગંભીર

# ૧.૩૬ લાખથી વધુ લોકો અન્ય દેશોમાં શરણ લેવા મજબૂર બન્યા : યુનિસેફ

### શરણાર્થીઓને ખોરાક, સ્વચ્છ પાણી, તબીબી સંભાળ-સુરક્ષાની સખત જરૂર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

યુનિસેફના જણાવ્યા પ્રમાણે યુગાન્ડાએ પૂર્વી કાંગોમાંથી આવેલા લગભગ ૬૭,૦૦૦ શરણાર્થીઓને શરણ આપી છે. બીજી તરફ બુરુન્ડીમાં ૭૦,૦૦૦થી વધુ લોકો જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો શરણ લઈ ચૂક્યા છે. યુનિસેફે આ માનવતાવાદી સંકટને વિશ્વની સૌથી ગંભીર પરિસ્થિતિઓમાંની એક ગણાવી છે. યુનિસેફના રિપોર્ટ પ્રમાણે શરણાર્થીઓને ખોરાક, સ્વચ્છ પાણી, તબીબી સંભાળ અને સુરક્ષાની સખત જરૂર છે. યુગાન્ડા અને બુરુન્ડીમાં ટ્રાન્જિટ સેન્ટર પહેલેથી જ ભરાયેલા છે અને હવે વધારાના દબાણને સંભાળવામાં અસમર્થ છે. આ રિપોર્ટમાં જણાવવામાં



આવ્યું છે કે, વરસાદની ઋતુ શરૂ થતાં પરિસ્થિતિ વધુ વણસી રહી છે. પૂર, ચેપી રોગો અને સ્થળાંતરનું જોખમ વધ્યું છે. બાળકોમાં કુપોષણ, કોલેરા અને ઓરી જેવા ગંભીર રોગોનો દર પણ વધી રહ્યો છે. યુનિસેફે રાહત કામગીરીને ઝડપી બનાવવા માટે ૨.૨ મિલિયન યુએસ ડોલર (લગભગ ૧૮૩ કરોડ રૂપિયા)ની તાત્કાલિક સહાયની અપીલ કરી છે.

#### ભારત સહિતના દેશો માટે ગુડ ન્યૂઝ

# અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એલાન બાદ ક્રૂડ ઓઇલના ભાવ કડડભૂસ થયા

### યુએસ WITમાં પણ મોટો કડાકો નોંધાયો, સોમવારે ક્રૂડ ઓઇલ કિંમત ૯ ટકા સસ્તી થયા બાદ આજે વધુ ૭ ટકા ઘટી છે

। (એજન્સી) તેહરાન, તા.૨૪ ।

ઈરાન અને ઈઝરાયલ બંને યુદ્ધવિરામ માટે સહમત થયા હોવાના અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એલાન બાદ ક્રૂડ ઓઈલના ભાવ કડડભૂસ થયા છે. બ્રેન્ટ ક્રૂડ ઓઈલ ફ્યુચર ૭ ટકા સુધી તૂટ્યું છે. યુએસ WITમાં પણ મોટો કડાકો નોંધાયો છે. સોમવારે ક્રૂડ ઓઈલ કિંમત ૯ ટકા સસ્તી થયા બાદ આજે વધુ ૭ ટકા ઘટી છે. બપોરે ૧ વાગ્યે WTI ક્રૂડ ૩.૪૦ ટકાના કડાકે ૬૬.૨૨ ડૉલર પ્રતિ બેરલ પર અને બ્રેન્ટ ક્રૂડ ૩.૪૯ ટકા તૂટી ૬૬.૨૯ ડૉલર પ્રતિ બેરલ પર ક્વોટ થઈ રહ્યું હતું. ટ્રમ્પે ગઈકાલે મોડી રાત્રે જાહેરાત કરી હતી કે, ઈઝરાયલ અને ઈરાન સંપૂર્ણપ ણે સીઝફાયર કરવા સહમત થયા છે. ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂએ પણ આ મામલે ખાતરી આપી છે. જેના પગલે ક્રૂડ ઓઈલના ભાવ પટકાયા હતા. બંને દેશો વચ્ચે ભીષણ યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલ ૨૦થી ૨૫ ટકા ઉછળી સતત નવી ઊંચાઈએ પહોંચી રહ્યું હતું. પરંતુ યુદ્ધવિરામની જાહેરાત બાદ ભાવ ઠંડા થયા છે. ડૉલર પણ તૂટ્યો છે. ગઈકાલે ૭૮ ડૉલર પ્રતિ બેરલ પર ખૂલ્યા બાદ બ્રેન્ટ ક્રૂડ આજે ૬૫ ડૉલર પ્રતિ બેરલ થયુ હતું. ટ્રમ્પે જણાવ્યું હતું કે, ઈઝરાયલ અને ઈરાન યુદ્ધવિરામ માને સહમત થયા છે. બંને દેશો શાંતિ જાળવી રાખે અને ભીષણ યુદ્ધ ૨૪ કલાક બાદ ખતમ કરે તો ૧૨ દિવસથી ચાલી રહેલી લડાઈનો અંત આવશે. બંને દેશો વચ્ચે યુદ્ધ વિરામ માટે ફૂલ અને કોમ્પ્રેહેન્સિવ સીઝફાયર અપ્લાય થશે. ટ્રમ્પની આ જાહેરાતથી શેરબજારમાં તેજી આવી હતી. ડૉલર ઈન્ડેક્સ પણ વધ્યો હતો. પરિણામે ક્રૂડના ભાવો તૂટ્યા હતા.

#### દરિયો બતાવી રહ્યો છે રૌદ્ર સ્વરૂપ

# મુંબઈમાં ૫ દિવસ ભયંકર વરસાદ અને હાઈ ટાઈડનું એલર્ટ જાહેર કર્યું

। (એજન્સી) મુંબઇ, તા.૨૪ ।

ભારતીય હવામાન વિભાગે ૨૪ જૂનથી ૨૮ જૂન સુધી મુંબઈ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે. ૨૪ જૂનથી ૨૮ જૂન, ૨૦૨૫ સુધી સતત ૫ દિવસ માટે દરિયામાં હાઈ ટાઈડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હાઈ ટાઈડ એટલે કે ભરતી દરમિયાન દરિયામાં સાડા ચાર મીટરથી વધુ ઊંચા મોજા ઉછળી શકે છે.ૈંસ્ડ્ઢ અનુસાર, ૨૫ થી ૩૦ જૂન સુધી મુંબઈમાં હવામાન ખરાબ રહેશે. ભારે વરસાદની શક્યતા છે. ૨૪ જૂનથી ૨૮ જૂન સુધી હાઈ ટાઈડની શક્યતા છે. આજે સવારે ૧૧:૧૫ વાગ્યે અરબી સમુદ્રમાં ૪.૫૯ મીટર ઊંચા મોજા ઉછળ્યા હતા. હવામાન વિભાગે જૂનથી સપ્ટેમ્બર સુધીના ૪ મહિનામાં ૧૯ દિવસ સુધી હાઈ ટાઈડનું એલર્ટ જાહેર કર્યું છે. તેમજ મુંબઈમાં દરિયો તેના રૌદ્ર સ્વરૂપ માં હોવાથી, બીએમસીએ પ્રવાસીઓને દરિયાથી દૂર રહેવાની સલાહ આપી છે. મુંબઈ પોલીસે મુંબઈના જૂહુ સહિત અન્ય બીચ પર તકેદારી વધારી દીધી છે. બીએમસીએ ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ પણ બનાવવામાં આવ્યો છે. હવામાન વિભાગના અહેવાલ મુજબ, આગામી ૨ દિવસમાં દક્ષિણપશ્ચિમ ચોમાસું આગળ વધશે. ઉત્તર અરબી સમુદ્રના કેટલાક ભાગો, રાજસ્થાન, પંજાબના કેટલાક ભાગો, હરિયાણા-ચંદીગઢ અને દિલ્હીના કેટલાક વિસ્તારો, પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને હિમાચલ પ્રદેશ અને જમ્મુના કેટલાક વિસ્તારોમાં ચોમાસુ આગળ વધશે. તેમજ ૨૫ જૂનથી ઉત્તરપશ્ચિમ ભારતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે. આગામી ૭ દિવસમાં મધ્ય, પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતના કેટલાક ભાગોમાં પણ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે.

**પશ્ચિમ રેલ્વે વડોદરા**

**વિવિધ પુલો પર બાજુનો રસ્તો પૂરો પાડવા અને ફિક્સિંગ વ્યવસ્થા કરવા**

ઈ-ટેન્ડર નોટિસ નં.
**DYCE-BR-BRC-03-2025-26**

ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ-લાઇન) વડોદરા, પશ્ચિમ રેલ્વે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦૦૦૪ દ્વારા નીચેના કામો માટે ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી ઈ-ટેન્ડર મંગાવવામાં આવે છે. **ક્રમ નં. ૧: ટેન્ડર નં. DYCE-BR-BRC-03- 2025-26** કામનું **નામ:** વડોદરા વિભાગઃ- SSE BR BR ના અધિકારક્ષેત્રમાં આવતા વિવિધ પુલો પર સાઇડ પાથવે વ્યવસ્થા પૂરી પાડવી અને ફિક્સ કરવી વડોદરા વિભાગના BR BRC (૩૭ પુલો) કામની અંદાજિત કિંમત (રૂ.માં): ૭,૪૦,૦૩,૮૦૨.૧૩ બિડ સિક્યોરિટી જમા કરાવવાની રહેશે (રૂ.માં): ૫,૨૦,૦૦૦.૦૦, ઈ-ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમય અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ: ઓનલાઈન ટેન્ડર ૨૧-૦૭-૨૦૨૫ ના રોજ ૧૫:૦૦ કલાક પહેલા સબમિટ કરવાના રહેશે અને તે જ તારીખે ૧૫:૩૦ કલાકે ખોલવાના રહેશે. સંપૂર્ણ વિગતો જોઈ શકાય તેવા સ્થાન માટે વેબસાઇટ વિગતો અને સૂચના વગેરે: વેબસાઈટ @www.ireps.gov.in ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ લાઇન) વડોદરા, પશ્ચિમ રેલ્વે, પ્રતાપનગર, વડોદરા-૪.

BRC-078

અમને પસંદ કરો: facebook.com/WesternRly

## તંત્રી લેખ...

# ટ્રમ્પની ચેતવણી છતાં ઇઝરાયલનો ઈરાન પર ફરી મોટો હુમલો

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે સીઝફાયર પર મંજૂરીના અઢી કલાકમાં જ ઈરાને હુમલો કર્યો હતો. આ હુમલાનો વળતો જવાબ આપતાં ઈઝરાયલે પણ તેહરાનમાં એક-પછી એક બે હુમલા કરી દીધા છે. ટ્રમ્પે ઈઝરાયલને હુમલો કરવાની ના પાડી હોવા છતાં ઈઝરાયલે તેહરાન નજીક સ્થિત ઈરાની રડાર મથક પર એરસ્ટ્રાઈક કરી હોવાના અહેવાલો મળ્યા છે. સ્થાનિક મીડિયા અનુસાર, તેહરાનથી લગભગ ૨૦૦ કિમી કેસ્પિયન સમુદ્રના કિનારે સ્થિત બાબોલ અને બાબોલસર શહેરમાં વિસ્ફોટનો અવાજ સંભળાયો હતો. હજુ સુધી હુમલામાં નુકસાન અને જાનહાનિના કોઈ અહેવાલ મળ્યા નથી. આ હુમલા બાદ મધ્ય-પૂર્વમાં ફરી તણાવ વધ્યો છે.છેલ્લા ૧૨ દિવસથી ચાલી રહેલા ભીષણ યુદ્ધનો અંત લાવવા આજે સવારે જ બંને દેશોએ સીઝફાયરને સહમતિ આપી હતી. આ અંગે સૌપ્રથમ જાહેરાત અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કરી હતી. જો કે, આ જાહેરાતના અઢી કલાકમાં જ ઈરાને ઈઝરાયલ પર હુમલો કરતાં સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું હતું. ઈઝરાયલે પણ સામે વળતો જવાબ આપવાની તૈયારી બતાવી હતી. ઈઝરાયલના સંરક્ષણ મંત્રીએ સેનાને મજબૂતાઈથી આકરો જવાબ આપવા આદેશ આપ્યો હતો. જેના ભાગરૂપે ઈઝરાયલે તેહરાનમાં એક-પછી એક બે હુમલા કર્યા હતા. ટ્રમ્પે વ્હાઈટ હાઉસ લૉન પર મીડિયા સાથે વાતચીત કરતાં આ સમગ્ર ઘટના પર નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે ઈરાન અને ઈઝરાયલ યુદ્ધ પર ટીપ્પણી કરતાં ગુસ્સામાં અપશબ્દો પણ કહ્યા હતાં. ટ્રમ્પે કહ્યું કે, આટલા સમયથી બંને લડી રહ્યા છે. તેમને પોતાને ખબર નથી કે, તેઓ શું કરી રહ્યા છે. હું બંનેથી ખાસ કરીને ઈઝરાયલથી નારાજ છું.

# પ્રધાનમંત્રી મોદીએ નારાયણ ગુરુ-મહાત્મા ગાંધી વચ્ચેની ઐતિહાસિક વાતચીતના શતાબ્દી સમારોહને સંબોધિત કર્યો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં ભારતના બે મહાન આધ્યાત્મિક અને નૈતિક નેતાઓ, શ્રી નારાયણ ગુરુ અને મહાત્મા ગાંધી વચ્ચેના ઐતિહાસિક વાર્તાલાપના શતાબ્દી સમારોહને સંબોધિત કર્યો હતો. આ પ્રસંગે સભાને સંબોધતા, પ્રધાનમંત્રીએ તેમની આદરપૂર્ણ શુભેચ્છાઓ પાઠવી અને કહ્યું કે આજે આ સ્થળ દેશના ઈતિહાસમાં એક અભૂતપૂર્વ ક્ષણનું સાક્ષી બની રહ્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ એક ઐતિહાસિક ઘટના હતી જેણે આપણા સ્વતંત્રતા આંદોલનને નવી દિશા આપી, સ્વતંત્રતાના ઉદ્દેશ્યોને નક્કર અર્થ આપ્યો અને સ્વતંત્ર ભારતનું સ્વપ્ન સાકાર કર્યું. પ્રધાનમંત્રીએ કહ્યું, ''શ્રી નારાયણ ગુરુ અને મહાત્મા ગાંધી વચ્ચે ૧૦૦ વર્ષ પહેલાં થયેલી મુલાકાત આજે પણ પ્રેરણાદાયક અને સુસંગત છે અને સામાજિક સંવાદિતા અને વિકસિત ભારતના સામૂહિક લક્ષ્યો માટે ઊર્જાના શક્તિશાળી સ્રોત તરીકે સેવા આપે છે.'' તેમણે આ ઐતિહાસિક પ્રસંગે શ્રી નારાયણ ગુરુના ચરણોમાં નમન કર્યું અને મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ પણ આપી હતી. મોદીએ કહ્યું, ''શ્રી નારાયણ ગુરુના આદર્શો માનવતા માટે એક મહાન સંપત્તિ છે.'' તેમણે કહ્યું કે શ્રી નારાયણ ગુરુ દેશ અને સમાજની સેવા કરવા માટે પ્રતિબદ્ધ લોકો માટે માર્ગદર્શક પ્રકાશ તરીકે સેવા આપે છે. તેમણે સમાજના દલિત, શોષિત અને વંચિત વર્ગો સાથે લાંબા સમયથી જોડાયેલા રહ્યા છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આજે પણ જ્યારે તેઓ આ સમુદાયોના ભલા માટે મોટા નિર્ણયો લે છે, ત્યારે તેઓ ગુરુદેવને યાદ કરે છે. ૧૦૦ વર્ષ પહેલાંની સામાજિક પરિસ્થિતિઓ પર પ્રતિબિંબ પાડતા, જે સદીઓથી ચાલી આવતી વસાહતી શાસનની વિકૃતિઓ દ્વારા આકાર પામી હતી, શ્રી મોદીએ કહ્યું કે તે સમયે લોકો પ્રવર્તમાન સામાજિક દુષણો સામે બોલતા ડરતા હતા. જોકે, તેમણે એ વાત પર ભાર મૂક્યો કે શ્રી નારાયણ ગુરુ વિરોધથી અવિચલિત હતા અને પડકારોથી ડરતા નહોતા. પ્રધાનમંત્રીએ નિર્દેશ કર્યો કે શ્રી નારાયણ ગુરુનો સત્ય, સેવા અને સદ્ભાવનામાં સાથે સુમેળ અને સમાનતામાં દૃઢ વિશ્વાસ હતો. આ પ્રેરણા જ આપણને 'સબકા સાથ, સબકા વિકાસ'નો માર્ગ બતાવે છે તેના પર ભાર મૂકતા, શ્રી મોદીએ કહ્યું કે આ વિશ્વાસ આપણને એવા ભારતનું નિર્માણ કરવાની શક્તિ આપે છે, જ્યાં અંતિમ છેડે ઉભેલી વ્યક્તિ આપણી ટોચની પ્રાથમિકતા હોય છે. પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે શિવગિરિ મઠના લોકો અને સંતો શ્રી નારાયણ ગુરુ અને મઠમાં તેમની ઊંડી અને અતૂટ શ્રદ્ધાથી સારી રીતે વાકેફ છે. તેમણે કહ્યું કે તેમને હંમેશા મઠના પૂજ્ય સંતોનો સ્નેહ મળ્યો છે. તેમણે ૨૦૧૩માં કેદારનાથમાં થયેલી કુદરતી આફતને યાદ કરી જેમાં શિવગિરિ મઠના ઘણા લોકો ફસાયા હતા. મઠે તેમને, જે તે સમયે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ફસાયેલા લોકોને બહાર કાઢવાની જવાબદારી સોંપી હતી. શ્રી મોદીએ કહ્યું કે કટોકટીના સમયે, તેમનું પહેલું ધ્યાન એવા લોકો પર જાય છે જેમને તેઓ પોતાના માને છે - જેમના પ્રત્યે તેઓ પોતાનુંપણું અને જવાબદારી અનુભવે છે. તેમણે કહ્યું કે શિવગિરિ મઠના સંતો દ્વારા દર્શાવવામાં આવેલી આત્મીયતા અને વિશ્વાસ કરતાં તેમના માટે કોઈ મોટી આધ્યાત્મિક સંતોષ હોઈ શકે નહીં. કાશી સાથેના તેમના જોડાણ પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે વરકલાને લાંબા સમયથી દક્ષિણની કાશી કહેવામાં આવે છે. તેમણે કહ્યું કે કાશી ઉત્તરમાં હોય કે દક્ષિણમાં, તેમના માટે દરેક કાશી પોતાની છે. મોદીએ કહ્યું કે તેઓ ભારતની આધ્યાત્મિક પરંપરાઓ અને તેના ઋષિઓ અને મુનિઓના વારસાને નજીકથી સમજવા અને જીવવા માટે ભાગ્યશાળી રહ્યા છે. તેમણે ભાર મૂક્યો કે ભારતની એક અનોખી શક્તિ એ છે કે જ્યારે પણ દેશમાં ઉથલપાથલ થાય છે, ત્યારે દેશના કોઈ ખૂણામાંથી એક મહાન વ્યક્તિત્વ ઉભરી આવે છે અને સમાજને એક નવો માર્ગ બતાવે છે. તેમણે કહ્યું કે કેટલાક લોકો સમાજના આધ્યાત્મિક ઉત્થાન માટે કામ કરે છે, જ્યારે કેટલાક સામાજિક સુધારાઓને પ્રોત્સાહન આપે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે શ્રી નારાયણ ગુરુ આવા મહાન સંતોમાંના એક હતા. તેમણે કહ્યું કે 'નિવૃત્તિ પંચકમ' અને 'આત્મોપદેશ શતકમ' જેવા તેમના કાર્યો અદ્વૈત અને આધ્યાત્મિક અભ્યાસના કોઈપણ વિદ્યાર્થી માટે આવશ્યક માર્ગદર્શક તરીકે સેવા આપે છે. નારાયણ ગુરુના મુખ્ય વિષયો યોગ, વેદાંત, આધ્યાત્મિક વ્યવહાર અને મુક્તિ હતા તે નોંધીને, શ્રી મોદીએ ભાર મૂક્યો કે શ્રી નારાયણ ગુરુ સમજતા હતા કે સામાજિક દુષ્ટતાઓમાં ફસાયેલા સમાજનો આધ્યાત્મિક ઉત્થાન તેના સામાજિક ઉત્થાન દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે. તેમણે ભાર મૂક્યો કે શ્રી નારાયણ ગુરુએ આધ્યાત્મિકતાને સામાજિક સુધારણા અને જન કલ્યાણના માધ્યમમાં પરિવર્તિત કરી હતી.

**સવારનાં સાડા ચાર વાગ્યે સરગમનો એલાર્મ વાગ્યો, એ ઉભી થઇને નિત્ય કર્મથી પરવારી અને પોતાનો તાન પૂરો લઈને રિયાઝ કરવાં બેઠી!**

# સરગમ એ શું કામ નાની ઊંમરે જ ભેખ લીધો? અને જીવન સંગીતને સમર્પિત કર્યું?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**કઠોર પરિશ્રમ પછી કલા પ્રાપ્ત થાય! અને કદર કરવી કે દાદ દેવી એ પણ દરેકનું કામ નથી, જેને ચિત્રકલામાં ખબર પડતી ન્હોય એને મોર્ડન આર્ટમાં લીટોડા કર્યા છે, એવું જ લાગે! સૂર સંગીતની વાત હોય તો શાસ્ત્રીય સંગીતમાં સમજ પડતી ન્હોય એને અડધી કલાકથી શું રાગોડા તાણે છે? એવું જ લાગે! આ તો ઉદાહરણ છે! બાકી કલાની પરખ હોય એ જ કલાકારનું સાચું મુલ્યાંકન કરી શકે!**

આજનો યુગ એક રીતે જોઈએ તો મલ્ટી ટેલેન્ટ નો છે! અને એટલે જ માબાપ પણ પોતાનાં બાળકોને નાનપણથી રેસનો ઘોડો હોય, એમ એક યા બીજી જગ્યાએ મોકલી એને સ્માર્ટ બનાવવા કોશિશ કરે છે! પણ એમ શોખ રાખવાથી કલાકાર થવાતું નથી! એની માટે સાધના કરવી પડે છે, એટલે કે કઠોર પરિશ્રમ પછી કલા પ્રાપ્ત થાય! અને કદર કરવી કે દાદ દેવી એ પણ દરેકનું કામ નથી, જેને ચિત્રકલામાં ખબર પડતી ન્હોય એને મોર્ડન આર્ટમાં લીટોડા કર્યા છે, એવું જ લાગે! સૂર સંગીતની વાત હોય તો શાસ્ત્રીય સંગીતમાં સમજ પડતી ન્હોય એને અડધી કલાકથી શું રાગોડા તાણે છે? એવું જ લાગે! આ તો ઉદાહરણ છે! બાકી કલાની પરખ હોય એ જ કલાકારનું સાચું મુલ્યાંકન કરી શકે! તો ચાલો જાણીએ બુધવારની બોધકથામાં એક ચિત્ર વિચિત્ર કિસ્સો!

સવારનાં સાડા ચાર વાગ્યે સરગમનો એલાર્મ વાગ્યો, એ ઉભી થઈને નિત્ય કર્મથી પરવારી અને પોતાનો તાન પૂરો લઈને રિયાઝ કરવાં બેઠી! પણ પિતા ગુરુદેવનું સ્મરણ કરી હજી તો સૂર છેડે એ પહેલાં જ એને કંઈક યાદ આવ્યું, અને એ ઉભી થઈને એક સોરી લખેલ કાર્ડ જમનાદાસ શેઠનાં બારણાં પાસે મુકી આવી ! આ એનો રોજનો ક્રમ હતો! પણ છતાં જેવા ગીત સંગીતનાં સૂર નીકળે અને સરગમ ''ઠુમક ચલત રામચંદ્ર બાજત પૈજનીયા''નો આલાપ શરૂ થાય એટલે જમનાદાસ શેઠ એક રાડ પાડે, અને સાથે સાથે ન બોલવાનું પણ બોલે! કે આ વાંઝિયણ અહીં ક્યાંથી આવી ગઈ, અને રોજ મારી સવાર બગાડે છે. વાંઝિયણ એ ઉપનામથી એ ક્યારેક એના



પત્નીને પણ નવાઝતા હતાં! વાત જાણે એમ હતી કે જમનાદાસ એક વિધૂર હતાં, અને આ સોસાયટીમાં લગભગ વીસ વર્ષથી રહેતાં હતાં! એમની પત્ની જયા બહેન જીવતાં ત્યારથી એનો સ્વભાવ તીતાલી અને ક્રોધી કહી શકાય એવો જ હતો! અને એટલે જ જયા બેન કાયમ કબૂતરી જેમ ફફડતા રહેતાં અને ઉંમર કરતાં વહેલા વહેલા હરિને ધામ જતાં રહ્યાં! પણ એનાં ગયાં પછી પણ એમને પત્નીને કાયમ ધમકાવીને રાખી, એ વાતનો પસ્તાવો નહોતો! પરંતુ હવે એકલતા અને ઉંમર સહજ સમસ્યાઓને કારણે સ્વભાવ વધુ ખરાબ થઈ ગયો હતો! સગાં સંબંધીઓ એને સમજાવતાં પણ એનામાં કોઈ ફેર પડ્યો નહીં! અને એમાં છ મહિના પહેલાં અહીં એની બરોબર અડીને આવેલા બંગલોમાં સરગમ રહેવા આવી! એટલે તો એનો ગુસ્સો સાતમા આસમાને જ હોય! એનાં ઘરે કામ કરવાં આવતી કાંતાને પણ ગમે તેમ કહે! છતાં શેઠાણીનાં છાનાં છાનાં ઉપકારને કારણે કાંતા અને રઘુરામ કામ કરે રાખતાં હતાં.

સરગમ એક ત્રીસ આસપાસની સ્ત્રી હતી! પણ મીરાં જેમ ભેખ લઈ લીધો હતો, અને કહેતી કે આ સંસાર મને એકવાર રાસ ન આવ્યો! કોને ખબર બીજીવાર પણ ન આવે! એનાં કરતાં હવે સંગીત જ મારો સાથી! અને બસ ત્યારથી સંગીત જ તેનું જીવન થઈ ગયું હતું. આમ તો વાત મળી છે કે એના પતિ સંદીપ સિંહ એ બાળક નથી થતું એ બહાને ડિવોર્સ લીધા! બાકી એને કોઈ બીજી ભાવી ગઈ હતી. સરગમ દેખાવે સુંદર હતી પણ સાદી હતી, અને શહેરી બાબુને નખરાળી લૈલા જોઈતી હતી! બાપદાદાનો જમીનદારનો વર્ષો જુનો ધંધો! અને હવે તો શહેરમાં પણ કન્સ્ટ્રક્ટર્સ અને હોટલ બીઝનેસ! ખૂબ રુપિયા એટલે શોખ પણ જેવાં તેવાં થોડા હોય! બધી વાતે પૂરો અને સરગમ રહી સાવ સાદી. હવેલી બહાર ફેશનેબલ વસ્ત્રો પહેરીને જવું આવવું, પત્તા રમવા, ડ્રીંક પીવું, કે ઈંગ્લીશમાં વાતો કરવી, એવાં કોઈ શોખ ન્હોતાં! એ તો પતિને પરમેશ્વર માનીને ખડાં પગે એની ચાકરી કરતી! જોકે એવું નહોતું કે સરગમને સંદીપ સિંહનાં માથે મારવામાં આવી હતી!: સંદીપ સિંહ એ જાતે પસંદ કરી હતી. હવેલીમાં સંગીતની મહેફિલ જામતી ત્યારે હાર્મોનિયમ પર સૂર સાધવા માટે સરગમનાં પિતા પંડિત ભૈરવનાથને ભૈરવી માટે ખાસ આમંત્રણ આપવામાં આવતું! એકવાર ચાલું મહેફિલે ભૈરવનાથની તબિયત બગડી અને હવેલીમાં કોઈ ડ્રાઈવર ન હોવાથી સંદીપ સિંહ તેને મુકવા આવ્યાં, અને એણે પડદા પાછળ ઉભેલી સરગમ ને જોઈ, અને એ એક નજરમાં એણે લગ્નનું નક્કી કરી નાખ્યું. પણ તડકતાં ભડકતાં બદનો સાથે જેનો નાતો હોય એ સંદીપ સિંહને જોતાં જ સરગમ થરથર કંપવા લાગતી ! તો ક્યારેક ઠંડીગાર થઈ જતી! અને એ એને બિસ્તર પર પટકી જતો રહેતો! સરગમ તો એવો તાર હતી જેને બહુ નજાકતથી છેડીએ તો જ સૂર નીકળે, નહીં તો સૂર કર્કશ બની જાય! બે વર્ષ પછી સંદીપ સિંહ એ ડિવોર્સ લીધાં અને સરગમ પિતા પાસે પાછી ફરી! એક બેજાન લાશ જેવી દિકરીનાં જીવનને ફરીથી નવ પલ્લવિત કરવાં પિતાએ સંગીતમાં રસ સીંચવાનું શરું કર્યું! સરગમને પણ સંગીત સાધનાથી જીવનમાં રોશની ફેલાતી દેખાઈ અને એણે બાકીનું જીવન સંગીતને સમર્પિત કર્યું! પછી તો પંડિત ભૈરવનાથનું દેહાંત થયું. પંડિત ભૈરવનાથ દેશ વિદેશમાં પોતાના સંગીત માટે પ્રખ્યાત હતાં, અને એનાં શો પણ યોજાતા! હવે એ ચાર્જ સરગમે લીધો હતો અને એ પણ દેશ વિદેશમાં પોતાનાં તાન પૂરાં સાથે શો કરતી હતી, અને એને પણ ખૂબ પ્રસિદ્ધિ મળી! એટલે જ તો આ સોસાયટીમાં આટલો મોટો બંગલો ખરીદ્યો. સંગીતે સરગમનાં જીવનમાં પ્રાણ પૂર્યા હતાં, અને એટલે એ પણ કેટલાય જીવનને રોશન કરવા સમાજ સેવા માટે ખૂબ દાન કરતી હતી! આ ઉપરાંત હમણાં એક નવો પ્રયોગ શરૂ કર્યો હતો! વૃદ્ધાશ્રમમાં, હોસ્પિટલમાં, કે પછી જેલના ચેરીટી માટે શો ગોઠવતી એક સંસ્થા સાથે જોડાઈ હતી, અને ત્યાં સરગમનાં શો નું આયોજન થતું! આવી જ એક સાંજે જેલમાં સરગમનો શો ગોઠવાયો હતો! સરગમ આવવા માટે નીકળી ત્યારે એણે જોયું કે, પોતાની કાર પાસે શેઠ જમનાદાસ હાથમાં સોરીનું કાર્ડ લઈને ઉભાં હતાં! સરગમ આગળ વધી અને શેઠને પગે લાગતાં બોલી, અંકલ હું તો તમારી દીકરી છું! મને થોડું સોરી હોય! આમ કહી હસીને ગાડીમાં બેસી ગઈ. જેલનાં કેદીઓને મુક્ત કરી હોલમાં બેસાડ્યા હતા! સરગમને ખાસ કહેવામાં આવ્યું હતું કે અહીં બધાં શાસ્ત્રીય સંગીતને જાણનાર ન્હોય એટલે થોડો સુગમ સંગીતનો ટચ હોય એમ.. અને શો શરૂ થયો! સરગમ એ શરૂ કર્યું એક રાધા એક મીરાં! દોનોં નેં શામ કો ચાહા!.. જેલમાં આ પ્રથમ પ્રયોગ હતો! પણ કેદીઓના જીવનમાં પશ્ચાતાપની ભૂમિકા બનાવવામાં સફળ રહ્યો. પ્રોગ્રામ પૂરો થયો, સરગમ એ સૌનું અભિવાદન સ્વીકારી જવાની તૈયારી કરી, અને પોતાનું વાજીંત્ર પેક કરતી હતી, ત્યાં જેલર એક કેદીને લઈને આવ્યા! કોઈનાં હાથ એના પગને અડી રહ્યાં છે, એવો અહેસાસ થતાં સરગમ એ ઉંચે જોયું તો એ સંદીપ સિંહ હતાં, અને એની આંખોમાંથી દડદડ આંસુ જતાં હતાં! એણે કહ્યું હું માફીને લાયક નથી! પણ મેં એની હત્યા કરી ! જેણે તારું સ્થાન લીધું હતું! અને પછી હું જાતે જ સરંડર થયો! અને હા એક દિકરી બાગેશ્રી છે જે પોલીસ કસ્ટડીમાં હતી! પછી કદાચ અનાથાશ્રમ મોકલવામાં આવી હશે!

જ્યારથી સંદીપ સિંહ એ કહ્યું કે એની દીકરી અનાથાશ્રમમાં છે, ત્યારથી સરગમને ચેન નહોતું! એણે બાગેશ્રીને દત્તક લીધી! પછીની સંધ્યાએ તે શેઠ જમનાદાસ પાસે પહોંચી અને કહ્યું અંકલ હું આજથી તમને પિતાજી કહું! શેઠની આંખમાંથી દડદડ આંસુ સરી પડ્યા! નાનકડી બાગેશ્રી નાનાજી નાનાજી કરતી એને ખોળે ચડી બેઠી! આમ સંગીત એ શેઠનું કઠોર હૃદય પણ કોમળ કરી દીધું અને એક નાનકડો પરિવાર ખુશીથી રહેવા લાગ્યો.

**કોઈ જીવ પ્રત્યે કુભાવ રાખો તો તે ઈશ્વર પ્રત્યે કુભાવ રાખવા જેવું છે, મનુષ્ય નિર્મત્સર ન બને ત્યાં સુધી તેનો ઉદ્ધાર થતો નથી**

# જ્યારથી લોકો વડીલોનો આદર ઓછો કરવા લાગ્યા છે! ''ત્યારથી''લોકો પોતાના શરીરમાં ''દવાઓ''વધુ અને ''આશીર્વાદ'' ઓછા ભરવા લાગ્યા છે!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**કળિયુગના મનુષ્યો પોતાને ચતુર સમજે છે, પણ સંસારના વિષયો પાછળ પડે તે ચતુર શાનો? શાસ્ત્ર કહે છે સો કામને છોડીને ભોજન કરવું, હજાર કામ છોડીને સ્નાન કરવું, લાખ કામ છોડીને દાન કરવું અને કરોડ કામ છોડીને પ્રભુનું સ્મરણ કરવું, ઘરનાં કાર્યો કર્યા પછી માળા ફેરવવી એમ નહીં, પરંતુ પ્રભુના નામનો જપ કર્યા પછી, માળા ફેરવ્યા પછી બધાં કાર્ય કરો.**

અખા ભગતના હૃદય કંઠેથી જે વેદના છપ્પા રૂપે કડવી છતાં ચોટદાર જે વાત શબ્દો નીકળ્યા તે સ્વસ્થ સમાજ માટે આજે પણ યોગ્ય સાબિત થાય છે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો તિલક કરતાં ત્રેપન વહ્યાં,જપ માળાનાં નાકાં ગયાં;તીરથ ફરી ફરી થાક્યાં ચરણ,તોય ન પહોંચ્યા હરિને શરણ;કથા સુણી સુણી ફુટ્યા કાન,અખા તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન.કથાને સાંભળી તેને જીવનમાં ઉતારનાર ઓછા છે. તમે કેવળ શ્રોતા નહીં, જીવનના કર્મવીર પણ બનો. કર્મવીર પુરુષ સાંભળવાની ઈચ્છા કરે છે ત્યારે ઈશ્વર વિના વિલંબે એના હૃદયમાં આવીને આસનજમાવી બેસી જાય છે. ભાગવતની કથા સાંભળ નારો નિષ્કામ અને નિર્મત્સર બને છે. કોઈ જીવ પ્રત્યે કુભાવ રાખો તો તે ઈશ્વર પ્રત્યે કુભાવ રાખવા જેવું છે. મનુષ્ય નિર્મત્સર ન બને ત્યાં સુધી તેનો ઉદ્ધાર થતો નથી. જેવી ભાવના તમે બીજા માટે રાખશો, તેવી ભાવનાતે તમારા માટે રાખશે બીજા સાથે વેર કરનારો પોતાની સાથે જ વેર કરે છે, કારણ સર્વના હૃદયમાં ઈશ્વર રહેલો છે. નૈમિષારણ્યમાં અઠ્યાસી હજાર ઋષિઓ ભેગા થયા છે, ત્યા શૌનકજીએ સૂતજી ને પ્રશ્ન કર્યો, જીવમાત્રનું કલ્યાણ શાથી થાય તે કહો.કળિયુગના શક્તિહીન માણસો પણ કરી શકે તેવું સુલભ સરળ સાધન બતાવો. આ કળિયુગના મનુષ્યો મંદબુદ્ધિ વાળા અને મંદ શક્તિવાળા છે, તેથી સાધન કઠણ હશે તો કરશે નહીં.વળી એવા ભોગી છે કે, એક આસને બેસી આઠ કલાક ધ્યાન કરી શકશે નહીં, કળિયુગના મનુષ્યો પોતાને ચતુર સમજે છે, પણ સંસારના વિષયો પાછળ પડે તે ચતુર શાનો? શાસ્ત્ર કહે છે સો કામને છોડીને ભોજન કરવું, હજાર કામ છોડીને સ્નાન કરવું, લાખ કામ છોડીને દાન કરવું અને કરોડ કામ છોડીને પ્રભુનું સ્મરણ કરવું. ઘરનાં કાર્યો કર્યા પછી માળા ફેરવવી એમ નહીં, પરંતુ પ્રભુના નામનો જપ કર્યા પછી,માળા ફેરવ્યા પછી બધાં કાર્ય કરો. કરોડ કામ છોડીને પહેલું ભાગવત સ્મરણ કરવું.કળિયુગમાં મનુષ્યો જે કરવાનું છે તે કરતાં નથી અને જે નથી કરવાનું તેને પહેલું ડરે છે એટલે કળિયુગમાં મનુષ્યને અચતુર અને મંદબુદ્ધિશક્તિવાળો કહ્યો છે. શૌનકજી કહે છે કે, અમને વિસ્તાર પૂર્વક શ્રીકૃષ્ણ કથા સંભળાવો. શ્રી કૃષ્ણ કથામાં તૃપ્તિ નથી, તેમ દર્શનમાં પણ અમને તૃપ્તિ નથી. ભગવાનની મંગલમય અવતાર- કથાઓનું અને ભગવાનની લીલા કથાનું વર્ણન કરો. કળિયુગમાં અધર્મ વધે છે,ત્યારે ધર્મ કોને શરણે જાય છે? તે અમને કહો. સમુદ્ર પાર કરવાવાળાને જેમ કર્ણધાર નાવિક મળી જાય, તેમ આપ અમને મળ્યા છો. પરમાત્માના દર્શનની આતુરતા વિના સંત મળતા નથી. જીવને પરમાત્માનાં દર્શનની આતુરતા જાગે છે. પ્રભુ કૃપાથી સંત મળે છે. સ્વાદ ભોજનમાં નહીં પણ ભૂખ માં છે. મનુષ્યને પરમાત્માને મળવાની ભૂખ ન જાગે ત્યાં સુધી તેને સંત મળે તો પણ તેને તેમાં સદભાવ થતો નથી. વક્તાનો અધિકાર સિદ્ધ થવો જોઈએ. તે પ્રમાણે શ્રોતાનો અધિકાર પણ સિદ્ધ થવો જોઈએ. શ્રવણનાં ત્રણ પ્રધાન અંગો છેઃ શ્રદ્ધા. શ્રોતાએ એકાગ્રતાથી, શ્રદ્ધાથી કથા સાંભળવી. જિજ્ઞાસા. શ્રોતામાં જિજ્ઞાસા હોવી જોઈએ. જિજ્ઞાસા ન હોય તો મન ઉપર કથાની અસર થશે નહીં. જાણવાની જિજ્ઞાસા ન હોય તો તેને કથા શ્રવણથી વિશેષ લાભ થતો નથી. નિમત્સરતા.શ્રોતાને જગતમાંકોઈ જીવ પ્રત્યે મત્સરભાવ ન હોવો જોઈએ. કથામાં દીન થઈને જવું જોઈએ. શિષ્યનો પણ અધિકાર જોવાય છેશ્રોતાનો પણ અધિકાર જોવાનો છે. એક મહાત્મા રામાયણની કથા કરતા હતા. કથા પૂરી થઈ. એક જણે મહાત્માને પૂછ્યું,આપે કથા કહી પણ મને સમજાયું નહીં કે રાવણ રાક્ષસ હતો કે રામ રાક્ષસ હતા. મહાત્માએ કહ્યું, રાવણ રાક્ષસ નહીં કે રામ પણ રાક્ષસ નહીં. રાક્ષસ તો હું જ કે તને કશું સમજાવી શક્યો નહીં. અહીં શૌનક મુનિ સૂતજીને કહે છે કે, ભાગવત કથામાં અમને શ્રદ્ધા છે. તમારા પ્રત્યે આદર છે. અનેક જન્મોના પુણ્યનો ઉદય થાય, ત્યારે તમારા જેવા અધિકારી વક્તાના મુખેથી કથાસાંભળવાની તક મળે છે. અધિકારી વક્તાને અધિકારી શ્રોતા,રુક્ષ્મણીએ શ્રીકૃષ્ણ પરના પોતાના પત્રમાં લખ્યું છે, તમારી કથા સાંભળીને તમને પરણવાની ઈચ્છા થઈ.'સાંભળી'ને શબ્દ સમજવાનો છે. ભગવાનના ગુણો સાંભળવાથી ભગવાન પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થાય છે. શ્રોતામાં વિનય જોઈએ તેમ વક્તામાં પણ વિનય જોઈએ. સૂતજી વિનયનો આદર્શ દાખવે છે સૂતજીએ શ્રોતાઓને ધન્યવાદ આપ્યો છે. સૂતજી કહે છે,તમે સૌ સુયોગ્ય શ્રોતા છો.તમે શાંતિથી શ્રવણ કરો છો. એટલે મારું મન ભગવાનમાં સ્થિર થાય છે. તમે જ્ઞાની છો, પ્રભુપ્રેમમાં પાગલ છો. પરંતુ મારું કલ્યાણ કરવા તમેપ્રશ્ન કરો છો.કથા કરી હું તો મારી વાણીને પવિત્ર કરવા બેઠો છું. બાકી પ્રભુ નો મહિમા ગાનાર હું કોણ? આરંભમાં સૂતજી શુકદેવજીને વંદન કરે છે, તે પછી ભગવાન નારાયણને નમસ્કાર કરે છે. ભારતના પ્રધાન દેવ નારાયણ છે. શ્રીકૃષ્ણ ગોલોકમાં પધાર્યા છે. સર્વ અવતારોની સમાપ્તિ થાય છે આ નારાયણની સમાપ્તિ થઈનથી અને થવાની નથી.ભારતની પ્રજા નું કલ્યાણ કરવા તે આજે તપશ્ચર્યા કરે છે. શ્રી શંકરાચાર્યજી તો પરમ યોગી. તેઓ નરનારાયણનાં દર્શન કરે છે ત્યારે કહે છે કે, હું આપનાં દર્શન કરી શક્યો, પણ કળિયુગમાંભોગી માણસો પણ આપનાં દર્શન કરી શકે તેવી કૃપા કરો. ભગવાને તે વખતે આદેશ કર્યોકે,બદરિનારાયણમાં નારદ કુંડ છે ત્યાં સ્નાન કરો. ત્યાંથી મારી મૂર્તિ મળશે, તેની સ્થાપના કરો. બદરિનારાયણ ભગવાનની સ્થાપના શંકરાચાર્યજીએ કરી છે. મનથી માનસદર્શનનું બહુ પુણ્ય લખ્યું છે. માટે મનથી નારાયણને પ્રણામ કરો. બદરિનારાયણમાં લક્ષ્મીજીની મૂર્તિ મંદિરની બહાર છે અંદર નારાયણ તપસ્યા કરે છે. તપશ્ચર્યામાં સ્ત્રીનો,દ્રવ્યનો, બાળકનો સંગ બાધક છે. તેથી નારાયણે લક્ષ્મીજીને કહ્યું છે કે, તમે બહાર બેસીને ધ્યાન કરો, હું અંદર બેસીને ધ્યાન કરીશ. બદરિનારાયણમાં નારાયણની મૂર્તિને ચંદનની પૂજા કરવામાં આવે છે, એ જોઈ એક ભક્તે બદરિનારાયણના પૂજારીને પૂછ્યું કે, આવી સખત ઠંડીમાંઠાકોરજીને તમે ચંદનની પૂજા કેમ કરો છો? પૂજારીએ કહ્યું, અમારા ઠાકોરજી તપશ્ચર્યા ખૂબ કરે છે,તેથી ઠાકોર જીને ગરમી બહુ થાય છે. એટલે ચંદનની પૂજા કરવામાં આવે છે. સૂતજી સરસ્વતીને,વ્યાસજીને વંદન કરે છે અને પછી કથાનો આરંભ કરે છે.જેનાથી ભક્તિનો ઉદય થાય એ મનુષ્યનો સૌથી મોટો ધર્મ.આ ભક્તિ પણ એવી જોઈએજેનાથી આત્મા પ્રસન્ન થાય. જેમાં ફળની કામના ન હોય અને જે નિર્વિઘ્ન ચાલ્યા કરે. આવી ભક્તિને અહેતુકા ભક્તિ કહે છે. વાચક ચાહક મિત્રો આજે આપણે અહીં અટકીએ અસ્તુ.





# દીપિકાએ જે કર્યું એ કાજોલ-રાની વર્ષો પહેલાં કરી ચૂક્યાં છે





## ફિલ્મના શરૂઆતના દિવસો એક્ટર કેટલા સેટ થઈને કામ કરી શકે છે, તેના પર આધારીત હોય છે : સિદ્ધાર્થ

આઠ કલાકની શિફ્ટમાં કામ કરવાની માગના કારણે દીપિકાને સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મમાંથી પડતી મુકાવાના અહેવાલો પર ફિલ્મ ઈન્ડસ્ટ્રી બે હિસ્સામાં વહેંચાઈ રહી છે. ત્યારે હવે તેની આઠ કલાક કામ કરવાની માંગને યશરાજની ફિલ્મ 'મહારાજ'ના ડિરેક્ટર સિદ્ધાર્થ પી. મલ્હોત્રાએ પણ ટેકો આપ્યો છે.તેમણે પોતાનો અનુભવ યાદ કરતા કહ્યું, કે કાજોલ અને રાની મુખર્જી જેવી એક્ટ્રેસ તો વર્ષોથી આઠ કલાકની શિફ્ટના માળખામાં જ કામ કરે છે. તેણે હિચકી ફિલ્મનું ઉદાહરણ આપતા કહ્યું કે આ ફિલ્મ અમે માત્ર ૨૮ દિવસમાં પુરી કરી હતી. જો સેટ પર શિસ્ત હોય અને બધું જ વ્યવસ્થિત ચાલતું હોય તો શક્ય છે, પછી શિફ્ટના કલાકોથી કોઈ ફરક પડતો નથી. સિદ્ધાર્થે કહ્યું, ''દરેક ફિલ્મની તેની પોતાની જરૂરિયાત છે. અમે હિચકી ફિલ્મ રાની મુખર્જી અને બાળકો સાથે ૨૮ દિવસમાં ૮ કલાક કામ કરીને જ આખી ફિલ્મ પુરી કરી હતી. ફિલ્મના શરૂઆતના દિવસો એક્ટર કેટલા સેટ થઈને કામ કરી શકે છે, તેના પર આધારીત હોય છે : સિદ્ધાર્થ, દીપિકાની આઠ કલાક કામ કરવાની માગ પર 'મહારાજ'ના ડિરેક્ટરનો ટેકો, એક્ટર્સથી સ્પોર્ટબોય સહિત બધાં જ ખુબ તાલમેલથી કામ કરતા હતા. કાજોલ તો ૨૦૧૦થી આઠ કલાકની શિફ્ટમાં કામ કરે છે. રાની પણ એવું જ કરે છે. તો દીપિકા જે કહે છે, એમાં કશું નવુ નથી. જો કોઈ ડિરેક્ટર એક કલાકાર સાથે કામ કરવા માગતા જ હોય અને એ કલાકાર માત્ર છ કલાક જ કામ કરવા માગતા હોય તો એવું પણ માન્ય રાખે છે. આમાં બંનેની એકબીજા સાથે અપેક્ષાઓ કેટલી મેળ ખાય છે, તેના પર આધાર હોય છે. આમાં ઈગોની વાત નથી, ક્ષમતાની વાત છે.''સિદ્ધાર્થે આગળ કહ્યું, ''સત્ય એ છે કે, ફી તો સ્ટાર પાવર પર આધારીત હોય છે. ફિલ્મના શરૂઆતના દિવસો એક્ટર કેટલા સેટ થઈને કામ કરી શકે છે, તેના પર આધારીત હોય છે. ત્યાર પછી બધાનો રસ જાળવી રાખવાનું કામ ડિરેક્ટરનું છે. તેમાં જેન્ડરની વાત નથી, આર્થિક બાબતોની આ ચર્ચા છે. જો કોઈ કલાકાર પહેલાં જ દિવસે ફિલ્મને સારી કમાણી કરાવી શકે એમ હોય તો તે એ મુજબની ફીને લાયક છે. આ કોઈ પણ બિઝનેસનો સાદો નિયમ છે.''

### રાધિકા આપ્ટેએ ભારતીય દર્શકો પર આંતરરાષ્ટ્રિય સિદ્ધીની અસર વિશે વાત કરી

# આંતરરાષ્ટ્રિય સ્તરે ગમે તેટલી વખણાય, સામાન્ય દર્શકને કોઈ ફરક પડતો નથી

આંતરરાષ્ટ્રિય સ્તરે ઘણી સરાહના મેળવ્યા પછી અંતે રાધિકા આપ્ટેની ફિલ્મ 'સિસ્ટર મિડનાઈટ' ગયા મહિને ભારતમાં રિલીઝ થઈ છે. આ ફિલ્મને બાફટા એવોર્ડ મળ્યો હતો અને કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પણ તેનું સ્ક્રીનિંગ થયું હતું. ભારતમાં બહુ મર્યાદિત સ્ક્રીનમાં આ ફિલ્મ દર્શાવાઈ હતી, જોકે, તેને વખાણવામાં આવી છે, પરંતુ બોક્સ ઓફિસ પર આ ફિલ્મ ખાસ કોઈ કમાલ કરી શકી નહીં. આંતરરાષ્ટ્રિય સિદ્ધિઓની ફિલ્મના ઓડિયન્સ પર થતી અસર અંગે રાધિકાએ કહ્યું, ''સામાન્ય લોકો, મને નથી લાગતું કે તેમને કેન્સ કે બાફટાથી કોઈ ફરક પડે છે. એ સાચું પણ છે. તેમને જેનાથી ફરક નથી પડતો એવી કોઈ બાબત વિશે વિચારવાની જરૂર પણ નથી. મને નથી લાગતું કે લોકો ફિલ્મને આવી કોઈ દૃષ્ટિથી જુએ છે.'' પરંતુ રાધિકા આગળ કહે છે, ''ફિલ્મ ઈન્ડસ્ટ્રીના લોકો કે કેટલાંક લોકો જેઓ વિશ્વની વિવિધ ફિલ્મ જુએ છે તે કે આંતરરાષ્ટ્રિય ફિલ્મોમાં રસ ધરાવકા લોકોને ચોક્કસ ફરક પડશે. પરંતુ પ્રાદેશિક કે હિન્દી ભાષાની ફિલ્મ જોતા લોકો ખાસ જાણતા ન હોય એમને કોઈ ફરક નથી પડતો.''માતા બન્યા પછી આ રાધિકાની પહેલી ફિલ્મ છે, તો માતા બન્યા પહેલાં અને પછી કામ કરવામાં શું ફરક પડે છે, તે અંગે રાધિકા કહે છે, ''પહેલાં મારી પાસે બહુ સમય રહેતો અને મને કોઈ પણ કામ મળે તો હું ગમે ત્યારે તેના માટે સમય આપી શકતી હતી. પરંતુ પછીની સફર થોડી અઘરી રહી છે, કારણ કે હું દરેક સમયે હાજર રહી શકતી નથી. હું ન્યૂયોર્કમાં, કેન્સ ફેસ્ટિવલમાં પણ હાજર રહી શકી નહીં અને લોસ એન્જલ્સના પ્રમોશનમાં પણ હાજર રહી શકી નહીં, કારણ કે મારે નાનું બાળક છે અને હું દરેક વખતે મુસાફરી કરવા માગતી નથી. બસ એટલો જ ફરક પડ્યો છે. બાકી તો, બીજો કોઈ ફરક પડ્યો નથી.''રાધિકા તેણે આ ફિલ્મમાં કરેલા કામથી ખુશ છે અને તેને આ ફિલ્મ પર ગર્વ છે,



''આ એક નાના શહેરની છોકરીની વાત છે, જેને લાગે છે કે તે મોટા શહેરો માટે જ બની છે. આ રોલ માટે તેણે પોતાના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળીને કામ કરવું પડ્યું છે. સામાન્ય રીતે હું કોઈ પાત્ર કરવા માટે બૌદ્ધિક રીતે વિચાર કરું છું. પરંતુ અહીં સમગ્ર પ્રક્રિયા અમારે કોઈ બુધ્ધિમતા વિના જ કરવી પડે તેમ હતું. અહીં વિચારના બદલે અનુભવથી કામ લેવાનું હતું અને એ રીતે કામ કરવામાં ઘણી મજા આવી.''

**આંતરરાષ્ટ્રિય સ્તરે ઘણી સરાહના મેળવ્યા પછી અંતે રાધિકા આપ્ટેની 'સિસ્ટર મિડનાઈટ' ગયા મહિને ભારતમાં રિલીઝ થઈ છે**

# 'યે રિશ્તા ક્યા કહેલાતા હે' ફેમ કપલ લતા અને સંજીવ સેઠ ૧૬ વર્ષે અલગ થયાં

ટીવી સિરીયલ 'યે રિશ્તા ક્યા કહેલાતા હે'થી ઘર ઘરમાં જાણીતાં થયેલાં કલાકાર દંપતિ લતા સબરવાલ અને સંજીવ સેઠ ૧૬ વર્ષ લાંબા લગ્ન જીવન પછી હવે અલગ થઈ ગયાં છે. લતાએ ઈન્સ્ટાગ્રામ પર આ સમાચાર પોતાના ફોલોવર્સને જણાવ્યા હતા. લતાએ ઈન્સ્ટાગ્રામ પર સંજીવ સેઠથી અલગ થયાના સમાચાર આપતાં લખ્યું, ''એક અતિ લાંબા મૌન પછી..હું લતા સબરવાલ એ જાહેર કરું છું કે હું મારા પતિ સંજીવ સેઠથી અલગ થઈ ગઈ છું. મને એક વ્હાલો દિકરો આપવા માટે હું એમની આભારી છું. હું એમનાં ભવિષ્યના જીવન માટે શુભેચ્છાઓ આપું છું. હું દરેકને વિનંતિ કરું છું કે મારા અને મારા પરિવારના આ સમયને માન આપો અને આ અંગે પૂછવા માટે કોઈ કોલ કે મેસેજ કરશો નહીં. આભાર.'' સિરીયલમાં લતા અને સંજીવ અક્ષરાના એટલે કે હિના ખાનના માતા-પિતાના રોલમાં જોવા મળતાં હતાં. આ ટીવીના સૌથી લાંબા ચાલેલાં શોમાંનો એક હતો. તેઓ શોના સેટ પર જ મળ્યાં હતાં અને ૨૦૦૯માં લગ્ન કર્યા હતાં. તેમને આરવ નામનો એક દિકરો પણ છે. લતા પહેલાં સંજીવે રેશમ ટિપનિસ સાથે ૧૯૯૩માં લગ્ન કર્યા હતાં. તેઓ ૨૦૦૪માં અલગ થયાં હતાં, તેમની રિશિકા નામની દિકરી અને માનવ નામનો દિકરો છે. લતા અને સંજીવે ૨૦૧૩માં નચ બલિયે ૬ શોમાં પણ ભાગ લીધો હતો. લતા આ સિરીયલ સિવાય કેટલીક ફિલ્મમાં પણ યાદગાર રોલમાં જોવા મળી છે, જેમ કે 'વિવાહ' ફિલ્મમાં તેનો ભાવનાનો રોલ ઘણો જાણીતો છે. ૨૦૨૧માં તેણે ટીવીમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી કારણ કે તે ડિજીટલ પ્લેટફર્મ પર ધ્યાન આપવા માગતી હતી.



# દર્શિલ સફારીએ કહ્યું, મને આમીર ખાન પાસે કામ માંગતા શરમ આવે

આજકાલ આમિર ખાન તેની ફિલ્મ સિતારે જમીન પર માટે સમાચારમાં છે, આ બહાને લોકો હજુ પણ તારે જમીન પર વિશે વાત કરે છે. આ ફિલ્મમાં, આમિર ખાન સાથે દર્શિલ સફારી મુખ્ય ભૂમિકામાં હતો, જે આજે મોટો થયો છે. જોકે, તારે જમીન પર પછી દર્શિલને વધારે કામ મળ્યું નહીં અને આ અંગે વાતચીત દરમિયાન તેણે ખુલાસો કર્યો કે તે આમિર ખાન પાસેથી કામ કેમ નથી માંગતો. દર્શિલે કહ્યું કે કોવિડ પછી તેને જે પણ પ્રોજેક્ટ મળ્યા, તે તેને કોઈ સંપર્ક વિના મળ્યા. તેણે આમિર ખાનની ફિલ્મ સિતારે જમીન પર વિશે પણ વાત કરી, જેને તેની ફિલ્મ તારે જમીન પરની સિક્વલ માનવામાં આવી રહી છે.દર્શિલે કહ્યું, 'લોકો ખૂબ જ આશ્ચર્યચકિત છે કે મેં ફરી ક્યારેય આમિર ખાન પાસેથી કામ માંગ્યું નહીં.' દર્શિલે કહ્યું, 'કોવિડ પછી મેં જે પણ કામ કર્યું તે સંપર્ક વિનાનું હતું. ઓડિશનથી લઈને સ્ક્રીન ટેસ્ટ સુધી, આ સમગ્ર પ્રક્રિયા દ્વારા હું સમજી શક્યો કે હું આ ભૂમિકા કરી શકીશ કે નહીં. નિર્માતાઓ અને દિગ્દર્શકોને પણ મારી ક્ષમતા વિશે ખબર પડી. લોકોને આશ્ચર્ય થાય છે કે મેં આમિરને ફરીથી કામ માટે પૂછ્યું નહીં. મને આ કરવામાં શરમ આવે છે. તે મારો ભાઈ નથી કે હું તેને ફોન કરીને મને સ્ક્રિપ્ટ આપવા માટે કહી શકું. ''હું ફક્ત તેમના જન્મદિવસ પર તેમને મેસેજ કરું છું, બસ એટલું જ.''તારે જમીન પર' ૨૦૦૭ માં રિલીઝ થઈ હતી. આમિરે આ ફિલ્મનું દિગ્દર્શન જ નહોતું કર્યું પણ તે તેના નિર્માતા પણ હતા. આમિર અને દર્શિલ ઉપરાંત, વિપિન શર્મા અને ટિસ્કા ચોપરા પણ આ ફિલ્મમાં હતા.







'રામાયણ' ફિલ્મમાં વિભીષણની ભૂમિકા માટે જયદીપ અહલાવતનો સંપર્ક કરાવ્યો હતો

# જયદીપ અહલાવતે તારીખના અભાવના કારણે વિભીષણની ભૂમિકા નકારી હતી

**આ ફિલ્મ ૨૦૨૬ અને ૨૦૨૭ માં બે ભાગમાં રિલીઝ થશે**

નિતેશ તિવારીની દિગ્દર્શિત ફિલ્મ 'રામાયણ' ઘણા સમયથી ચર્ચાનો વિષય બની રહી છે. રણબીર કપૂર તેમાં ભગવાન રામની ભૂમિકા ભજવી રહ્યા છે, તો સાઈ પલ્લીને માતા સીતાની ભૂમિકા આપવામાં આવી છે. સેટ પરથી તેમના કેટલાક ફોટા પણ લીક થયા હતા, જેણે બધાનું ધ્યાન ખેંચ્યું હતું. આ ઉપરાંત, ઘણા અન્ય કલાકારોને વિવિધ ભૂમિકાઓમાં બતાવવામાં આવશે. જોકે, જયદીપ અહલાવતે વિભીષણની ભૂમિકા ભજવવાનો ઈનકાર કર્યો હતો. તેમણે હવે આ પાછળનું કારણ જણાવ્યું છે.નિતેશ તિવારીની 'રામાયણ' ફિલ્મમાં વિભીષણની ભૂમિકા માટે જયદીપ અહલાવતનો સંપર્ક કરવામાં આવ્યો હતો. જોકે, તેમણે તેમની અન્ય પ્રતિબદ્ધતાઓ અને સમયપત્રકને કારણે તે કરવાનો ઈનકાર કર્યો હતો. તેમણે ખુલાસો કર્યો છે કે તેઓ સમયપત્રકના સંઘર્ષને કારણે આ ભૂમિકા ભજવી શક્યા નથી. તેમણે આ ભૂમિકા માટે યશ સાથે શૂટિંગ કરવું પડ્યું હતું, જે ફિલ્મમાં રાવણની ભૂમિકા ભજવી રહ્યો છે. હવે બંનેને તેમની તારીખોમાં સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો હતો. બંને એક જ દિવસે ઉપલબ્ધ નહોતા. અને તેથી જ તેમને અનિચ્છાએ આ ફિલ્મ છોડી દેવી પડી.જયદીપ અહલાવતે કહ્યું કે તેમને ખરેખર રણબીર કપૂર અભિનીત 'રામાયણ' માં ભૂમિકા ઓફર કરવામાં આવી હતી, સમય મેળ ખાતો ન હતો. એક ચોક્કસ સમયની જરૂર હતી જેમાં તે તે કરી શકે કારણ કે રાવણ માટે વિભીષણ સાથે રહેવું જરૂરી છે. મને ખાતરી છે કે રાવણની તારીખો મારા કરતાં વધુ મહત્વપૂર્ણ હશે. તમને જણાવી દઈએ કે રણબીર કપૂર, સાઈ પલ્લવી અને યશ ઉપરાંત, સની દેઓલ હનુમાનની ભૂમિકા ભજવી રહ્યા છે, રવિ દુબે લક્ષ્મણની ભૂમિકા ભજવી રહ્યા છે અને અરુણ ગોવિલ ફિલ્મમાં દશરથની ભૂમિકા ભજવી રહ્યા છે. લારા દત્તાને કૈકેયીની ભૂમિકા ઓફર કરવામાં આવી છે અને રકુલ પ્રીત સિંહને શૂર્પનખાની ભૂમિકા ઓફર કરવામાં આવી છે.

### ફિલ્મમાં બીજી તક-અનઅપેક્ષિત મિત્રોની વાત કરાવશે

# અભિષેક બચ્ચનની 'કાલીધર લાપતા'નું ટ્રેલર લોંચ થઈ ગયું




તાજેતરમાં અભિષેક બચ્ચને ગાયબ થઈ જવા પર એક સોશિયલ મીડિયા પોસ્ટ મુકી હતી, તેના પર ઘણી ચર્ચાઓ અને ધારણાઓ કરીને એ પોસ્ટ વાયરલ થઈ હતી. હવે શનિવારે તેની આગામી ફિલ્મ 'કાલિધર લાપતા'નું ટ્રેલર શેર કરવામાં આવ્યું છે અને તેનાથી અભિષેકની પોસ્ટ બાબતે પણ સોશિયલ મીડિયા યૂઝર્સને જવાબ મળી ગયો છે. અભિષેક બચ્ચનનું ૨૦૨૫નું વર્ષ ઘણું વ્યસ્ત અને સફળ માનવામાં આવી રહ્યું છે. તેની બે ફિલ્મ - 'આઈ વોન્ટ ટુ ટોક' અને 'બી હેપ્પી' ઓટીટી પર આવી ચુકી છે અને મોટા પડદે તેની 'હાઉસફુલ ૫' પણ રિલીઝ થઈ ચુકી છે. હવે તેની વધુ એક ફિલ્મ 'કાલીધર લાપતા' ઓટીટી પર રિલીઝ થઈ રહી છે.આ ફિલ્મનું ટ્રેલર શનિવરે લોંચ થયું છે, જેના પરથી અંદાજ આવે છે કે આ એક ડ્રામા અને કોમેડી ફિલ્મ છે, જેમાં ગુમાવવાની ભાવના, હાસ્ય અને મિત્રતાની અનઅપેક્ષિત ખુશીની વાત કરે છે. આ ફિલ્મમાં અભિષેક બચ્ચન લીડ રોલમાં છે, તેની સાથે ઝીશાન અયુબ અને દૈવિક ભગેલા પણ મહત્વના રોલમાં છે. ઝીપના સોશિયલ મીડિયા પેજ પર આ ફિલ્મનું ટ્રેલર શનિવારે શેર કરવામાં આવ્યું છે, તેની કૅપ્શનમાં લખાયું છે, 'કભી કભી લાઈફ મેં સેકન્ડ ચાન્સ લેને પડતે હૈ, અને ત્યારે જ જીવનમાં સૌથી અનઅપેક્ષિત અનુભવ અને સંબંધ જન્મે છે. આત્માને સ્પર્શી જતી એક જીવનથી ભરપુર ફિલ્મ આવી રહી છે. કાલીધર લાપતા ૪ જુલાઈએ ઝીપ પર આવશે.'કાલીધરમાં એક મધ્યમ ઉમરના વ્યક્તિની વાત છે, જેને ભુલી જવાની બીમારી છે, તે તરછોડાયેલો છે અને તેના મન પર જીવનભરના ઘાવ પડેલાં છે. કાલીધર પોતાના ભાઈની તેને મહાકુંભમાં લઈ જઈને ગાયબ કરી દેવાની યોજના સાંભળે છે, ત્યારે પોતાની ઈચ્છાથી ગાયબ થઈ જવાનું નક્કી કરે છે. નસીબજોગે તે બલ્લુને મળે છે, એક બુદ્ધિશાળી, આત્મનિર્ભર ૮ વર્ષનો છોકરો, જે ભારતની વ્યસ્ત ગલીઓમાં એકલો જ જીવી રહ્યો છે. અચાનક મળી ગયેલાં આ છોકરા સાથે તેનો જીવનભરનો નાતો બંધાઈ જાય છે.અભિષેક બચ્ચને આ ફિલ્મના પાત્ર વિશે કહ્યું, ''કલાકાર તરીકે આપણે ઘણી વખત એવી વાર્તાની આશા રાખીએ છીએ કે જે બીજા કોઈને સ્પર્શે એ પહેલાં આપણને હલાવી નાખે. કાલીધર લાપતાએ એવું જ કર્યું. કાલીધર ભજવવું એ માત્ર રોલ નહોતો, મારા માટે આંખ ખુલવા સમાન હતું. એ નાજુક છે, બાળક જેવો અને એક ઊંડી લાગણીથી ભરેલો માણસ. તેના મારફતે મને મારા સ્વભાવની ઘણી બાબતો જાણવા મળી, જે ઘણા સમયથી હું ભુલી ગયો હતો. બલ્લુ સાથેનો તેનો સંબંધ, આટલું ધારદાર અને નીડર બાળક- મને શીખવે છે કે તમને જ્યારે બિલકુલ આશા ન હોય એ મૈત્રી તમને સૌથી મજબુત પાઠ ભણાવી જાય છે. સૌથી વધુ તો આપણે જીવનને કઈ રીતે આંકીએ છીએ એ મને ખબર પડી -વર્ષોમાં નહીં પણ સંબંધ, હિંમત અને સત્યની ક્ષણોમાં. કાલીધર લાપતા મારા જીવનની એક એવી ફિલ્મ છે, જેના પર મને ગૌરવ છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી હું કાળજીપૂર્વક એવી ફિલ્મ પસંદ કરી રહ્યો છું, જેમાં લાગણીનું ઊંડાણ હોય, ઈમાનદારી હોય અને કશુંક અર્થપૂર્ણ કહેતી હોય. આ ફિલ્મ આ બધાં જ ખાનામાં બંધ બેસે છે.

# અલ્લુ અર્જુન નહીં, રણવીર સિંહ જ શક્તિમાન બનશે

**રણવીર સિંહ આ દિવસોમાં તેમના આગામી પ્રોજેક્ટ્સમાં વ્યસ્ત છે, તેમની પાસે ફરહાન અખ્તર સાથે ડોન 3 છે**

તાજેતરમાં, સમાચાર આવ્યા હતા કે અલ્લુ અર્જુન શક્તિમાનનું પાત્ર ભજવી શકે છે. પરંતુ આ પ્રોજેક્ટ સાથે સંકળાયેલી એક વ્યક્તિએ પુષ્ટિ આપી છે કે રણવીર શક્તિમાન બનશે. આ ફિલ્મ અન્ય કોઈ અભિનેતા સાથે બનાવવામાં આવી રહી નથી.મુકેશ ખન્ના અભિનીત ટીવી શ્રેણી શક્તિમાન બાળકોનો સૌથી પ્રિય કાર્યક્રમ રહ્યો છે. અભિનેતાએ વર્ષોથી શક્તિમાન અને ગંગાધર તરીકે દર્શકોનું મનોરંજન કર્યું હતું અને હવે તેના પર એક ફિલ્મ બની રહી છે. રણવીર સિંહ આ ફિલ્મમાં શક્તિમાનનું પાત્ર ભજવવા જઈ રહ્યો છે. પરંતુ તાજેતરમાં જ સમાચાર આવ્યા હતા કે અલ્લુ અર્જુન આ ફિલ્મનો શક્તિમાન બનશે. પુષ્પા અભિનેતાના ચાહકો આ સમાચારથી ખુશ હતા. પરંતુ હવે નિર્માતાઓએ સ્પષ્ટતા કરી છે કે આ માત્ર એક અફવા હતી.રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે



મિનલ મુરલી દિગ્દર્શક અને મલયાલમ ફિલ્મ અભિનેતા બેસિલ જોસેફ આ પ્રોજેક્ટ બનાવશે, જેમાં બોલિવૂડ સ્ટાર રણવીર સિંહ શક્તિમાનની મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. તે જ સમયે, અલ્લુ અર્જુનનું નામ બહાર આવવું એ રણવીરના ચાહકો માટે એક આશ્ચર્યજનક સમાચાર હતા. પરંતુ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા એક સૂત્રએ પુષ્ટિ આપી હતી કે આ ફિલ્મ ફક્ત રણવીર સાથે જ બનાવવામાં આવશે. એક અહેવાલમાં, ફિલ્મ સાથે સંબંધિત એક સૂત્રને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, ''શક્તિમાન બીજું કોઈ કરી રહ્યું નથી. તે રણવીર સિંહ છે અને બીજું કોઈ નહીં. જે કોઈ તેના રિપ્લેસમેન્ટની અફવાઓ ફેલાવી રહ્યું છે તે પોતાનો એજન્ડા સ્પષ્ટ કરી રહ્યું છે. ટીવી પર શક્તિમાનનું પાત્ર ભજવનાર અભિનેતા મુકેશ ખન્ના પહેલાથી જ રણવીર પ્રત્યે પોતાનો અણગમો વ્યક્ત કરી ચૂક્યા છે. તેમણે રણવીરના પાત્ર પર સવાલ ઉઠાવ્યા હતા અને કહ્યું હતું કે તે શક્તિમાન માટે યોગ્ય પસંદગી નથી. તેમણે એમ પણ કહ્યું કે રણવીર પોતે તેમને મનાવવા માટે તેમની પાસે આવ્યો હતો. પરંતુ અભિનેતાએ તેમની વાત સાંભળી નહીં.

### આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે બી.જે. મેડિકલ કોલેજ ખાતે યોજાયેલ

# પ્રાર્થના સભામાં અમદાવાદની વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા દિવંગતોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી








। (માહિતી) અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદની વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા બી.જે મેડિકલ કોલેજના ડોક્ટર્સ, સ્ટુડન્ટ તેમજ અન્ય તમામ દિવંગતોને શ્રદ્ધાંજલિ આપવા માટે અમદાવાદની બી.જે મેડિકલ કોલેજ તેમજ અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા પ્રાથના સભાનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ પ્રાર્થના સભામાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે અમદાવાદની વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા સૌ મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમજ પુષ્પાંજલિ પણ અર્પણ કરી હતી. આ ઉપરાંત આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તે બી.જે મેડિકલ કોલેજના કેમ્પસમાં કોલેજના મૃતક વિધાર્થીઓના સ્મૃતિમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રાથના સભામાં આરોગ્ય વિભાગના મુખ્ય સચિવ શ્રી ધનંજય દ્વિવેદી, અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ શ્રી રાકેશ જોષી, તેમજ સિવિલ હોસ્પિટલના વિવિધ વિભાગોના ડાયરેક્ટરશ્રી, ડીનશ્રી, ડોક્ટર્સ, મેડિકલ સ્ટુડન્ટ્સ, નર્સ, મૃતકોના પરિજનો- સગાઓ અને સિવિલ હોસ્પિટલનો સ્ટાફ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો.

# ૨૫ જૂન ના રોજ વડોદરા મંડળના વાસદ-રનોલી સ્ટેશનો વચ્ચે બ્લોક ના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

। અમદાવાદ, તા.૨૪ ।

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ પર વાસદ-રનોલી સ્ટેશનો વચ્ચે બ્રિજ નંબર ૬૨૪ (અપ લાઈન) પર રિ-ગર્ડરિંગ કામ માટે ૨૫ જૂન ૨૦૨૫ ના રોજ બ્લોક લેવામાં આવશે. જેના કારણે અમદાવાદ મંડળ માંથી ચાલતી/પસાર થતી કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે. જે નીચે મુજબ છે:

**સંપૂર્ણપણે રદ કરાયેલી ટ્રેન**

- ૨૫ જૂન ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૧૯૦૩૬ મણિનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ સંપૂર્ણપણે રદ રહેશે.
- ૨૫ જૂન ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૧૯૦૩૫ વડોદરા-મણિનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ સંપૂર્ણપણે રદ રહેશે.

**આંશિક રીતે રદ કરાયેલી ટ્રેન**

- ૨૫ જૂન ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ અમદાવાદ અને વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

**રિશિડયુલ/રેગ્યુલેટ થનારી ટ્રેનો**

૧. ૨૫ જૂન ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૧૨૦૧૦ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ શતાબ્દી એક્સપ્રેસ ૩૦ મિનિટ રિશિડયુલ રેહશે.

૨. ૨૫ જૂન ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૧૬૫૩૩ ભગત કી કોઠી-કેએસઆર બેંગલુરુ એક્સપ્રેસ ૫૫ મિનિટ રેગ્યુલેટ રેહશે

૩. ૨૫ જૂન ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૧૨૪૭૭ જામનગર-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ ૫૦ મિનિટ રેગ્યુલેટ રેહશે.

૪. ૨૫ જૂન ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૨૦૬૨૬ ભગત કી કોઠી-એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ એક્સપ્રેસ ૪૦ મિનિટ રેગ્યુલેટ રેહશે.

યાત્રીઓને વિનંતી કરવામાં આવે છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને યાત્રા કરે. ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતીમાટે, યાત્રીઓ www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે .

# આગામી તા.૧ જુલાઇ થી તા. ૧૫ જુલાઈ દરમિયાન ડાંગ જિલ્લાના તમામ આદિજાતિ ગામોમાં "ધરતી આબા અભિયાન – જાગૃતિ અને લાભ વિતરણ કેમ્પનું" આયોજન

। (માહિતી) ડાંગ, તા.૨૪ ।

દેશના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ભારત સરકાર દ્વારા દેશના આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસને વેગવંતો બનાવવા જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન (PM-JANMAN) અને ધરતી આબા જન જાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન (DA- JGUA) શરૂ કરવામાં આવેલ છે. આ અભિયાન હેઠળ ડાંગ જિલ્લાના આદિમજુથ સહિત તમામ આદિજાતિ લોકોને સરકારશ્રીની વિવિધ માળખાગત તથા વ્યક્તિગત યોજનાઓથી લાભાન્વીત કરવાનો લક્ષ્યાંક છે. ડાંગ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગામી તારીખ ૧ જુલાઈ થી ૧૫ જુલાઈ ૨૦૨૫ દરમિયાન જિલ્લાના તમામ તાલુકાઓમાં "ધરતી આબા અભિયાન – જાગૃતિ અને લાભ વિતરણ કેમ્પ" નું આયોજન કરવામાં આવ્યું છે.

# દેવગઢ બારીઆથી ઉચવાણ ગામને જોડતો રસ્તો વર્ષોથી બિસ્માર હાલતમા



તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

(પ્રતિનિધી)
। દેવગઢ બારીઆ, તા.૨૪ ।

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ શહેરના મોતીપુરા ફળિયાથી ઉચવાણ જતો રસ્તો વર્ષોથી ખૂબ જ દયનીય હાલતમા આ રસ્તા ત્રણ ગામ ને જોડે છે અને ગ્રામ્ય વિસ્તારના તથા રાહદારીઓ શાળાના બાળકો અને કામ અર્થે દેવગઢ બારીઆ શહેરમા આવતા લોકો ને ખરાબ રસ્તો હોય તેના કારણે ખૂબ મુશ્કેલીઓ નો સામનો કરવો પડે છે આ રસ્તા પર ભારદારી રેતીના વાહનો ઓવરલોડ ભરી નીકળે છે તથા આજ રસ્તા પર ગેસ ગોડાઉન પણ આવેલ છે હાલ રસ્તા પરથી વાહન લઈ કે ચાલતા જઈ શકાય તેવી હાલત પણ નથી.

આ ખરાબ રસ્તો હોય તેના કારણે એમ્બ્યુલન્સ ખિલખિલાટ દર્દીઓ સગર્ભા સુધી પહોંચી નથી શકતા દેશ ને આઝાદી મળ્યા બાદ પણ આજે ગ્રામ્ય વિસ્તારમા દયનીય હાલતમા જીવતા ગ્રામ્ય વિસ્તાર ના લોકો શું સરકારી તંત્ર આ બાબત કોઈ પગલાં લઈ તાત્કાલિક રોડ બનાવવાની કામગીરી હાથ ધરશે તે આવનારા સમય માં જોવાનું રહ્યું.

# ભારત સરકાર દ્વારા દર વર્ષે ૨૫ જૂનને 'સંવિધાન હત્યા દિવસ' તરીકે મનાવવાનું નક્કી કરાયું

। (માહિતી) અમદાવાદ, તા.૨૪ ।

'૨૫ જૂન, ૧૯૭૫નો દિવસ એટલે ભારતના ઈતિહાસમાં "કાળો દિવસ". આ દિવસે દેશમાં આ-તરિક કટોકટીની ઘોષણા કરવામાં આવી હતી. જે ૨૧ માર્ચ, ૧૯૭૭ સુધી અમલમાં રહી. આ ઘોષણાએ ભારતીય લોકતંત્રના મૂળભૂત સિદ્ધાંતો અને નાગરિક અધિકારો પર ગંભીર આઘાત પહોંચાડ્યો. આ ઐતિહાસિક ઘટનાએ ભારતના રાજકીય, સામાજિક અને આર્થિક જીવન પર ઊંડી અસર પાડી.' - કટોકટી સમયની પરિસ્થિતિનું વર્ણન કરતા આ શબ્દો છે શ્રી રામકુભાઈ ખાચરના. સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના વતની એવા શ્રી રામકુભાઈ ખાચરે કટોકટી ની અસરો વિશે વિસ્તારથી વાત કરતા કહ્યું હતું કે, ગુજરાત અને બિહારમાં ચાલી રહેલા વિદ્યાર્થી આંદોલનો, જેમ કે, ગુજરાતનુંનવનિર્માણઆંદોલનઅને "સંપૂર્ણ ક્રાંતિ" આંદોલન, સરકાર માટે પડકારરૂપ બન્યા હતા. કટોકટીની ઘોષણા સાથે, નાગરિકોના મૂળભૂત અધિકારો, ખાસ કરીને વાણી સ્વતંત્રતા, સભાઓનું આયોજન અને ન્યાયિક પ્રક્રિયાનો અધિકાર સ્થગિત કરવામાં આવ્યા. મેન્ટેનન્સ ઓફ ઈન્ટરનલ સિક્યોરિટી એક્ટ (MISA) અને ડિફેન્સ ઓફ ઈન્ડિયા રૂલ્સ (DIR) હેઠળ હજારો રાજકીય નેતાઓ, કાર્યકરો, પત્રકારો અને વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવી. સુરેન્દ્રનગર જિલ્લાની વાત કરતાં તેમણે ઉમેર્યું હતું કે, કટોકટી દરમિયાન ગુજરાતમાં રાજકીય ઉથલપાથલનો માહોલ હતો. ૧૯૭૪માં ગુજરાતમાં નવનિર્માણ આંદોલનની અસરથી રાજકીય અસ્થિરતા સર્જાઈ હતી. વિદ્યાર્થીઓએ એટલે થી જ સંતોષ નહિ માની લેતાં વિધાનસભાનું પણ વિસર્જન કરાવ્યું હતું. કટોકટીની ઘોષણા સાથે, ૨૬ જૂન ૧૯૭૫થી ગુજરાતમાં અનેક નેતાઓ પર કડક પગલાં લેવામાં આવ્યાં. સુરેન્દ્રનગરમાં પણ કાર્યકરો અને આગેવાનોની ધરપકડો શરૂ થશે તેવું લાગતા મોટાભાગનાં લોકો ભૂગર્ભમાં ઉતરી ગયા હતા. તેઓ પણ નવનિર્માણ આંદોલનમાં જોડાયા હોવાથી ભૂગર્ભમાં જતા રહ્યા હતા. ૨૫ જૂન, ૧૯૭૫ના રોજ દેશમાં ઈમરજન્સી લાદીને લાખો લોકોને કોઈપણ કારણ વગર જેલમાં ધકેલી દેવામાં આવ્યા અને મીડિયાનો અવાજ દબાવી દેવામાં આવ્યો હતો. કટોકટી દરમિયાન સુરેન્દ્રનગર જિલ્લામાં સામાજિક અને રાજકીય બે રીતે ધરપકડો કરવામાં આવી હતી. જેમાં થાનગઢના નાના મોટા પ્રશ્નો અને મુશ્કેલીઓમાં ધારદાર રજૂઆત કરી આંદોલન કરનાર સ્વ. શ્રી કિરીટભાઈ દોશીની MISA હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. તદુપરાંત વઢવાણ ખાતે સેવાકુટીર ચલાવીને પ્રજાનાં પ્રશ્નોને વાચા આપનારા સ્વ. શ્રી કેશરભાઈ મોરીની પણ MISA હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. એ સમયે અખબારો પર સેન્સરશીપ લાગુ હતી. જેના કારણે સ્થાનિક મીડિયા સમાચારોનું પ્રકાશન મર્યાદિત રીતે કરી શકતું હોવાથી કોઈ વ્યક્તિની ધરપકડ થાય તો તેની જાણકારી લોકોને મળતી નહિ.

# બનાસકાંઠા જિલ્લાની ૩૨૨ ગ્રામ પંચાયત ચૂંટણીની આજે તાલુકા વાઇઝ મત ગણતરી ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે હાથ ધરાશે

### મત ગણતરીમાં અંદાજે કુલ ૧૮૦૦થી વધુ સ્ટાફ ફરજ બજાવશે



। (પ્રતિનિધી) થરા, તા.૨૪ ।

રાજયમાં ગ્રામ પંચાયત ચૂંટણી ૨૦૨૫ અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં કુલ ૩૨૨ ગ્રામપંચાયત ખાતે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયું હતું. ૩૨૨ પંચાયત પૈકી ૩૦૩ ગ્રામ પંચાયત સામાન્ય તથા ૧૯ ગ્રામ પંચાયત ખાતે પેટા ચૂંટણીનું આયોજન કરાયું હતું. સામાન્ય ચૂંટણીની ૩૦૩ પંચાયત ખાતે જિલ્લામાં સરેરાશ કુલ ૮૩.૫૦ ટકા મતદાન નોંધાયું હતું જ્યારે ૧૯ પેટા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરેરાશ કુલ ૬૩.૨૪ ટકા મતદાન નોંધાયું હતું.

જિલ્લામાં આજે તા.૨૫ જૂન ૨૦૨૫ના રોજ દરેક તાલુકા વાઈઝ મત ગણતરી હાથ ધરાશે. જિલ્લામાં અંદાજે કુલ ૧૮૦૦ થી વધુનો સ્ટાફ મતગણતરીમાં ફરજ બજાવશે. તાલુકા વાઈઝ વાત કરીએ તો પાલનપુર તાલુકા માટે માયનિંગ બ્લોક,સરકારી ઈજનેરી કોલેજ જગાણા ખાતે, વડગામ તાલુકા માટે વી.જે. પટેલ હાઈસ્કુલ વડગામ ખાતે, દાંતા તાલુકા માટે પ્રથમ માળ સર ભવાનીસિંહ વિદ્યાલય દાંતા, અમીરગઢ તાલુકા માટે રૂમ નંબર ૬ થી ૧૨, પગાર કેન્દ્ર શાળા અમીરગઢ, ડીસા તાલુકા માટે ડી.એન.પી ગર્લ્સ પ્રાથમિક વિભાગનું બિલ્ડીંગ, *કાંકરેજ તાલુકા માટે રૂમ નંબર ૧૦ થી ૧૪, મોડેલ સ્કૂલ રતનપુરા શિહોરી, ધાનેરા તાલુકા માટે કે આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, દાંતીવાડા તાલુકા માટે મોડેલ સ્કૂલ દાંતીવાડા, દિયોદર તાલુકા માટે મોડેલ સ્કૂલ દિયોદર, લાખણી તાલુકા માટે મામલતદાર કચેરી તાલુકા સેવા સદન લાખણી, થરાદ તાલુકા માટે સરકારી વાણિજ્ય અને વિનયન કોલેજ થરાદ, વાવ તાલુકા માટે મોડેલ સ્કૂલ વાવ, સુઈગામ તાલુકા માટે તાલુકા સેવા સદન સુઈગામ, ભાભર તાલુકા માટે મોડેલ સ્કૂલ ભાભર ખાતે મત ગણતરી હાથ ધરાશે. દરેક તાલુકા વાઈઝ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે અંદાજે ૧૨૫ થી ૧૩૫નો સ્ટાફ મત ગણતરીમાં જોડાશે.

જિલ્લામાં ગત તા.૨૨/૬/૨૦૨૫ ના રોજ સામાન્ય/ વિભાજન/ વિસર્જન/ પેટા ગ્રામ પંચાયતોની યોજાયેલ ચૂંટણી અન્વયે સવારના ૯:૦૦ કલાકથી તાલુકા માં નિયત કરેલ મતગણતરી કેન્દ્ર ખાતે કુલ-૧૮૦૦ જેટલા મતગણતરી સ્ટાફની મદદથી મતગણતરી યોજાશે.

# અમદાવાદીઓએ ઉનાળામાં મન મૂકીને રસાયણમુક્ત કેરીનો આનંદ માણ્યોઃ કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ

### "કેસર કેરી મહોત્સવ-૨૦૨૫માં અત્યાર સુધીની સૌથી વધુ રૂ. ૪ કરોડની કિંમતની ૩.૩૦ લાખ કિગ્રાથી વધુ કેરીનું વિક્રમી વેચાણ"

। (માહિતી) અમદાવાદ, તા.૨૪ ।

દેશના ખેડૂતોની આવક બમણી કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરુ કરેલી ઝુંબેશમાં સહભાગી થઈ ગુજરાત સરકાર પણ રાજ્યના ખેડૂતોની આવકમાં વધારો કરવા સતત પ્રયત્નો કરી રહી છે. સાથે જ, નાગરિકોને રસાયણમુક્ત ખેત પેદાશો મળી રહે તે માટે રાજ્ય સરકાર પ્રાકૃતિક કૃષિ ઉપર વિશેષ ભાર આપી રહી છે. શહેરમાં વસતા નાગરિકોને કાર્બાઈડ ફ્રી કેરી ઘરઆંગણે મળી રહે તે માટે રાજ્ય સરકાર હસ્તકના ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા તાજેતરમાં જ "કેસર કેરી મહોત્સવ-૨૦૨૫"નું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

નાગરિકોને રસાયણમુક્ત કેરી અને ખેડૂતોને તેમની કેરીના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૭થી દર વર્ષે ઉનાળાની સીઝનમાં અમદાવાદ ખાતે 'કેસર કેરી મહોત્સવ'નું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અમદાવાદના વસ્ત્રાપુર હાટ ખાતે તા. ૧૪મી મે, ૨૦૨૫થી એક મહિના સુધી 'કેસર કેરી મહોત્સવ-૨૦૨૫' યોજાયો હતો, જેનો કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે શુભારંભ કરાવ્યો હતો.

કેરી મહોત્સવના સફળ આયોજન અંગે કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતુ કે, આ ઉનાળામાં અમદાવાદીઓએ મન મૂકીને રસાયણમુક્ત કેરીનો આનંદ માણ્યો છે. વર્ષ ૨૦૨૩માં યોજાયેલા કેસર કેરી મહોત્સવમાં ખેડૂતો દ્વારા ૨.૭૦ લાખ કિલોગ્રામ જેટલી કેરીનું વેચાણ થયું હતું, જેની સામે આ વર્ષના કેરી મહોત્સવમાં ખેડૂતો દ્વારા કેરીનું અત્યાર સુધીનું સૌથી વિક્રમી વેચાણ કરવામાં આવ્યું છે. માત્ર એક મહિનાના સમયગાળામાં જ ખેડૂતોએ રૂ. ૪ કરોડની કિંમતની ૩.૩૦ લાખ કિલોગ્રામથી વધુ કેરીનું વેચાણ કરીને નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે.

વસ્ત્રાપુર હાટ ખાતે કેસર કેરી મહોત્સવ-૨૦૨૫માં ઉભા કરાયેલા આશરે ૮૫ જેટલા સ્ટોલ પૈકી ૪૫ સ્ટોલ આત્મા સમેતિમાં નોંધાયેલા ખેડૂતોને, ૨૧ સ્ટોલ કેરીનું ઉત્પાદન કરતા વ્યક્તિગત ખેડૂતોને, ૧૨ સ્ટોલ ખેડૂત ઉત્પાદક સંગઠનોને, ૦૩ સ્ટોલ ગોપકામાં નોંધાયેલા ખેડૂતોને તેમજ ૦૨ સ્ટોલ સહકારી મંડળીઓને વિનામૂલ્યે ફાળવવામાં આવ્યા હતા. ખેડૂત અને નાગરીકો વચ્ચેના વેપારી દૂર થતા આ કેરી મહોત્સવના માધ્યમથી ખેડૂતોએ તેમની ગુણવત્તાયુક્ત કેરીનું સીધું વેચાણ કરીને સામાન્ય કરતા ૨૦ ટકા જેટલો વધારે નફો મેળવ્યો છે. એક મહિનામાં આશરે એક લાખથી વધુ શહેરીજનોએ કેરી મહોત્સવની મુલાકાત લીધી હતી.

નાગરિકોને ગુણવત્તાયક્ત અને કાર્બાઈડ ફ્રી કેરી ઘર આંગણે ઉપલબ્ધ થતા, આ કેરી મહોત્સવ માત્ર એક ખરીદીનો પોઈન્ટ જ નહીં, પરંતુ શહેરી ગ્રાહકો અને ગ્રામ્ય ઉત્પાદકો વચ્ચે સીધા સંવાદ અને વિશ્વાસનું મહત્વપૂર્ણ માધ્યમ બન્યો છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતની કેસર કેરીએ આજે સમગ્ર વિશ્વમાં નામના મેળવી છે. વિદેશમાં પણ કેસર કેરીની માંગ વધતા ગીર-સોમનાથ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, કચ્છ તેમજ દક્ષિણ ગુજરાતમાં કેસર કેરીના વાવેતર અને ઉત્પાદન બંનેમાં વધારો થઈ રહ્યો છે. આવા સમયે કેસર કેરી પકવતા ખેડૂતો તેમની કાર્બાઈડ ફ્રી કેરીઓ સીધી શહેરી ગ્રાહકોને વેચી શકે તે માટે રાજ્ય સરકાર હસ્તકની ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ. ખેડૂતોને 'કેસર કેરી મહોત્સવ' જેવું એક માધ્યમ પૂરું પાડીને સહાયરૂપ થઈ રહી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. તમારો સનાતન પ્રેમ તમારા પ્રિયપાત્ર માટે નદી સમાન છો. તમે પૂરૂં કરી શકો છો એની પૂરી ખાતરી થયા બાદ જ કોઈ પણ વચન આપજો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારા ખાસ કરીને સ્વાસ્થ્ય વિશે વિશેષ સાવચેતી રાખજો ખાસ કરીને બ્લ્ડ પ્રૅશરના દરદીઓ. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. મિત્રો તથા નિકટજનો તમારી તરફ મદદનો હાથ લંબાવશે. પ્રિયપાત્રની નફરત છતાં તમારે તમારો પ્રેમ દેખાડવો જોઈએ. સહકર્મચારીઓ સાથે કામ પાર પાડતી વખતે કુનેહની જરૂર પડશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો. એકમેકને વધુ સારી રીતે સમજવા તમારે તમારા પ્રિયપાત્ર સાથે સમય વિતાવવાની જરૂર છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારા માતા-પિતાની કોઈ વાતની અવગણના કરવી એ બાબત તમારી ભાવિ શક્યતાઓને હાનિ પહોંચાડી શકે છે. સારો સમય ક્યારેય લાંબો ટકતો નથી. માણસના કર્મો અવાજના મોજાં જેવા હોય છે. આ મોજાં પાછાં ફરે છે અને મેલોડી અથવા ધ્રૂજાવનારૂં સંગીત રચે છે. તે બીજ છે-આપણે જેવું વાવીએ છીએ તેવું જ લણીએ છીએ.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારા સ્વાસ્થ્ય વિશે વધુ પડતી ખોટી ચિંતા કરતા નહીં, કેમ કે આવું કરવાથી તમારી માનસિક સ્થિતિ ખરાબ થઈ શકે છે જેના કારણે કામ પર ધ્યાન આપવામાં તકલીફો ઊભી થઈ શકે છે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. તમારા પરિવારના સભ્યો રાઈનો પહાડ બનાવી મુકે એવી શક્યતા છે.

**તુલા (ર,ત) :**
આજે તમારું ઝડપી પગલું તમને અલગ પ્રકારે પ્રેરિત કરશે. સફળતા મેળવવા માટે-સમય સાથે તમારા વિચારો બદલો. આ બાબત તમારા દૃષ્ટિકોણને વ્યાપક બનાવશે-તમારા વ્યકતિત્વને સુધારશે તથા તમારા મગજને સમૃદ્ધ બનાવશે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. તમે સામજિક કાર્યક્રમ તથા મેળાવડાઓમાં સહભાગી થશો તો તમે તમારા મિત્રો તથા પરિચિતોની સંખ્યા વધારી શકશો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમે આશાવાદના વિચારો હેઠળ ઘેરાયેલા રહેશો. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. તમે જ્યારે જૂથમાં હો ત્યારે તમે શું હોલો છો તેના પર ધ્યાન આપો-તમારી આવેશપૂર્ણ ટિપ્પણી માટે તમારી ભારે ટીકા થઈ શકે છે. તમારા જીવનસાથીની નાદુરસ્ત તબિયતને કારણે આજે રૉમાન્સ પર અસર પડશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે પારિવારિક સમસ્યાઓ હોયતો તમારી પત્ની સાથે શૅર કરજો. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. પરિવાર,બાળકો તથા મિત્રો સાથે વિતાવેલો સમય તમારી શક્તિ પાછી મેળવવા માટે મહત્વનો છે. તમે જો મિત્રો સાથે સાંજે બહાર જશો તો ઈન્સ્ટન્ટ રૉમાન્સ તમારી તરફ આવી શકે છે સાવચેત રહેવું.

**મકર (ખ,જ) :**
આજે લાભદાયક દિવસ રહેશે તમારા માટે, આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે સતત હકારાત્મક રીતે વિચારવાનો તમારો ગુણ તમને વળતર અપાવશે. કેમ કે તમે તમારા પ્રયાસમાં સફળ થવાના છો. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. તમારા જીવનસાથી આજે આખો દિવસ તમારા વિશે જ વિચારશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે કોઈ તકલીફ હોયતો જાતે જ પોતાની દવા કરવી એ બાબત ડ્રગ ડિપેન્ડન્સીનું કારણ બની શકે છે. કોઈપણ દવા લેવા પૂર્વે ફિઝિશિયનની સલાહ લો અન્યથા ડ્રગ ડિપેન્ડ્ન્સીની શક્યતા ખાસ્સી વધારે છે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે.









નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં વડાપ્રધાન મોદીએ નારાયણ ગુરુ અને મહાત્મા ગાંધી વચ્ચેની ઐતિહાસિક વાતચીતના શતાબ્દી ઉજવણીમાં નારાયણ ગુરુને પુષ્પાંજલિ અર્પણ કરી.

## ન્યૂઝ બ્રિફ

### એર ઈન્ડિયાની બે, ઈન્ડિગોની એક ફ્લાઇટમાં ખામી સર્જાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

દેશની એરલાઈન્સની ફ્લાઈટમાં ટેકનિકલ ખામી પેદા થવાનો અને ફ્લાઈટ રદ થવાનો ક્રમ યથાવત છે. સોમવારે એર ઈન્ડિયા એક્સપ્રેસની બે ફ્લાઈટ અને ઈન્ડિગોની એક ફ્લાઈટમાં ખામી સર્જાઈ હતી. જ્યારે, રવિવારે એર ઈન્ડિયાની ફ્લાઈટ સાથે પક્ષી ટકરાવાને લીધે નેકસ્ટ ફ્લાઈટ રદ કરવામાં આવી હતી. સોમવારે એર ઈન્ડિયા એક્સપ્રેસની જયપુરથી દુબઈની ફ્લાઈટમાં ટેક ઓફ પહેલા કોકપિટમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી. એમાં ૧૩૦ મુસાફરો હતા. ત્યાર પછી દુબઈની આ ફ્લાઈટને રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. એર ઈન્ડિયા એક્સપ્રેસની દિલ્હી-જમ્મુ-શ્રીનગર ફ્લાઈટે જમ્મુ એરપોર્ટ પર લેન્ડ કર્યા પછી દિલ્હી પરત ફરી હતી. અધિકારીઓએ જણાવ્યું કે ફ્લાઈટ નંબર આઈએક્સ-૨૫૬૪એ શ્રીનગરથી પહેલા જમ્મુ ઉતરવાનું હતું. હવામાન અને રનવે ખુલ્લો હતો, પરંતુ પાયલટને ઉચિત લેન્ડિંગ પોઈન્ટ મળ્યો નહીં. સોમવારે ઈન્દોર-ભુવનેશ્વરની ફ્લાઈટ ૬એ ૬૩૩૨ (એરબસ એ૩૨૦ નિયો વિમાન)માં ટેકનિકલ ખામી સર્જાઈ હતી.

### ગર્ભવતી મહિલાને પાલખીમાં એમ્બ્યુલન્સ સુધી લઈ જવાઈ

। (એજન્સી) થાણે, તા.૨૪ ।

મુંબઈને દેશનું આર્થિક પાટનગર ગણવામાં આવે છે અને તેની ભવ્યતાથી લોકો અંજાઈ જાય છે. પરંતુ મુંબઈથી ૧૦૦ કિલોમીટરના અંતરે આવેલા થાણે જિલ્લાના ગામમાં હજી સુધી વિકાસ પહોંચ્યો નથી તેને ઉજાગર કરતો એક હદયદ્રાવક કિસ્સો સામે આવ્યો છે. થાણે જિલ્લાના શાહપુરના ચાફેવાડી ગામમાં રોડના અભાવે એક ગર્ભવતિ મહિલાને ભારે મુશ્કેલીમાંથી પસાર થવું પડ્યું હતું. ગામડાઓમાં આરોગ્યના કથળેલા માળખાની પોલ ખુલી પાડતા આ કિસ્સાનો વીડિયો સોશિયલ મીડિયામાં પણ વાયરલ થયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ સોમવારે બપોરે ૧.૩૦ કલાકે ચાફેવાડી ગામમાં રહેતી ૨૧ વર્ષીય ગર્ભવતિ મહિલા સંગીતા રવિન્દ્ર મુકાનેને ડોલીમાં (કામચલાઉ લાકડાના ઢાંચામાં) બેસાડીને એક કિલોમીટર દૂર ઉભેલી એમ્બ્યુલન્સમાં લઈ જવામામાં આવી હતી. તેને પ્રસવ પીડા ઉપડી હતી અને તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી. ચાફેવાડી સુધી પાકો રોડ બન્યો નહીં હોવાથી એમ્બ્યુલન્સ ગાઈદંડ રોડ પર ઉભી રહી ગઈ હતી. ગર્ભવતિ મહિલાને એક કિલોમીટર સુધી ડોલીમાં એમ્બ્યુલન્સ સુધી પહોંચાડાઈ હતી.

### ઇરાન-ઇઝરાયેલ યુદ્ધની નજીકના ભવિષ્યમાં પડનારી આડઅસરો

# ભારતમાં રાંધણગેસ સિલિન્ડરનો પુરવઠો ૧૬ દિવસનો : અછત સર્જાવાની શક્યતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

ભારતીય ઘરોમાં ગેસ માટે ઉપયોગમાં લેવામાં આવતા દર ત્રણ સિલિન્ડરમાંથી બે સિલિન્ડર પશ્ચિમ એશિયાથી આવે છે. હવે ઈરાન-ઈઝરાયેલ વચ્ચે યુદ્ધ લાંબુ ખેંચાય છે તો આ પુરવઠામાં અવરોધ સર્જાઈ શકે છે. તેના લીધે સૌથી વધુ ઝાટકો રાજકીય રીતે સંવેદનશીલ કહી શકાય તેવા ગેસ સિલિન્ડર ધારકોના ઘરોને જ લાગશે. દેશમાં ૩૩ કરોડ ગેસ સિલિન્ડર જોડાણ છે. આ ૩૩ કરોડ એલપીજી જોડાણની સામે પાઈપ્ડ નેચરલ ગેસ (પીએનજી) જોડાણની સંખ્યા ૧.૫ કરોડ છે. આ સંખ્યા વધી રહી છે, પણ તેને એલપીજી જોડાણના સ્તરે પહોંચવામાં ખાસ્સો સમય લાગી શકે તેમ છે.



કમસેકમ બે દાયકા તેને લાગે તેમ માનવામાં આવે છે. પેટ્રોલિયમ પ્રધાન હરદીપપુરીએ ખાતરી આપી છે કે વિશ્વના ત્રીજા નંબરના તેલ આયાતકાર દેશ અને ચોથા સૌથી મોટા ગેસ ખરીદદાર ભારત આગામી કેટલાય અઠવાડિયાઓ સુધી તેની ઉર્જા જરૂરિયાત પૂરી કરવા સક્ષમ છે. ભારતીય નિષ્ણાતો માને છે કે પશ્ચિમ એશિયામાં યુદ્ધ લંબાય તો સૌથી અસુરક્ષિત પુરવઠો હોય તો તે એલપીજીનો છે. છેલ્લા દાયકામાં સરકારના પ્રયત્નોના લીધે એલપીજીનો ઉપયોગ બમણો થઈ ૩૩ કરોડ ઘરો સુધી પહોંચી ગયો છે. તેનાથી દેશની આયાત પરની નિર્ભરતા વધી છે. દેશની કુલ એલપીજીમાં ૬૬ ટકા હિસ્સો વિદેશથી આવે છે. તેમા ૯૫ ટકા હિસ્સો સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત અને કતર જેવા પશ્ચિમી એશિયન દેશોમાંથી આવે છે. પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસના આંકડા મુજબ ભારત પાસે આયાત ટર્મિનલ, રિફાઈનરીઓ અને બોટલિંગ પ્લાન્ટમાં જેટલી એલપીજી જમા કરવાની ક્ષમતા છે તે રાષ્ટ્રીય વપરાશની સરેરાશના ૧૬ દિવસ સુધી ચાલે તેટલી જ છે.

### પહેલા ઈઝરાયલ હુમલા રોકે

# ટ્રમ્પ દ્વારા સીઝફાયરની જાહેરાત બાદ ઈરાનની પ્રથમ પ્રતિક્રિયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે છેલ્લા ઘણાં દિવસોથી યુદ્ધ ચાલી રહ્યો છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરાત બાદ બંને દેશ સીઝફાયર માટે સહમત થયા છે. જો કે, મુસ્લિમ દેશ કતારે આમાં ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. તેહરાન અને કતારના માધ્યમથી અમેરિકા દ્વારા રજૂ કરાયેલી શરતો પર સીઝફાયર માટે સંમત થયા છે. જે મિડલ ઈસ્ટમાં શાંતિ પુનઃસ્થાપિત કરવા તરફ આ એક મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે. આ દરમિયાન ઈરાનની પ્રથમ પ્રતિક્રિયા સામે આવી છે.ઈરાનના વિદેશ મંત્રી સઈદ અબ્બાસ અરાઘચીએ કહ્યું કે, 'હજુ સુધી કોઈ સીઝફાયર



કરાર થયો નથી. જો કે ઈઝરાયલ તેહરાન સમય મુજબ સવારે ૪ વાગ્યા પહેલા હુમલા બંધ કરી દે તો અમારો હુમલા ચાલુ રાખવાનો ઈરાદો નથી. તે પછી જ અમે સીઝફાયર પર નિર્ણય લઈશું.'અહેવાલો અનુસાર, વ્હાઈટ હાઉસના વરિષ્ઠ અધિકારીઓએ સીઝફાયરની પુષ્ટિ કરી હતી. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે સીધી વાતચીત થઈ હતી. ઈઝરાયલ એ શરતે સંમત થયું હતું કે ઈરાન તરફથી વધુ કોઈ હુમલા નહીં થાય. આ દરમિયાન, તેહરાન સાથે સંકળાયેલા વરિષ્ઠ ઈરાની અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે, ઈરાન કતારની મધ્યસ્થી હેઠળ અને અમેરિકા દ્વારા પ્રસ્તાવિત શરતો પર સીઝફાયર માટે સંમત થયું છે.અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ પર પોસ્ટ કરી જણાવ્યું, કે 'ઈરાન અને ઈઝરાયલ પૂર્ણ અને અંતિમ સીઝફાયર માટે રાજી થયા છે. આગામી છ જ કલાકમાં સીઝફાયર લાગુ થઈ જશે. ઈરાને પહેલા તેનું પાલન કરવું પડશે. ઈરાન દ્વારા સંઘર્ષ વિરામના પાલન બાદ આગામી ૧૨ કલાકમાં ઈઝરાયલ પણ સીઝફાયર લાગુ કરી દેશે.

### ન્યૂયોર્કમાં ભારે વરસાદથી બે બાળકી સહિત ત્રણનાં મોત થયા

# USના કેટલાક શહેરો ભીષણ ગરમીના ભરડામાં, તાપમાન ૪૨ ડિગ્રીને પાર

### હવામાન શાસ્ત્રીઓના મતે વાતાવરણના ઉપરના ભાગમાં તીવ્ર દબાણ સર્જાયું છે જેમાં ગરમી અને ભેજનો ભાગ રહેલો છે

। (એજન્સી) મેડિસન, તા.૨૪ ।

અમેરિકાના મધ્યપશ્ચિમ તથા પૂર્વના કેટલાક શહેરોમાં ભીષણ ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. કેટલાક શહેરોમાં તાપમાનનો પારો ૪૨ ડીગ્રીને પાર પહોંચવાની સાથે ચાલુ સપ્તાહમાં હીટવેવની પણ આગાહી હવામાન વિભાગે કરી છે. બીજીતરફ ન્યૂયોર્ક સહિતના શહેરોમાં વાવાઝોડા અને ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો જેમાં ત્રણ લોકોનાં મોત થયા હોવાના અહેવાલ છે.રાષ્ટ્રીય હવામાન સેવા દ્વારા જણાવાયું છે કે, યુએસમાં મિનેસોટાથી મૈને સુધીના વિસ્તારમાં લાખો લોકોને આગામી દિવસોમાં પ્રચંડ ગરમીનો અનુભવ થશે. અર્કાનસાસ, ટેનેસી, લ્યુઈસિયાના અને મિસિસિપીમાં બુધવાર સુધી તાપમાન ઊંચું જવાની આગાહી છે. આ ઉપરાંત હીટવેવનું જોખમ પણ રહેશે અને તે જીવલેણ નિવડી શકે છે તેવી ચેતવણી લોકોને આપવામાં આવી છે.હવામાનશાસ્ત્રીઓના મતે વાતાવરણના ઉપરના ભાગમાં તીવ્ર દબાણ સર્જાયું છે જેમાં ગરમી અને



ભેજનો ભાગ રહેલો છે. આ ઘટનાને હીટ ડોમ તરીકે ઓળખવામાં આવે છે અને તે તીવ્ર ઊંચા તાપમાન માટે જવાબદાર રહે છે. રવિવારે સળંગ બીજા દિવસે મધ્યપશ્ચિમ અને પૂર્વ કાંઠાના શહેરોમાં વસતા લોકોએ ભારેગરમીનોઅહેસાસકર્યોહતો.શિકાગોમાંતાપમાનનો પારો ૩૯.૪ ડીગ્રી સેલ્યિસય (૧૦૩ ફેરનહીટ) નોંધાયો હતો. ફિલાડેલ્ફિયામાં ૪૨.૨ ડીગ્રી સાથે સૌથી વધુ ગરમ શહેર હતું. મેડિસનના વિસ્કોનસિનમાં તાપમાન ૩૮.૩ ડીગ્રી જેટલું ઊંચું રહ્યું હતું. પિટ્સબર્ગ તથા કોલંબસ, ઓહિયો ખાતે ગરમી ૪૦ ડીગ્રી હતી. ફિલાડેલ્ફિયાના આરોગ્ય વિભાગે શહેરમાં બુધવાર સુધી ગરમીની કટોકટી જાહેર કરી છે. તંત્ર દ્વારા લોકોને કામ વગર બહાર નહીં નિકળવા અને વધુ પ્રમાણમાં પ્રવાહીનું સેવન કરવાની સલાહ આપવામાં આવી છે. ડેલાવેરના રેહોબોથ બીચ પર તાપમાન ૨૭ ડીગ્રી આસપાસ હોવાથી રવિવારે કીડીયારું ઉભરાયું હતું. હવામાન નિષ્ણાતોના મતે આગામી બે દિવસમાં ન્યૂયોર્ક શહેરમાં પારો ૩૫ ડીગ્રીને પાર જવાની શક્યતા છે. મંગળવાર તથા બુધવારના પાટનગર વોશિંગ્ટન ડીસીમાં ગરમીનો પારો ૩૭.૭ ડીગ્રી આસપાસ રહેવાની સંભાવના છે. વિસ્કોનસિનના હવામાનશાસ્ત્રી માર્ગ ગેહરિંગના જણાવ્યા મુજબ અમેરિકામાં ઉનાળામાં ગરમીનું ઊંચું પ્રમાણ નવી વાત નથી. જુલાઈના મધ્ય ભાગ અથવા ઓગસ્ટના પ્રારંભમાં પણ ગરમીનો પ્રકોપ અનુભવાતો હોય છે. આ વર્ષે હીટવેવથી સમગ્ર પ્રદેશમાં અકળાવનારી ગરમી લોકો અનુભવી રહ્યા છે.બીજીતરફ મધ્ય ન્યૂયોર્કમાં ગાજવીત સાથે વરસાદ પડ્યો હતો. વાવાઝોડાને લીધે કેટલાક ઝાડ ધરાશયી થયા હતા.

### હાઈકોર્ટે આરોપીના જામીન મંજૂર કર્યા હતા

# જામીન પછી નાણાં ભરવામાં ગલ્લાં-તલ્લાં કરનારા આરોપીને રાહત નહીંઃ સુપ્રીમ કોર્ટ

### જીએસટી કૌભાંડના આરોપીએ જામીન પર બહાર આવ્યા પછી રૂપિયા બે કરોડ જમા કરાવવાના બદલે રાહત માગતા કોર્ટ નારાજ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

જામીન પર છૂટવા માટે કોર્ટમાં જંગી રકમ જમા કરાવવા સંમત થનારા આરોપીઓ બહાર આવ્યા પછી અલગ જ રંગ બતાવે છે. કોર્ટ સમક્ષ સામે ચાલીને સ્વીકારેલીરકમજમાકરાવવાનાબદલેતેમાંરાહતમેળવવા કાનૂની આંટીઘૂંટીનો ગેરલાભ ઊઠાવતા આરોપીઓ સામે સુપ્રીમ કોર્ટે નારાજગી દર્શાવી હતી. સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું હતું કે, બંધારણની કલમ ૨૧ મુજબ વ્યક્તિને મળેલા અધિકારો બાબતે કોર્ટ સભાન છે, પરંતુ વ્યક્તિએ પણ ન્યાયિક પ્રક્રિયાની પવિત્રતા બાબતે સભાન રહેવું જોઈએ. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ કે વી વિશ્વનાથ અને એન કોટિશ્વર સિંગની બેન્ચે ઠરાવ્યું હતું કે, જામીનમાં વધારે પડતી રાહતથી જામીનનો અર્થ રહેતો નથી અને જામીન મંજૂર થઈ ગયા પછી શરતોનું પાલન કરવામાં અમસર્થતા વ્યક્ત કરવી જોઈએ નહીં. વ્યક્તિની અસમર્થતાનો આધાર કેસની હકીકતો અને સંજોગો પર રહેલો છે. મદ્રાસ હાઈકોર્ટના હુકમને પડકારતી અરજીની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે ઉપરોક્ત અવલોકન નોંધ્યા હતા. કેસની વિગતો મુજબ, વર્ષ સેન્ટ્રલ જીએસટી એક્ટ ૨૦૧૭ અંતર્ગત અરજદાર સામે ૧૩.૭૩ કરોડની કરચોરીનો આરોપ લાગ્યો હતો. આ કેસમાં આરોપીની ૨૭ માર્ચે ધરપકડ થઈ હતી અને તેણે મદ્રાસ હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. હાઈકોર્ટ સમક્ષ સુનાવણી દરમિયાન ૮ મેના રોજ અરજદાર આરોપી તરફથી રજૂઆત થઈ હતી કે, તેણે ૨.૮૬ કરોડ જમા કરાવી દીધા છે અને દરેક આકરી શરતનું પાલન કરવા તૈયાર છે. જામીન પર છૂટ્યા પછી ૧૦ દિવસમાં વધુ ૨.૫૦ કરોડ જમા કરાવવા આરોપી સંમત છે. હાઈકોર્ટે આરોપીના જામીન મંજૂર કર્યા હતા, જેમાં ટ્રાયલ કોર્ટ સમક્ષ ૫૦ લાખ જમા કરાવવા અને જામીન પર મુક્ત થયાના ૧૦ દિવસમાં ૨૨ કરોડ જમા કરાવવા નિર્દેશ અપાયા હતા.

# મને બદલવાની ચર્ચા પર ધ્યાન આપતો નથીઃ ઓલિ પોપ

। (એજન્સી) લીડ્ઝ, તા.૨૪ ।

ગયા વર્ષે ભારતમાં રમાયેલી સિરીઝમાં ઓલિ પોપે હૈદરાબાદમાં શાનદાર ૧૯૬ રન સાથે સિરીઝનો ભવ્ય પ્રારંભ કર્યો હતો પરંતુ ત્યાર બાદ બુમરાહ અને ભારતીય સ્પિનર્સે તેને જરાય સફળ થવા દીધો ન હતો અને ત્યારથી ઓલિ પોપની કારકિર્દી ઉતાર ચડાવ ધરાવતી રહી છે. આમ છતાં ઇંગ્લેન્ડનો આ બેટર ટીમમાં પોતાના સ્થાન અંગે જરાય ચિંતિત નથી. ટીમમાં તેના સ્થાન અંગે હંમેશાં ચર્ચા થતી રહેતી હોવા છતાં તે આ તરફ જરાય ધ્યાન આપ્યા વિના



સતત બેટિંગ કરતો રહે છે.ઓલિ પોપે રવિવારે ભારત સામેની ટેસ્ટમાં શાનદાર સદી ફટકારીને ટીમને ભારતના ૪૭૧ રનના સ્કોરથી ઘણી નજીક લાવી દીધી હતી. ઇંગ્લેન્ડની ટીમના ઉપસુકાની ઓલિ પોપે રવિવારે ઈંગ્લેન્ડના ૪૬૫ રનના સ્કોરમાં ૧૦૬ રનનું યોગદાન આપ્યું હતું.અગાઉ ૨૦૨૪માં ભારત સામેની સિરીઝમાં હૈદરાબાદ ખાતે તેણે ૧૯૬ રન ફટકાર્યા હતા પરંતુ બાકીની તમામ ચાર ટેસ્ટમાં મળીને તેણે માંડ ૪૦ રન ફટકાર્યા હતા.આમ ઓલિ પોપનું સ્થાન અનિશ્ચિત રહ્યું છે. આ સંજોગોમાં રવિવારે સાંજે તેણે જણાવ્યું હતું કે મારા સ્થાન અંગે ટીમમાં સતત ચર્ચા થતી રહે છે પરંતુ હું સભાનપણે તેને નજરઅંદાજ કરતો આવ્યો છું. હું સતત એવો પ્રયાસ કરતો રહું છું કે મારી રમતથી જ મારું સ્થાન જળવાઈ રહે. બહારની બાબતો તેના સ્થાને રહે પરંતુ હું મારી રમત પર ધ્યાન કેન્દ્રિત કરીને ટીમમાં સ્થાન ટકાવી રાખીશ અને મારો પ્રયાસ પણ એ જ દિશામાં રહેશે.ભારત સામેની મેચ દરમિયાન ઓલિ પોપ શરૂઆતમાં બરાબર સેટ થઈ શક્યો ન હતો. શરૂઆતના ૩૦ રન દરમિયાન તે સાવચેતીથી બેટિંગ કરી રહ્યો હતો પરંતુ સેટ થયા બાદ તેણે બુમરાહ સહિત તમામ બોલરનો નીડરતાથી સામનો કર્યો હતો અને સદી સુધી પહોંચી ગયો હતો.તેણે જણાવ્યું હતું કે મેં બેટિંગમાં સેટ થવાનો જ પ્રયાસ કર્યો હતો અને ૩૦ રન સુધી પહોંચવામાં જરાય ઉતાવળ કરી ન હતી પરંતુ ત્યાર બાદ મને લાગ્યું કે હવે સેટ થઈ ગયો છું ત્યાર પછી જ મારી સ્ટાઈલથી બેટિંગ કરી હતી.મેં મારી રમત પર બહારના દબાણની અસર થવા દીધી ન હતી અને આ જ મારો પ્રયાસ રહ્યો હતો. આમ થવાને કારણે હું સરળતાથી બેટિંગ કરી શકું છું. સાથે સાથે હું એવો પણ પ્રયાસ કરતો હોઉં છું કે મારી ડિફેન્સિવ બેટિં પર ખાસ અસર પડે નહીં તેમ ઓલિ પોપે ઉમેર્યુ હતું.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પરંપરાગત રથયાત્રા સફળતાથી પાર પડે તે માટેના કાર્ય આયોજનની ઉચ્ચ સ્તરીય બેઠકમાં ઝીણવટ પૂર્વક સમીક્ષા કરી

# અમદાવાદની ૧૪૮મી જગન્નાથ રથયાત્રા શાંતિ-સલામતી સાથે સફળતાપૂર્વક પાર પાડવા પોલીસ તંત્ર સંપૂર્ણ સજ્જ અને પ્રતિબદ્ધ

### ૨૦૬ જેટલી જર્જરિત-ભયજનક ઇમારતો-મકાનો પર પોલીસ દ્વારા ચેતવણી સુચક બોર્ડ મુકીને લોકો ત્યાં ન જાય તે સુનિશ્ચિત કરવા મુખ્યમંત્રીશ્રીની તાકીદ

| અમદાવાદ, તા.૨૪ |

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં પ્રતિ વર્ષે અષાઢી બીજે યોજાતી પરંપરાગત રથયાત્રાની ૧૪૮મી કડી શાંતિ-સલામતી સાથે સફળતાપૂર્વક પાર પાડવાની પોલીસ તંત્રની સજ્જતાની ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠકમાં ઝીણવટ પૂર્વક સમીક્ષા કરી હતી.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, મુખ્ય સચિવ પંકજ જોષી, મુખ્યમંત્રીના અને ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ. કે.દાસ, પોલીસ મહાનિદેશક વિકાસ સહાય સહિત અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિક અને મ્યુનસીપલ કમિશ્નર બંછાનિધી પાની તથા વરિષ્ઠ સચિવો તેમજ ઉચ્ચ પોલીસ અધિકારીઓ આ ઉચ્ચસ્તરીય બેઠકમાં જોડાયા હતા. મુખ્યમંત્રીએ અમદાવાદ સહિત રાજ્યમાં ૨૧૩ કરતાં વધુ સ્થળોએ યોજાતી રથયાત્રા જન ઉમંગ અને ઉલ્લાસનું ધર્મપર્વ છે તે સંદર્ભમાં કહ્યું કે, રથયાત્રાનો આ તહેવાર શાંતિપૂર્ણ વાતાવરણમાં ઉજવાય તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. અમદાવાદ મહાનગરમાં ભક્તિભાવપૂર્ણ વાતાવરણમાં યોજાતી આ રથયાત્રાના ૧૬ કિલોમીટર લાંબા રૂટ પરની કાયદો વ્યવસ્થા તેમજ યાત્રા દરમિયાનની સુરક્ષા-સલામતી, વ્યવસ્થાઓ અંગે અમદાવાદ શહેર પોલીસ દ્વારા જે તૈયારીઓ કરવામાં આવી છે તેની તલસ્પર્શી વિગતો મુખ્યમંત્રીશ્રી અને ગૃહ રાજ્યમંત્રીશ્રી સમક્ષ આ બેઠકમાં વિસ્તૃત પ્રેઝન્ટેશન દ્વારા આપવામાં આવી હતી. આ વર્ષે રથયાત્રામાં પહેલી વાર આર્ટીફિશ્યલ ઈન્ટેલીજન્સ A.I.નો શહેર પોલીસ તંત્ર દ્વારા ક્રાઉડ એલર્ટ અને ફાયર એલર્ટ માટે ઉપયોગ કરવામાં આવશે તેમ પ્રેઝન્ટેશનમાં જણાવવામાં આવ્યું હતું. A.I.ના આ ઉપયોગના પરિણામે રથયાત્રા રૂટ પર કોઈ સ્થળે વધુ પડતા લોકો એકઠા થઈ ગયા હોય તો તેનું સરળતાએ વ્યવસ્થાપન થઈ શકશે તો ભીડને કાબુમાં રાખી શકાશે અને અનિચ્છનિય ઘટના બનતી નિવારી શકાશે. એટલું જ નહિ, ક્યાંય કોઈ આગની ઘટના બનશે તો ત્યાં પણ ફાયર બ્રિગેડ અને પોલીસ તત્કાલ બચાવ-રાહત માતે પહોંચી શકે તે માટે ફાયર એલર્ટ ઉપયોગી બનશે. રથયાત્રાનું આ પર્વ શાંતિ ભર્યા માહોલમાં સંપન્ન થાય તે માટે શહેર પોલીસ તંત્રની સજ્જતા દર્શાવતાં આ પ્રેઝન્ટેશનમાં પોલીસ કમિશનરશ્રીએ જણાવ્યું કે, રથયાત્રાને સફળ બનાવવા માટે આઈ.જી. કક્ષાથી લઈને પોલીસ કર્મીઓ સુધી કુલ મળીને SRP, ચેતક કમાન્ડો અને રેપીડ એક્શન ફોર્સની બટાલીયન્સ સહિત ૨૩,૮૮૪થી વધુ સુરક્ષા કર્મીઓ ખડે પગે ફરજરત રહેવાના છે. મુખ્યમંત્રીશ્રી સમક્ષના આ પ્રેઝન્ટેશનમાં જણાવવામાં આવ્યું કે, રથયાત્રામાં જોડાનારા રથો, ટ્રક, અખાડા અને ભજન મંડળીઓ, મહંતશ્રીઓની સુરક્ષા માટે રથયાત્રા સાથે મુવિંગ બંદોબસ્તમાં ૪૫૦૦ જેટલા પોલીસ કર્મીઓ જોડાવાના છે. સમગ્ર યાત્રામાં ટ્રાફિક અડચણ નિવારવા અને સુચારૂ ટ્રાફિક સંચાલન માટે ટ્રાફિક બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશનરના નેતૃત્વમાં ૧૦૦૦ જેટલા જવાનો તૈનાત રહેશે. એટલું જ નહિં, ૨૩ જેટલી ક્રેઈનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. પોલીસ કમિશનરશ્રીએ રથયાત્રામાં પૂરતા મોનિટરિંગ પ્રબંધન માટે ૨૨૭ કેમેરા, ૪૧ ડ્રોન, ૨૮૭૨ બોડીવોર્ન કેમેરા દ્વારા લાઈવ મોનિટરિંગ કરાશે આ ઉપરાંત ૨૪૦ ધાબા પોઈન્ટ અને ૨૫ વોચ ટાવર પણ ઉભા કરવામાં આવ્યા છે. ૧૬ કિલોમીટરના સમગ્ર રથયાત્રા રૂટ પર આ બધી વ્યવસ્થાઓના કારણે પોલીસ કંટ્રોલરૂમ દ્વારા બાજ નજર રાખી શકાશે. રથયાત્રાના રૂટ પર આવેલી ૪૮૪ જેટલી જુની અને જર્જરીત ઈમારતો-મકાનોનો સહારો લોકો રથયાત્રા જોવા માટે ન લે તે હેતુસર શહેર પોલીસ અને મહાનગરપાલિકા દ્વારા ચેતવણી સુચક બોર્ડ તેમજ પતરાની આડશો મુકીને લોકોને ત્યાં જતા અટકાવવા માટેના જે પગલા લેવામાં આવ્યા છે.

## ન્યૂઝ બ્રિફ

### અમદાવાદ જિલ્લાના વિંછીયા, જીંજર અને જાસ્કા ગામોના આંગણવાડી કેન્દ્રોમાં પૂર્ણા દિવસની ઉજવણી કરવામાં આવી

| અમદાવાદ, તા.૨૪ |

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગની આઈસીડીએસ યોજના હેઠળ સાણંદ તાલુકાના ઘટક ૨ના વિંછીયા આંગણવાડી કેન્દ્રમાં પૂર્ણા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પૂર્ણા દિવસની ઉજવણીમાં આંગણવાડી કાર્યકરો અને મુખ્ય સેવિકાઓ દ્વારા કિશોરીઓના વજન, ઊંચાઈ માપવામાં આવ્યા હતા; તેમજ કિશોરીઓને લિંગભેદ ઉપર સમજ આપવામાં આવી હતી. લિંગભેદ રાખવાથી આવતા પરિણામો અને પરિબળો વિશે, સ્ત્રી અને પુરુષ સમાનતા બાબતે કિશોરીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કિશોરીઓને ધ્યાને રાખીને નિબંધ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત પૂર્ણા દિવસ નિમિત્તે ધંધુકા તાલુકાના જીંજર આંગણવાડી કેન્દ્રમાં આંગણવાડી કાર્યકરો દ્વારા આંગણવાડી કેન્દ્રમાં નોંધાયેલ બાળકો પૈકી ૧૩ 'સ્ટનટેડ' બાળકોના વજન અને ઊંચાઈ માપવામાં આવ્યા હતા.

### સુરતમાં પાણીમાં ફસાયેલા બેંકના ૧૨ કર્મચારીઓનું રેસ્ક્યુ

| (એજન્સી) સુરત, તા.૨૪ |

સુરતમાં ભારે વરસાદથી ઠેર-ઠેર પાણી ભરાયા હતા. છેલ્લા ૪ કલાકમાં ૬ ઈંચ વરસાદ વરસ્યો છે. વરસાદ વરસતાની સાથે નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા છે. લાલ દરવાજા પાસે બેંકના કર્મીઓ પાણીમાં ફસાયા હતા. પાણીમાં ફસાયેલા ૧૨ કર્મચારીઓનું મહિધરપુરા પોલીસ સ્ટાફે ફાયર વિભાગ રેસ્ક્યુ કરી સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. શહેરમાં ભારે વરસાદના પગલે શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. ઉધના દરવાજા વિસ્તારમાં પાણી ભરાયા છે, બેગમપુરા વિસ્તારમાં પાણી ભરાયા છે અને સહારા દરવાજા ગરનાળામાં પાણી ભરાયું છે. રાંદેર સિંગણપોર કોઝવે બંધ કરાયો છે. સુરતના કામરેજમાં ૧.૮૧ ઈંચ વરસાદ, તલાલામાં ૧.૩૪ ઈંચ, વ્યારામાં ૧.૧ ઈંચ, વાલોદ અને માંડવીમાં ૧-૧ ઈંચ વરસાદ, કપરાડામાં ૭૫ મીમી, ઉમરગામમાં ૭૧ મીમી વરસાદ, બારડોલીમાં ૪૭ મીમી, માળીયાહાટીના ૪૭ મીમી વરસાદ, ડેડીયાપાડામાં ૪૩ મીમી, વાપીમાં ૩૯ મીમી વરસાદ ખાબકયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૩ જિલ્લાના ૧૬૫ તાલુકાઓમાં મેઘરાજા વરસ્યા છે. ત્યારે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-SEOC, ગાંધીનગરના અહેવાલ મુજબ છેલ્લાં ૨૪ કલાક દરમિયાન જામનગર જિલ્લાના જોડિયા તાલુકામાં સૌથી વધુ ૭ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે, જ્યારે જૂનાગઢના મેંદરડા તાલુકામાં ૬ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

### ગરુડેશ્વર વિયર ડેમ ઓવરફ્લો થતાં નર્મદા નદી બે કાંઠે થયો

| (એજન્સી) રાજપીપળા, તા.૨૪ |

રાજપીપળાના નર્મદા ડેમના કેચમેન્ટ વિસ્તારમાં ભારે વરસાદને કારણે ડેમમાં પાણીની સતત આવક થઈ રહી છે. ઉપરવાસમાં ધોધમાર વરસાદને લીધે હાલ પ્રતિ સેકન્ડે ૧૮ હજાર ક્યુસેક પાણી ડેમમાં પ્રવેશી રહ્યું છે. પાણીની વિપુલ આવકને પગલે નર્મદા નિગમ દ્વારા વીજ ઉત્પાદન પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. ડેમના આરબીપીએચ (રિવર બેડ પાવર હાઉસ) અને સીએચપીએચ (કેનાલ હેડ પાવર હાઉસ)ના ટર્બાઈન કાર્યરત કરી દેવાયા છે. ખાસ કરીને, આરબીપીએચના ટર્બાઈન થકી ૨૪ હજાર ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. પરિણામે, નર્મદા ડેમથી ૧૨ કિલોમીટર દૂર ગરુડેશ્વર ખાતે આવેલો વિયર ડેમ ઓવરફ્લો થઈ રહ્યો છે.આ સાથે જ, નર્મદા જિલ્લામાં પણ ચોમાસાનું વિધિવત આગમન થઈ ગયું છે. વિયર ડેમ ઓવરફ્લો થવાના કારણે નર્મદા નદી હાલ બે કાંઠે વહી રહી છે. નર્મદા ડેમથી વિયર ડેમ સુધીના ૧૨ કિલોમીટરના પટ્ટામાં નર્મદા નદીનું પાણી સંગ્રહિત થાય છે, જે આજે છલકાઈ રહ્યું છે. પ્રવાસીઓ પણ આ ભવ્ય નજારો જોઈને હરખાઈ રહ્યા છે.

# ચોમાસામાં મેલેરિયા સામે રક્ષણ મેળવવા માર્ગદર્શિકા જાહેર કરાઈ

### આ માર્ગદર્શિકા મુજબ જો શરીરમાં તાવની અસર દેખાય તો લોહીની તપાસ કરાવવી અને તપાસ દરમિયાન મેલેરિયાના લક્ષણો જોવા મળે તો તેની સંપૂર્ણ સારવાર લેવી હિતાવહ છે

| (એજન્સી) અમદાવાદ, તા.૨૪ |

રાજ્યમાં 'વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ' હેઠળ 'મેલેરિયા નિર્મૂલન' કામગીરીને વધુ સઘન બનાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તેમજ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાજ્યના નાગરિકો માટે અગમચેતીના ભાગરૂપે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. આ માર્ગદર્શિકા મુજબ જો શરીરમાં તાવની અસર દેખાય તો લોહીની તપાસ કરાવવી અને તપાસ દરમિયાન મેલેરિયાના લક્ષણો જોવા મળે તો તેની સંપૂર્ણ સારવાર લેવી હિતાવહ છે. મચ્છરથી બચવા મચ્છર વિરોધી ક્રિમ,કોઈલ અને અગરબત્તીનો ઉપયોગ કરવો. ઘરમાં અને ઘરની આજુબાજુમાં રાખવામાં આવેલા પાણી સંગ્રહના પાત્રોને હવાચુસ્ત ઢાંકણાંથી બંધ રાખવા. ઘરની આજુબાજુ પાણીનો ભરાવો ન થવા દેવો અને ભરાયેલ પાણીને સત્વરે નિકાલ કરવો. પાણીના નાના ખાડા-ખાબોચિયા પૂરી દેવા, કાયમી ભરાઈ રહેતા પાણીના તળાવોમાં પોરાભક્ષક ગપ્પી માછલીઓ અવશ્ય મુકાવડાવવી,ઘરના બારી-બારણા ખાસ કરીને સવારે તથા સાંજે બંધ રાખવા અને તેમાં મચ્છરજાળી લગાડવી, સુતી વખતે મચ્છરદાનીનો ઉપયોગ કરવો. મેલેરિયા એ ચોખ્ખા અને બંધિયાર પાણીમાં પેદા થતાં માદા એનોફિલીસ નામના મચ્છર દ્વારા એક વ્યકિતમાંથી બીજી વ્યકિતમાં ફેલાતો અને પ્લાસમોડીયમ નામના પરોપજીવી જંતુથી થતો રોગ છે. માદા એનોફિલીસ મચ્છર મેલેરિયાના દર્દીને કરડે ત્યારે પરોપજીવી જંતુને લોહી સાથે ચૂસી લે છે અને ત્યારબાદ આ મચ્છર તંદુરસ્ત વ્યકિતને કરડે ત્યારે તેને મેલેરિયાનો ચેપ લાગે છે. મેલેરિયાના રોગને જાગૃતતા થકી અટકાવી શકાય છે. ''મેલેરિયા સામેની લડતને વેગ આપી, આરોગ્યમય વિશ્વનું નિર્માણ કરીએ''ના સૂત્ર સાથે 'મેલેરિયા નિર્મૂલન' માટે રાજ્યના નાગરિકોને માર્ગદર્શિકા અનુસરવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### હિંમતનગરમાં સ્ટ્રીટ લાઈટના પોલ બ્રિજ નીચે પડ્યા, બે લોકો ઈજાગ્રસ્ત

| (એજન્સી) હિંમતનગર, તા.૨૪ |

હિંમતનગર નેશનલ હાઈવે પર સ્ટ્રીટ લાઈટના પોલ લગાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. તેવામાં નેશનલ હાઈવેનું કામ કરતી એજન્સીની બેદરકારી સામે આવી છે. સ્ટ્રીટ લાઈટના પોલ લગાવતી વખતે પોલ બ્રિજ નીચે પડ્યા હતા. બ્રિજની બાજુમાંથી પ્રસાર થતા બાઈક ઉપર પોલ પડ્યો હતો.બાઈક ચાલક સહિત એક વ્યક્તિ ઘાયલ થતા ૧૦૮ મારફતે સિવિલમાં ખસેડાયો હતો. એજન્સીની બેદરકારી દાખવી કામ કરતી હોવાથી લોકોમાં રોષ જોવા મળ્યો છે. હિંમતનગરના મોતીપુરામાં હાઈવે પર દુર્ઘટના સામે આવી છે. ક્રેનથી પોલ લગાવવાની કામગીરી દરમ્યાન પોલ બ્રિજના નીચે પડયા હતા.આ ઘટનામાં બાઈકચાલક સહિત બે વ્યક્તિ ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને તાત્કાલીક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અકસ્માતની ઘટના બાદ એજન્સીના લોકો પલાયન થઈ ગયા હતા. એજન્સીની આ ગંભીર બેદરકારી સામે કડક કાર્યવાહીની માંગ લોકો દ્વારા કરવામાં આવી છે.નૅશનલ હાઈવેની કામગીરી કરતી એજન્સીની સુરક્ષાના સાધનો વગર લોકોના જીવ જોખમાય તે રીતે કામગીરી કરી રહી હોય તેવું લાગી રહ્યું છે.

# રેલવે સંરક્ષામાં ઉત્કૃષ્ટ કામ માટે ૫ રેલવે કર્મચારી સન્માનિત



| અમદાવાદ, તા.૨૪ |

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળના મંડળ રેલવે મેનેજર (DRM) શ્રી સુધીર કુમાર શર્માએ મંડળના ૦૫ રેલવે કર્મચારીઓને સુરક્ષિત ટ્રેન સંચાલનમાં ઉત્કૃષ્ટ કામ અમલીકરણ માટે સન્માનિત કર્યા. આ રેલવે કર્મચારીઓને ડ્યૂટી દરમિયાન તેમની સજાગતા અને સતર્કતાને કારણે અમંગળ ઘટનાઓને રોકવામાં તેમના યોગદાન માટે પ્રમાણ-પત્ર અને મોમેન્ટો અર્પણ કરીને સન્માનિત કર્યા.

વરિષ્ઠ મંડળ સંરક્ષા અધિકારી શ્રી ઉમેશ પ્રસાદ મુજબ સવશ્રી ગોપાલ લાલ બૈરવા સ્ટેશન માસ્ટર વાઘપુરા, મુનીરામ મીણા લોકો પાયલોટ (ગુડ્ઝ) ગાંધીધામ, આનંદ કુમાર સ્ટેશન માસ્ટર સુરબારી, વિક્રમ સિંહ કાંટેવાલા ભદ્રેશ્વર રોડ અને શ્રી કામેન્દ્ર યાદવ કાંટેવાલા સામખ્યાળીને અમંગળ ઘટનાઓ જેમ કે વેગનોના એચએસ સ્પ્રિંગમાં ક્રેક દેખાવી, વેગનોમાં તણખા દેખાવા, વેગનમાં એડૉપ્ટર ફરી ગયેલું મળવું, વેગનથી ધુમાડો નીકળતો દેખાવા વગેરે જેવી ઘટનાઓમાં તરત જ યોગ્ય કાર્યવાહી કરીને સંભવિત નુકસાનથી બચાવ્યા છે.

મંડળ રેલવે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માએ આ સતર્ક સંરક્ષા રેલવે રક્ષકોનો ઉત્સાહ વધાર્યો અને કહ્યું કે યાત્રીઓની સંરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને જ્યારે રેલવે કર્મચારી પોતાની ડ્યૂટી દરમિયાન સજાગતા અને સતર્કતાથી કામ કરે છે તો અમને સલામત ટ્રેન વર્કિંગમાં મદદ થાય છે. અમને આ રેલવે કર્મચારીઓ પર ગર્વ છે.

### અમદાવાદના વાતાવરણમાં પલટો

# મોડી સાંજે અમદાવાદના અનેક વિસ્તારોમાં વરસાદ

| (એજન્સી) અમદાવાદ, તા.૨૪ |

સમગ્ર રાજ્યમાં હાલ વરસાદી માહોલ છે. સુરતમાં એક જ દિવસમાં ૮ ઈંચ વરસાદ વરસ્યો છે. ત્યારે અમદાવાદના વાતાવરણમાં પણ અચાનકથી મોડી સાંજે પલટો આવ્યો છે. શહેરના અનેક વિસ્તારોમાં મોડી સાંજે વરસાદ વરસ્યો હતો.

જેમાં સેટેલાઈટ, પ્રહલાદનગર, એસજી હાઈવે સહિત પૂર્વના પણ ઘણા બધા વિસ્તારોમાં મેઘરાજાએ ધડબડાટી બોલાવી હતી. ધીમી ધારે વરસાદ પડવાને કારણે બફારાથી કંટાળેલા શહેરીજનોએ હાશકારો લીધો હતો અને લોકોએ વરસાદનો આનંદ માણ્યો હતો. જોકે રાજ્યમાં આજે સૌથી વધારે વરસાદ સુરતમાં પડ્યો છે. સુરતમાં ભારે વરસાદને કારણે શહેરમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. શહેરના મોટા ભાગના વિસ્તારમાં ભારે માત્રામાં પાણી ભરાઈ ગયા છે. જેમાં સૂર્યપુર ગરનાળા પાસે ગળાડૂબ પાણી ભરાઈ ગયા હતા જેના કારણે બેંકના ૧૩ કર્મચારીઓ ફસાઈ ગયા હતા. આ કર્મચારીઓનું પોલીસ જવાનોએ ફાયર વિભાગની મદદથી રેસ્ક્યુ કર્યું છે.

પોલીસ જવાનોએ ગળાડૂબ પાણીમાં ઉતરીને આ બેંક કર્મચારીઓનું રેસ્ક્યુ કર્યું હતું. જેમાં જવાનોએ પોતાના જીવને જોખમમાં મૂકી રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. એક જ દિવસમાં અહીંયા ૮ ઈંચ વરસાદ પડતા શહેરના રોડ રસ્તા પર જાણે કે નદીઓ વહેતી હોય તેવી હાલત જોવા મળી હતી. ભારે વરસાદને કારણે અહીંયા વાહનો પણ પાણીમાં ડૂબી ગયા હતા. વરાછામાં ભારે વરસાદને લઈને જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. સતત ધોધમાર વરસાદને કારણે અહીંયા ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. જેના કારણે લોકોને ઘણી તકલીફનો સામનો કરવો પડ્યો હતો. સાથે જ અહીંયા વાહનચાલકો ખાસ કરીને વધારે હેરાન થયા હતા. ભારે વરસાદની સ્થિતિ બાદ સુરતની તમામ શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. વરસાદની સ્થિતિને જોતા DEOએ રજા જાહેર કરવા સૂચના આપી છે. શહેરમાં વિવિધ વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હોવાને કારણે શાળાએ આવેલા વિદ્યાર્થીઓને પણ સલામત રીતે જલ્દીથી જલ્દી ઘરે પહોંચે એના માટેની વ્યવસ્થા કરવાની સૂચના આપી છે.

# ૨૫ જૂન ના રોજ વડોદરા મંડળના વાસદ-રનોલી સ્ટેશનો વચ્ચે બ્લોક ના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

| અમદાવાદ, તા.૨૪ |

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ પર વાસદ-રનોલી સ્ટેશનો વચ્ચે બ્રિજ નંબર ૬૨૪ (અપ લાઈન) પર રિ-ગર્ડરિંગ કામ માટે ૨૫ જૂન ૨૦૨૫ ના રોજ બ્લોક લેવામાં આવશે. જેના કારણે અમદાવાદ મંડળ માંથી ચાલતી/પસાર થતી કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે. જે નીચે મુજબ છેઃ

**સંપૂર્ણપણે રદ કરાયેલી ટ્રેન**

૨૫ જૂન ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૧૯૦૩૬ મણિનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ રદ રહેશે.

૨૫ જૂન ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૧૯૦૩૫ વડોદરા-મણિનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ રદ રહેશે.

**આંશિક રીતે રદ કરાયેલી ટ્રેન**

૨૫ જૂન ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ અમદાવાદ અને વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

**રિશિડયુલ/રેગ્યુલેટ થનારી ટ્રેનો**

૧. ૨૫ જૂન ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૧૨૦૧૦ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ શતાબ્દી એક્સપ્રેસ ૩૦ મિનિટ રિશિડયુલ રેહશે.

૨. ૨૫ જૂન ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૧૬૫૩૩ ભગત કી કોઠી-કેએસઆર બેંગલુરુ એક્સપ્રેસ ૫૫ મિનિટ રેગ્યુલેટ રેહશે

૩. ૨૫ જૂન ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૧૨૪૭૭ જામનગર-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ ૫૦ મિનિટ રેગ્યુલેટ રેહશે.

૪. ૨૫ જૂન ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૨૦૬૨૬ ભગત કી કોઠી-એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ એક્સપ્રેસ ૪૦ મિનિટ રેગ્યુલેટ રેહશે.

યાત્રીઓને વિનંતી કરવામાં આવે છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને યાત્રા કરે. ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતીમાટે, યાત્રીઓ www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે .

## કેન્દ્ર સરકારે ૨૫ જૂનને 'સંવિધાન હત્યા દિવસ' તરીકે જાહેર કર્યો

# સંવિધાન હત્યા દિવસ : વિષ્ણુ પંડ્યાઃ ઇમરજન્સી કાળના સાક્ષી અને વાણી સ્વતંત્રતાના પ્રહરી

### કટોકટીકાળમાં લોકશાહીનાં મૂલ્યો માટે સંઘર્ષ કરનારા, યાતના વેઠનારા અને બંધારણના હિમાયતીઓને યાદ કરવાનો દિવસ

| અમદાવાદ, તા.૨૪ |

૨૫ જૂનના રોજ અમદાવાદ જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં અને દેશમાં 'સંવિધાન હત્યા દિવસ' નિમિત્તે લોકશાહીના મૂલ્યો માટે સંઘર્ષ કરનારા બંધારણના હિમાયતીઓને યાદ કરવાના હેતુથી વિશેષ કાર્યક્રમો યોજાવાના છે ત્યારે આ ઐતિહાસિક દિવસનું મહત્ત્વ શું છે, તે જાણવું જરૂરી છે. કટોકટી શું હતી અને બંધારણનું મહત્ત્વ યુવા પેઢીને જાણવા મળે તે અગત્યનું છે.

ઈતિહાસની તવારીખમાં વર્ષ ૧૯૭૫માં તત્કાલિન વડાપ્રધાન દ્વારા ૨૫મી જૂને દેશમાં કટોકટી લાદવામાં આવી હતી. મેન્ટેનન્સ ઓફ ઈન્ટરનલ સિક્યોરિટી એક્ટ (MISA) અંતર્ગત કોઈ પણ પ્રકારની ટ્રાયલ વગર કોઈ પણ વ્યક્તિની અટકાયત કરી તેને જેલભેગા કરી દેવામાં આવતા હતા.

નાગરિકોના અને પ્રેસ-મીડિયાના હક્ક અને તેમની સ્વતંત્રતાને રાતોરાત આંચકી લેવામાં આવી હતી. વર્તમાન કેન્દ્ર સરકારે કટોકટીના આ કાળા દિવસને પ્રતિવર્ષ ૨૫ જૂને 'સંવિધાન હત્યા દિવસ' તરીકે મનાવવાની જાહેરાત કરી હતી.



પદ્મશ્રીથી સન્માનિત ઈતિહાસકાર અને સાહિત્યકાર શ્રી વિષ્ણુ પંડ્યા, એક એવું નામ જે સાહિત્ય અને પત્રકારત્વ જગતમાં એક પ્રેરણાદાયક સ્થાન ધરાવે છે. હાલમાં જ તેમની સાથેની એક મુલાકાતમાં, તેમણે ૧૯૭૫ની કટોકટીના એ કાળા દિવસોના પોતાના અનુભવો વર્ણવ્યા હતા. શ્રી વિષ્ણુ પંડ્યાએ જણાવ્યું કે, જ્યારે ૨૫ જૂન, ૧૯૭૫ના રોજ દેશભરમાં કટોકટી લાગુ કરવામાં આવી, ત્યારે ગુજરાત અને તામિલનાડુ બે એવાં રાજ્યો હતાં જ્યાં તાત્કાલિક અસરથી તેનો અમલ થયો ન હતો. ગુજરાતમાં તત્કાલીન જનતા મોરચાની સરકારે કટોકટીને સ્વીકારી ન હતી. જોકે, કમનસીબે, આ સરકાર લઘુમતીમાં આવતાં પ્રધાનમંડળના રાજીનામા બાદ, ૧૩ માર્ચ, ૧૯૭૬થી ગુજરાતમાં પણ કટોકટી લાગુ પડી. અને ૧૩ માર્ચથી જ સમગ્ર ગુજરાતમાં ધરપકડોનો સિલસિલો શરૂ થયો.

દેશભરમાં કટોકટી લાગુ પડી એનો સામનો કરવા ગુજરાતમાં 'બંધારણ બચાવો પરિષદ'ની રચના થઈ હતી. મણિબેન પટેલના નેતૃત્વમાં ઠેર ઠેર સત્યાગ્રહો થયેલા. શ્રી વિષ્ણુ પંડ્યા એ સમયે 'સાધના' સામયિકના તંત્રી હતા. આ સામયિકમાં છપાતા લેખો કટોકટી વિરુદ્ધના હતા અને તે કેન્દ્ર સરકારને આંખમાં કણાની જેમ ખૂંચતા હતા.

# રાજકોટમાં ક્રિકેટ રમી પરત ફરેલા બેંક કર્મચારીનું હાર્ટ એટેકથી નિધન

### રાજકોટ શહેરના જામનગર રોડ પર પરસાણાનગરમાં રહેતા ૪૫ વર્ષીય બેંક કર્મચારી રાત્રે ક્રિકેટ રમીને આવ્યા બાદ સવારે જાગ્યા ન હતા

| (એજન્સી) રાજકોટ, તા.૨૪ |

હૃદયરોગના હુમલાથી મૃત્યુ થવાનો સિલસિલો યથાવત રહ્યો છે. રાજકોટ શહેરના જામનગર રોડ પર પરસાણાનગરમાં રહેતા ૪૫ વર્ષીય બેંક કર્મચારી વિજયભાઈ બાબુભાઈ નારોલાનું રાત્રે ક્રિકેટ રમીને આવ્યા બાદ ઊંઘમાં જ નિધન થયું હતું. તેઓ સવારે જાગ્યા ન હતા. આ ઉપરાંત, બીજા એક બનાવમાં ચોટીલાના ૨૦ વર્ષીય યુવાન રોહિતભાઈ અતુલભાઈ પરમારનું પણ હૃદય બંધ પડી જવાથી મૃત્યુ થયું હતું. જામનગર રોડ, પરસાણાનગર-૧૭ માં રહેતા વિજયભાઈ બાબુભાઈ નારોલા (ઉંમર ૪૫) રવિવારે વહેલી સવારે ઘરે બેભાન થઈ જતાં તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જોકે, તબીબે તેમને મૃત જાહેર કરતા પરિવારમાં શોક છવાઈ ગયો હતો. બેંકમાં નોકરી કરતા હતા. રાત્રે ક્રિકેટ રમીને આવ્યા હતા.બીજી ઘટનામાં, ચોટીલામાં ખીમોઈ હોટલ પાસે યોગીનગરમાં રહેતા ૨૦ વર્ષીય રોહિતભાઈ અતુલભાઈ પરમારને ઘરે શ્વાસ લેવામાં તકલીફ થવા માંડતા તેમને રાજકોટ સારવાર માટે ખસેડાયા હતા, પરંતુ ત્યાં તેમનું મૃત્યુ થયું. તેમને પણ હૃદયરોગનો હુમલો આવ્યાનું જણાવાયું હતું. ચોટીલા પોલીસે આ અંગે જરૂરી કાર્યવાહી કરી હતી.